અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

10 APRIL-2026 FRIDAY | Vol. : 17 | Issue : 277 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3

ઈરાને હોર્મુઝમાંથી સુરક્ષિત નીકળવાનો મેપ જાહેર કર્યો: કહ્યું- ધડાકાથી બચવા અમારો સંપર્ક કરો, રિપોર્ટ- પ્રતિ બેરલ 1 ડોલર....

4

માત્ર સમજૂતીથી હોર્મુઝ ખુલશે નહીં, મરિન માઈન્સ હટાવતા સમય લાગશે

6

1 રનથી રોમાંચક જીત છતાં દંડાયો કેપ્ટન શુભમન ગિલ, IPL આચાર સંહિતાનો ભંગ થતાં કાર્યવાહી

7

શેરોમાં તોફાની તેજી : ઈન્વેસ્ટરોની સંપતિમાં રૂ.16.25 લાખ કરોડનો વિક્રમી વધારો

### ભ્રષ્ટાચારીઓ પણ થશે જેલભેગા: બંગાળમાં વડાપ્રધાન મોદીની 6 ગેરંટી

# બંગાળમાં દરેક દુષ્કર્મ કેસ, જૂના કૌભાંડનો ફાઈલો ખોલાશે : મોદી

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હલ્દિયામાં જનસભા ગજવીને સત્તાધારી તૃમણૂલ કોંગ્રેસ અને મુખ્યમંત્રી મમતા બેનરજી પર આકરા પ્રહારો કર્યા છે

**કોલકાતા, તા.09**

પશ્ચિમ બંગાળમાં ૨૩ અને ૨૯ એપ્રિલે મતદાન યોજાવાનું છે, ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હલ્દિયામાં જનસભા ગજવીને સત્તાધારી તૃમણૂલ કોંગ્રેસ અને મુખ્યમંત્રી મમતા બેનરજી પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે સંબોધનમાં બંગાળમાં ભાજપની જીત માટે પ્રજા પાસે આર્શિવાદ માંગ્યા છે. આ સાથે તેમણે બંગાળની પ્રજાને છ ગેરેન્ટી પણ આપી છે. પીએમ મોદીએ સ્પષ્ટ કહ્યું છે કે, 'પશ્ચિમ બંગાળમાં ભાજપની સરકાર આવતા જ દરેક દુષ્કર્મ કેસ, જૂના કૌભાંડનો ફાઈલો ફરી ખોલવામાં આવશે અને ભ્રષ્ટાચારીઓને જેલ ભેગા કરીદેવામાં આવશે. બંગાળની પ્રજાએ દરેક અડચણો પાર કરીને અને દરેક પડકારોને હરાવવાનું મન બનાવી લીધું છે. આ ચૂંટણી સામાન્ય નથી, પણ રાજ્યમાં બદલાવની એવી આંધી છે, જે ટીએમસી સરકારની



વિદાય કરવા માટે પુરતી છે. વડાપ્રધાને એમ પણ કહ્યું કે, બંગાળની આ ચૂંટણી નાની-મોટી ચૂંટણી નથી, પરંતુ બંગાળનું ખોવાયેલું ગૌરવ અને તેની જૂની ઓળખ પરત લાવવાની લડાઈ છે. જો આપણે ખરેખર બંગાળનો વિકાસ કરવાનું સ્વપ્ન પુરુ કરવા માંગીએ છીએ તો સૌથી પહેલા આ ર્નિદર સરકારને સત્તામાંથી બહારનો રસ્તો બતાડવો પડશે. પીએમ મોદીએ વધુમાં કહ્યું કે, 'આજે આખે દેશ ઝડપી વિકાસ કરી રહ્યો છે, પરંતુ ટીએમસીની નીતિ બંગાળને પાછળ ધકેલી રહી છે. એક સમયે બંગાળ આખા દેશમાં વેપાર અને ઉદ્યોગોમાં મહત્ત્વનું યોગદાન આપતું હતું, પરંતુ આજના સમયમાં બંગાળને ઘણું પાછળ ધકેલી દેવાયું છે. એક સમયે દૂર દૂરથી લોકો હલ્દિયામાં કામ શોધવા આવતા હતા અને આજે અવી સ્થિતિ ઉભી થઈ છે કે, હલ્દિયાના લોકોએ રોજગારી મેળવવા માટે બીજા રાજ્યમાં ભાગવું પડી રહ્યું છે.'

પીએમ મોદીએ જનસભા સંબોધતી વખતે કટાક્ષ કરીને કહ્યું કે, ટીએમસીના રાજમાં રોજગારી આપતી ફેક્ટ્રીઓ બંધ થઈ ઘઈ છે, જ્યારે ઘૂસણખોરોની ફેક્ટ્રીઓ ખૂબ આગળ વધી રહી છે. તેમણે લોકોને યાદ અપાવ્યું કે, સદીઓ પહેલા હલ્દિયા સમૃદ્ધ અને સુખી શહેર હતું, પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં ત્યાંની ફેક્ટ્રીઓમાં તાળા લટકતા જોવા મળી રહ્યા છે. ત્યારબાદ વડાપ્રધાને લોકોને છ ગેરેન્ટી સમજાવી વચન આપતા કહ્યું કે, જો રાજ્યમાં ભાજપ સરકાર આવશે તો ૬ ગેરેન્ટ્રી પુરી કરવામાં આવશે.

વડાપ્રધાન મોદીની છ ગેરેન્ટ્રી

૧.ગુંડાગીરી ખતમ, કાયદાનું રાજ : ટીએમસીએ બંગાળમાં ભય અને આતંક ફેલાવીને રાખ્યો છે, તેને ભાજપ ખતમ કરશે અને રાજ્યમાં કાયદા પર વિશ્વાસ સ્થાપીત કરશે.

૨. સરકારી સિસ્ટમની જવાબદારી : રાજ્યમાં એવી સરકારી સિસ્ટમ ઉભી કરાશે, જે પ્રજાની સેવા કરવા માટે જવાબદાર રહેશે અને પ્રજાના કામ કોઈપણ અડચણ વગર પુરા થશે.

૩. તમામ ફાઈલો ખોલાશે : ટીએમસીના રાજમાં થયેલા કૌભાંડ, ભ્રષ્ટાચાર અને મહિલાઓ સાથે થયેલ અન્યાય (રેપ કેસ)ની જૂની ફાઈલો ફરી ખોલવામાં આવશે.

૪. ભ્રષ્ટાચારીને જેલમાં ધકેલાશે : પ્રજાના પૈસા લૂંટનારાઓને કોઈપણ કિંમતો છોડાશે નહીં. મોદી ભ્રષ્ટાચાર સાખી નહીં લે અને એક-એક ભ્રષ્ટાચારીને જેલમાં ધકેલવામાં આવશે.

૫. ઘૂસણખોરોની વિદાય : ભારતની જમીન પર ગેરકાયદે ઘૂસણખોરી કરવાની ક્યારે મંજૂરી અપાશે નહીં, આવા લોકો સામે કડક કાર્યવાહી કરાશે.

૬. સરકારી કર્મચારીઓને ભેટ : મોદી અને ભાજપ તમામ સરકારી કર્મચારીઓ પાસે ઉભા છે. બંગાળમાં ભાજપની સત્તા આવતાં જ સાતમો પગાર પંચ લાગુ કરાશે.

# સીઝફાયર પર સંકટ? ઈઝરાયલનો દાવો હિઝબુલ્લાહના વડાનો ભત્રીજો ઠાર

**તેલ અવીવ, તા.09**

મિડલ ઈસ્ટમાં શાંતિ સ્થાપવા માટે અમેરિકા અને ઈરાન વચ્ચે 14 દિવસના સંભવિત યુદ્ધવિરામ (સીઝફાયર)ની ચર્ચાઓ ચાલી રહી છે, ત્યારે જ આ ક્ષેત્રમાં ફરી એકવાર તણાવ ચરમસીમાએ પહોંચ્યો છે. ઈઝરાયલે દાવો કર્યો છે કે તેણે લેબનોનની રાજધાની બેરૂતમાં કરેલા હુમલામાં હિઝબુલ્લાહના વડા નઈમ કાસિમના ભત્રીજા અલી યુસુફ હરશીને ઠાર કર્યો છે.



અહેવાલો અનુસાર, ઈઝરાયલી સૈન્ય (IDF)એ દાવો કર્યો છે કે, બેરૂત વિસ્તારમાં મોડી રાત્રે એક ખાસ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. આ હુમલામાં હિઝબુલ્લાહના વડા નઈમ કાસિમના અંગત સચિવ અને તેમના ભત્રીજા અલી યુસુફ હરશીને નિશાન બનાવવામાં આવ્યો હતો. આ હુમલામાં હરશીને ઠાર માર્યો છે. જો કે, આ હુમલા અંગે હિઝબુલ્લાહ તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આપવામાં આવી નથી. અલી યુસુફ હરશી માત્ર નઈમ કાસિમનો સંબંધી સહિત સંગઠનમાં મહત્ત્વની ભૂમિકા ભજવતો હોવાનું મનાય છે. જો આ સમાચાર સાચા સાબિત થાય છે, તો આગામી દિવસોમાં હિઝબુલ્લાહ વળતો પ્રહાર કરી શકે છે, જે સીઝફાયરની આશા પર પાણી ફેરવી શકે છે.

લેબેનોનના સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યાનુસાર, ઈઝરાયલ અને હિઝબુલ્લાહ વચ્ચે શરૂ થયેલા સંઘર્ષમાં આ સૌથી લોહિયાળ દિવસ સાબિત થયો છે. આ હુમલાઓમાં અત્યાર સુધીમાં 254થી વધુ લોકોના મોત થયા છે અને 1100થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. મલબા નીચે હજુ પણ અનેક લોકો દબાયેલા હોવાથી મૃત્યુઆંક વધવાની આશંકા છે. આ આક્રમકતા બાદ હવે સવાલ ઉઠી રહ્યો છે કે શું અમેરિકા-ઈરાન યુદ્ધવિરામમાં ઈઝરાયલ સૌથી મોટો અવરોધ બની રહ્યું છે. લેબેનોનના રાષ્ટ્રપતિએ રોષે ભરાતા કહ્યું હતું કે, ઈઝરાયલ તમામ માનવીય મૂલ્યોની નેવે મૂકીને શાંતિના પ્રયાસોને નજરઅંદાજ કરી રહ્યું છે.

આ ગંભીર સ્થિતિ વચ્ચે ઈઝરાયલના પીએમ નેતન્યાહૂએ સ્પષ્ટ કર્યું છે કે લેબેનોન આ યુદ્ધવિરામનો ભાગ નથી અને હિઝબુલ્લાહ સામેની કાર્યવાહી ચાલુ રહેશે. બીજી તરફ, ઈરાને આક્રમક વલણ અપનાવતા હોર્મુઝ સ્ટ્રેટ બંધ કરી દીધો છે અને ચેતવણી આપી છે કે જો લેબેનોન પર હુમલા નહીં અટકે તો તેઓ યુદ્ધવિરામ કરારમાંથી પાછળ હટી જશે. ઈરાનના વિદેશ મંત્રી સૈયદ અબ્બાસ અરાઘચી અને પ્રમુખ મસૂદ પેજેશ્કિયાનનું કહેવું છે કે લેબેનોનમાં યુદ્ધવિરામ એ કરારની મુખ્ય શરત હતી અને જો અમેરિકા તેની પ્રતિબદ્ધતાઓ પાળવામાં નિષ્ફળ રહેશે તો શાંતિના પ્રયાસો ખોરવાઈ જશે.

# ટ્રમ્પ પર લગામની તૈયારી! ઈરાન પર હુમલા પહેલા લેવી પડશે મંજૂરી, US સંસદમાં આવશે પ્રસ્તાવ

**વોશિંગ્ટન, તા.09**

અમેરિકા અને ઈરાન વચ્ચેના વધતા તણાવની વચ્ચે હવે અમેરિકાના પોતાના રાજકારણમાં ગરમાવો આવ્યો છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પોતાની મરજીથી યુદ્ધ કે સૈન્ય હુમલા ન કરી શકે તે માટે ત્યાંના સાંસદો તેમની સત્તા પર અંકુશ લગાવવાની તૈયારી કરી રહ્યા છે. આવતા અઠવાડિયે સંસદમાં એક ખાસ પ્રસ્તાવ લાવવામાં આવશે, જે મુજબ ઈરાન પર કોઈપણ હુમલો કરતા પહેલા પ્રમુખે સંસદની મંજૂરી લેવી ફરજિયાત બનશે. વિરોધ પક્ષના નેતા ચક શૂમરનું કહેવું છે કે, દેશ અત્યારે એક ખતરનાક વળાંક પર છે, તેથી યુદ્ધ જેવા મોટા નિર્ણયો લેવાની સત્તા માત્ર એક વ્યક્તિ પાસે હોવાને બદલે સંસદ પાસે હોવી જોઈએ.



અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના આક્રમક વલણને કારણે આ વિવાદ વધુ વકર્યો છે. ટ્રમ્પે ઈરાનને ખુલ્લી ધમકી આપી હતી કે જો તેઓ સમુદ્રી માર્ગ નહીં ખોલે, તો અમેરિકા ઈરાનનો સંપૂર્ણ વિનાશ કરી દેશે. ટ્રમ્પના આવા ઉશ્કેરણીજનક નિવેદનોથી વિશ્વભરમાં ગભરાટ ફેલાયો હતો અને વિરોધ પક્ષોએ તેમની ભારે ટીકા કરી હતી. જોકે, ટ્રમ્પે અંતિમ સમયે બે અઠવાડિયા માટે યુદ્ધવિરામની જાહેરાત તો કરી, પરંતુ વિપક્ષી સાંસદો હવે એવું ઈચ્છે છે કે ટ્રમ્પ ભવિષ્યમાં પોતાની મરજીથી આવી કોઈ ખતરનાક નીતિ કે યુદ્ધના નિર્ણયો ન લઈ શકે તે માટે કાયમી પ્રતિબંધ મૂકવો જોઈએ.

અમેરિકન બંધારણ મુજબ, યુદ્ધ જાહેર કરવાનો અધિકાર સંસદ પાસે છે, પરંતુ પ્રમુખ ઘણીવાર તાત્કાલિક જોખમ અથવા ટૂંકા ગાળાની કાર્યવાહીના બહાને આ નિયમનો ભંગ કરીને પોતાની રીતે સૈન્ય નિર્ણયો લેતા હોય છે. ટ્રમ્પ આ જ છટકબારીનો ઉપયોગ કરીને લાંબા સમયથી જંગ ચલાવી રહ્યા હોવાનો આક્ષેપ છે. હાઉસ ઑફ રિપ્રેઝન્ટેટિવ્સમાં ડેમોક્રેટિક નેતા હકીમ જેફ્રીઝે પણ ટ્રમ્પના આ વલણને 'બેજવાબદાર' ગણાવીને યુદ્ધની સત્તા મર્યાદિત કરવાના પ્રસ્તાવને સમર્થન આપ્યું છે. હવે જોવાનું એ રહેશે કે રિપબ્લિકન પાર્ટીનું સામાન્ય બહુમતી ધરાવતું ગૃહ આ પ્રસ્તાવને પસાર થવા દે છે કે નહીં.

# આસામ, કેરળ, પુડુચેરીમાં મતદાન પૂર્ણ

**ભટનાગર, તા.09**

દેશના ત્રણ રાજ્યો આસામ, કેરળ અને પુડુચેરીમાં આજે વિધાનસભા ચૂંટણી માટે સાંજે 6 વાગ્યે મતદાન સમાપ્ત થયું. હવે તે મતદારો મતદાન કરી શકશે જેઓ સાંજે 6 વાગ્યા સુધી બૂથ પર લાઈનમાં ઉભા હતા. ચૂંટણી પંચ અનુસાર સાંજે 5 વાગ્યા સુધી આસામમાં 84.42%, કેરળમાં 75.01% અને પુડુચેરીમાં 86.92% મતદાન થયું છે.

પુડુચેરીના મન્નાદિપેટમાં પોલિંગ બૂથ પર કોંગ્રેસ અને ભાજપના સમર્થકો વચ્ચે ઝપાઝપી થઈ હતી. પોલીસે ભીડ પર લાઠીચાર્જ કર્યો. પુડુચેરીના સીએમ રંગાસ્વામી મતદાન કરવા માટે મોટરસાયકલ પર પોલિંગ બૂથ પહોંચ્યા.

કેરળમાં પૂર્વ રક્ષા મંત્રી અને કોંગ્રેસ નેતા એ.કે. એન્ટનીએ તિરુવનંતપુરમમાં મતદાન કર્યું. તેમણે મીડિયાને કહ્યું- કેરળના લોકો ભાજપને પસંદ નથી કરતા. રાજ્યમાં 10 વર્ષના કુશાસનની સરકાર છે. તેથી આ વખતે સરકાર બદલાશે.

જ્યારે, આસામના સીએમ હિમંતા બિસ્વા સરમાએ ગુવાહાટીમાં મા કામાખ્યા મંદિરમાં



પૂજા કરી છે. ત્યારબાદ બપોરે પત્ની સાથે જાલુકવારીમાં મતદાન કર્યું.

આસામમાં 126 બેઠકો પર 41 પક્ષોના 722 ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે. જ્યારે કેરળમાં 2.71 કરોડ મતદારો 890 ઉમેદવારોમાંથી પોતાના નેતા પસંદ કરશે. પુડુચેરીમાં 20 પક્ષોના 294 ઉમેદવારો પોતાનું નસીબ અજમાવી રહ્યા છે. ત્રણેય રાજ્યોમાં લગભગ 10 લાખથી વધુ મતદારો પ્રથમ વખત મતદાન કરશે.

ત્રણ રાજ્યોની ચાર વિધાનસભા બેઠકો પર ગુરુવારે પેટાચૂંટણી માટે મતદાન થઈ રહ્યું છે. નાગાલેન્ડના કોરિડાંગ વિધાનસભા ક્ષેત્રમાં બપોરે 3 વાગ્યા સુધીમાં 75.06% મતદાન થયું. જ્યારે ત્રિપુરાના ધર્મનગરમાં 70.09% મતદારોએ મત આપ્યા.

કર્ણાટકમાં બાગલકોટ અને દાવણગેરે સાઉથમાં અનુક્રમે 54.82% અને 49.66% મતદાન થયું. આ ચૂંટણીઓ વર્તમાન ધારાસભ્યોના નિધનથી ખાલી પડેલી બેઠકો પર યોજાઈ છે, જેમાં રાષ્ટ્રીય અને પ્રાદેશિક પક્ષો વચ્ચે મુકાબલો થઈ રહ્યો છે.

આસામના ખોવાંગના કુતુહામાં ચૂંટણી સંબંધિત હિંસાની ઘટના સામે આવી છે, જેના કારણે વિસ્તારમાં તણાવ ફેલાયો છે. પોલીસ ટીમો ઘટનાસ્થળે પહોંચી ગઈ છે અને પરિસ્થિતિને કાબૂમાં લીધી છે.

કોટ્ટાયમ (કેરળ) માં પૂર્વ મુખ્યમંત્રી ઓમન ચાંડીના પુત્ર, કોંગ્રેસના ઉમેદવાર ચાંડી ઓમને ગુરુવારે પુથુપલ્લીમાં માતા અને બહેન સાથે મતદાન કર્યું. તેઓ વિરોધના પ્રતીક તરીકે કાળા કપડાં પહેર્યા હતા. પુથુપલ્લી પેટાચૂંટણી જીતનાર ચાંડી ઓમન હવે યુડીએફ, એલડીએફ અને એનડીએ વચ્ચેની મહત્વપૂર્ણ સ્પર્ધામાં યુડીએફના ગઢને જાળવી રાખવાનો પ્રયાસ કરી રહ્યા છે. ઓમને ભાવુક સ્વરમાં કહ્યું કે આ તે દિવસ છે જ્યારે પુથુપલ્લી અને કેરળ એલડીએફ સરકાર વિરુદ્ધ મતદાન કરી રહ્યા છે.

મારા વિરોધ કરવાના ઘણા કારણો છે, માત્ર એક નહીં. તેમણે કહ્યું કે મારા પિતાને માત્ર બે-ત્રણ વર્ષ નહીં, પરંતુ નવ વર્ષ સુધી પરેશાન કરવામાં આવ્યા, ભલે એલડીએફ વિપક્ષમાં હોય કે સરકારમાં. તેમણે સૌર ઉર્જા કેસનો ઉલ્લેખ કર્યો, જેમાં પૂર્વ CM પર જાતીય સતામણીનો આરોપ લાગ્યો હતો, જેને CBIએ તપાસ પછી ક્લીન ચિટ આપી દીધી હતી.

આસામ: બોડોલેન્ડ ટેરિટોરિયલ કાઉન્સિલ (BTC)ના વડા હાગ્રામા મોહિલારીએ કહ્યું કે તામુલપુરમાં હિંસા માટે જવાબદાર લોકો સામે કાર્યવાહી થવી જોઈએ.

પુડુચેરીમાં એક મહિલા મતદારે કહ્યું, અહીં ઘણો વિકાસ થયો છે. હું સરકાર અને આપણા બધા માટે કામ કરનારાઓનો આભાર માનું છું. કોટ્ટાયમ (કેરળ) માં પૂર્વ મુખ્યમંત્રી ઓમન ચાંડીના પુત્ર, કોંગ્રેસના ઉમેદવાર ચાંડી ઓમને ગુરુવારે પુથુપલ્લીમાં માતા અને બહેન સાથે મતદાન કર્યું. તેઓ વિરોધના પ્રતીક તરીકે કાળા કપડાં પહેર્યા હતા. પુથુપલ્લી પેટાચૂંટણી જીતનાર ચાંડી ઓમન હવે યુડીએફ, એલડીએફ અને એનડીએ વચ્ચેની મહત્વપૂર્ણ સ્પર્ધામાં યુડીએફના ગઢને જાળવી રાખવાનો પ્રયાસ કરી રહ્યા છે. ઓમને ભાવુક સ્વરમાં કહ્યું કે આ તે દિવસ છે જ્યારે પુથુપલ્લી અને કેરળ એલડીએફ સરકાર વિરુદ્ધ મતદાન કરી રહ્યા છે.

AIUDF અધ્યક્ષે મૌલાના બદરુદ્દીન અજમલે આસામના હોજાઈમાં મતદાન કર્યું. તેમણે કહ્યું, 'હું શિક્ષણમાં પરિવર્તન ઈચ્છું છું, હું કૃષિમાં પરિવર્તન ઈચ્છું છું, હું વિજ્ઞાન અને ટેકનોલોજીમાં પરિવર્તન ઈચ્છું છું, હું મેડિકલ ક્ષેત્રમાં પરિવર્તન ઈચ્છું છું. હું ઈચ્છું છું કે લોકો શિક્ષિત બને અને પરિવર્તન વિશે વાત કરે.'



# પૂર્વ વિસ્તારમાં તસ્કરોનો તરખાટ: અમરાઈવાડી, દાણીલીમડા અને જશોદાનગરમાંથી સોના- ચાંદીના દાગીના અને રોકડની ચોરી

અમદાવાદ, તા.09

શહેરના પૂર્વ વિસ્તારમાં તસ્કરોનો તરખાટ જોવા મળ્યો છે. અમરાઈવાડી, જશોદાનગર, શાહઆલમ, ઈસનપુર અને વટવા વિસ્તારમાં ચોરીના બનાવો બન્યા છે. રાત્રે અજાણ્યા શખ્સો દ્વારા ઘરમાંથી રોકડા રૂપિયા અને સોના ચાંદીના દાગીનાની ચોરી કરી છે. પાંચેય વિસ્તારમાં સોના ચાંદીના દાગીના અને રોકડા રૂપિયા સહિત 10 લાખના મુદ્દા માલની ચોરી થઈ છે. સમગ્ર મામલે પોલીસ દ્વારા ગુનો નોંધી તપાસ શરૂ કરવામાં આવી છે.




શહેરના અમરાઈવાડી વિસ્તારમાં શ્રીરામ રો હાઉસમાં રહેતા ભાવેશભાઈ જઈને અમરાવાડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, 7થી 8 એપ્રિલ દરમિયાન તેમનું મકાન બંધ હતું, ત્યારે કોઈ અજાણ્યા વ્યક્તિ દ્વારા ઘરનું લોક તોડી તેમાં રહેલા સોનાના દાગીના જમા મંગળસૂત્ર કાનની બુટ્ટી સોનાની વીંટી ચેન ચાંદીના કડા અને રોકડા રૂપિયા એક લાખ મળી 6.28 લાખ રૂપિયાની ચોરી કરી છે. અમરાઈવાડી પોલીસ દ્વારા ગુનો નોંધી તપાસ શરૂ કરવામાં આવી છે.

જશોદાનગર વિસ્તારમાં શિવાનંદ બંગલોઝમાં રહેતા ચંદ્રશેખર પોદ્દારે વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, 5 એપ્રિલથી 8 એપ્રિલ સુધીના સમયગાળા દરમિયાન કોઈપણ સમયે અજાણ્યા વ્યક્તિઓ તેમના મકાનના રસોડાના દરવાજાનું લોક તોડી અને મકાનમાં પ્રવેશી બેડરૂમમાં તેમજ ઉપરના માળે રાખેલા તિજોરીના લોક તોડી સોના-ચાંદીના દાગીના મળી કુલ 1.90 લાખ રૂપિયાની ચોરી કરી લીધી હતી. સમગ્ર મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

શાહઆલમ વિસ્તારમાં નાગોરીની ચાલીમાં રહેતા હલીમાં બીબી તલાટે દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે 4 એપ્રિલથી 8 એપ્રિલ સુધીના સમયગાળા દરમિયાન અજાણ્યા વ્યક્તિએ ઘરનું તાળું તોડી તિજોરીમાં રહેલા રોકડા રૂ. 10 હજાર અને સોનાની બુટ્ટી તેમજ ચાંદીની ઝાંઝરી મળી 82 હજાર રૂપિયાની મતાની ચોરી કરી છે, જેને લઈને દાણીલીમડા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

જ્યારે વટવા વિસ્તારમાં સહારા ફ્લેટમાં રહેતા સકીનાખાતુન પઠાણે અથવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, 5 એપ્રિલના રોજ રાત્રે 9:00 વાગ્યાની આજુબાજુ વટવા મુરલીધર સોસાયટીની બાજુમાં આવેલી મહિમા જ્વેલર્સ નામની દુકાન પાસે ફૂટપાથ પર તેમની સોનાની બાલી અને જુમખીની દાગીના ભરેલી થેલીની વ્યક્તિ નજર ચૂકવીને ચોરી કરી જતો રહ્યો હતો. જ્યારે ઈસનપુર મિલનનગરમાં રજબ શેઠની ચાલીમાં રહેતા મહેબુબભાઈ સૈયદને મફતમાં સરકારી મકાન અને બીજી સરકારી યોજનાના ફોર્મ ભરવાનું જણાવી નજર ચૂકવી 35,000ની મત્તા ચોરી કરી તસ્કર ફરાર થઈ ગયો છે. સમગ્ર મામલે પોલીસ દ્વારા ગુનો નોંધી તપાસ કરવામાં આવી છે.

# AMTS બસની રોંગ સાઈડમાં જતાં એક્ટિવાને જોરદાર ટક્કર

## મોત જોઈને યુવતીની ચીસ નિકળી ગઈ, ઉપરથી ટાયર ફરતા-ફરતા સહેજમાં રહી ગયું, મોપેડ ફસાઈ ગયું

અમદાવાદ, તા.09

અમદાવાદમાં શાહઆલમ ટોલનાકા પાસે 8 એપ્રિલની સાંજના સમયે એએમટીએસ બસે એક્ટિવા સવાર બે યુવતીની અડફેટે લીધી હતી. પૂર ઝડપે આવતી AMTS બસે જોઈને એક્ટિવા સવાર યુવતીની ચીસ નીકળી ગઈ હતી અને જોરદાર ટક્કર થઈ હતી. આ અકસ્માતમાં બસના આગળના ભાગે એક્ટિવા ફસાઈ જતાં બન્ને યુવત પરથી બસનું ટાયર ફરતા-ફરતા સહેજમાં રહી ગયું હતું. આ સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ સામે આવ્યાં છે.



સીસીટીવીમાં જોવા મળી રહ્યું છે કે, એક એક્ટિવા ઉપર બે યુવતી ચાર રસ્તા પરથી રોંગ સાઈડમાં જઈ રહી છે. આ દરમિયાન એએમટીએસ પૂર ઝડપે આવી રહી હતી અને બસની સ્પીડ પણ વધારે હોવાના કારણે યુવતીઓ બસના આગળના ભાગે ટકરાઈ હતી. એક્ટિવા પણ બસના આગળના ટાયર નીચે ફસાયું હતું. અકસ્માતનો જોરદાર અવાજ સાંભળીને આસપાસના લોકો ભેગા થઈ ગયા હતા અને યુવતીઓને ખેંચીને બહાર કાઢી હતી.


આ ઘટનામાં સદનસીબે બન્ને યુવતીનો આબાદ બચાવ થયો છે. આ સમગ્ર મામલે કે ડિવિઝન ટ્રાફિક પોલીસે તપાસ હાથ ધરી છે. નોંધનિય છે કે, અમદાવાદમાં AMTS બસના ચાલકો બેફામ બસ ચલાવી અન્ય લોકોના જીવ જોખમમાં મુકી રહ્યાં છે. સાત દિવસ પહેલાં પૂર્વ વિસ્તારમાં આવેલા સરદાર ચોકથી વિજય પાર્ક તરફ જવાના માર્ગ પર એક બળદગાડાને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં બળદ અને વૃદ્ધને ઈજા પહોંચી હતી. આ ઘટનાના પણ સીસીટીવી ફૂટેજ સામે આવ્યાં હતાં.

# ચેક રિટર્ન કેસનો આરોપી ઝડપાયો: ખંભાત કોર્ટ દ્વારા સજા ફટકારાયા બાદ નાસતો ફરતો હતો

આણંદ, તા.09

આણંદ જિલ્લા પોલીસે ચેક રિટર્ન કેસમાં સજા પામેલા અને લાંબા સમયથી ફરાર આરોપીને ઝડપી પાડ્યો છે. ખંભાત સિટી પોલીસે આ કાર્યવાહી પોલીસ અધિક્ષક જી.જી. જસાણીની સૂચના હેઠળ કરી હતી.

આરોપી અજમતઅલી અસગરઅલી શેખ (રહે. આઝાદનગર, કંસારી, ખંભાત)ને પ્રિન્સિપાલ સીનીયર સીવીલ જજ અને એડી. ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ દ્વારા સજા ફટકારવામાં આવી હતી. આ સજા નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ 138 હેઠળ નોંધાયેલ સી.સી નં.129/2025, 503/2025 અને 394/2025 ના કેસમાં થઈ હતી. સજા થયા બાદ આરોપી ફરાર હતો.



બાતમી મુજબ, આરોપી હાલ ખંભાતના ત્રણલીમડી વિસ્તારમાં છુપાયેલો હતો. આ માહિતીના આધારે પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી આરોપીને દબોચી લીધો હતો. પોલીસે આરોપીની અટકાયત કરી તેના વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ખંભાત પાલિકા ચૂંટણી: 3 દિવસમાં એકપણ ફોર્મ ભરાયું નથી: ભ્રષ્ટાચાર સામે રોષ, શિક્ષિત અને સ્વચ્છ છબીના ઉમેદવારોની માગ

આણંદ, તા.09

ખંભાત નગરપાલિકાની આગામી ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો તેજ બન્યો છે. છેલ્લા ત્રણ દિવસમાં એક પણ ઉમેદવારી પત્ર ભરાયું નથી, જે મતદારોના બદલાયેલા મિજાજને દર્શાવે છે. રાજકીય પક્ષો પણ ઉમેદવારોને મેદાનમાં ઉતારવા મૂંઝવણમાં મુકાયા છે.

છેલ્લા પાંચ વર્ષના વહીવટથી ત્રસ્ત થયેલી જનતા હવે પરિવર્તનના મૂડમાં છે. તેઓ રાજકીય પક્ષો પાસે 'શિક્ષિત અને સ્વચ્છ છબી' ધરાવતા ઉમેદવારોની અપેક્ષા રાખી રહ્યા છે. સ્થાનિક સૂત્રો અનુસાર, પૂર્વ કાઉન્સિલરો સામે લોકોમાં ભારે રોષ છે.



વિકાસના કામોમાં ઉદાસીનતા, ભ્રષ્ટાચાર અને નબળા વહીવટને કારણે ખંભાતની જનતા પાયાની સુવિધાઓ માટે પણ સંઘર્ષ કરી રહી છે. ગંદકી, પાણીની સમસ્યા અને ખખડધજ રસ્તાઓ જેવા મુદ્દાઓ આ વખતે ચૂંટણીના મુખ્ય એજન્ડા બનશે. આ ચૂંટણીમાં શિક્ષિત, ભ્રષ્ટાચારમુક્ત અને સ્પષ્ટ છબી ધરાવતા યુવાનોને મેદાને ઉતારવા માટે સોશિયલ મીડિયા અને જાહેર ચર્ચાઓમાં જોર પકડાયું છે. જો મુખ્ય રાજકીય પક્ષો ફરી એકવાર જૂના ચહેરાઓને ટિકિટ આપશે, તો ચૂંટણીનો જંગ તેમના માટે મુશ્કેલ બની શકે છે.

ચૂંટણી વિશ્લેષકોનું માનવું છે કે, જો રાજકીય પક્ષો યોગ્ય ઉમેદવારોની પસંદગી નહીં કરે, તો સક્ષમ અપક્ષ ઉમેદવારો આ વખતે મોટું પરિવર્તન લાવી શકે છે અને મુખ્ય પક્ષોનો ખેલ બગાડી શકે છે.

ખંભાત પાલિકાના છેલ્લા કેટલાક સમયના વહીવટથી સામાન્ય નાગરિકો ત્રાહિમામ પોકારી ગયા છે. જનતા હવે માત્ર પક્ષનો સિમ્બોલ જોઈને નહીં, પણ ઉમેદવારની લાયકાત જોઈને મત આપવા મક્કમ જણાય છે. ભ્રષ્ટાચારમુક્ત અને પ્રામાણિક ઉમેદવારો જ આ વખતે ચૂંટણીને રસપ્રદ બનાવશે. કયો પક્ષ જનતાની આ અપેક્ષાઓ પર ખરો ઉતરે છે અને કયા નવા ચહેરા મેદાને આવે છે, તેના પર સૌની મીટ મંડાયેલી છે.

# નડિયાદ કોર્પોરેશનની ચૂંટણી: કોંગ્રેસના 6 ઉમેદવારોએ ફોર્મ ભર્યા: પૂર્વ સાંસદ દિનશા પટેલની હાજરીમાં શક્તિપ્રદર્શન સાથે હાર્દિક ભટ્ટ સહિતનાઓએ ઉમેદવારી નોંધાવી

નડિયાદ, તા.09

ખેડા જિલ્લાના મુખ્ય મથક નડિયાદ ખાતે આગામી કોર્પોરેશનની ચૂંટણીને લઈને રાજકીય ગરમાવો તેજ બન્યો છે. કોંગ્રેસ પક્ષે આજે ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયાનો પ્રારંભ કર્યો હતો. પ્રથમ દિવસે શહેર કોંગ્રેસ પ્રમુખ હાર્દિક ભટ્ટ અને પૂર્વ વિધાનસભા ઉમેદવાર જીતેન્દ્ર પટેલ સહિત કુલ 6 ઉમેદવારોએ પોતાના ઉમેદવારી પત્રો ચૂંટણી અધિકારી સમક્ષ રજૂ કર્યા હતા.

આ પ્રસંગે કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને પૂર્વ સાંસદ દિનશા પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે તમામ ઉમેદવારોને જીત માટે આશીર્વાદ આપ્યા હતા અને ચૂંટણી પ્રક્રિયામાં જોડાવા બદલ પ્રોત્સાહિત કર્યા હતા. દિનશા પટેલની હાજરીને કારણે સ્થાનિક કાર્યકરોમાં નવો ઉત્સાહ જોવા મળ્યો હતો.

ઉમેદવારી ફોર્મ ભરવા જતા પહેલા કોંગ્રેસ દ્વારા ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ડીજેના તાલે અને બાઈક રેલી મારફતે ઉમેદવારો શહેરના મુખ્ય માર્ગો પરથી પસાર થઈને ચૂંટણી અધિકારીની કચેરી સુધી પહોંચ્યા હતા. આ રેલી દરમિયાન કોંગ્રેસના ઝંડા અને સૂત્રોચ્ચાર સાથે વાતાવરણ ચૂંટણીમય બન્યું હતું.



ઉમેદવારી પત્ર ભર્યા બાદ મીડિયા સાથેની વાતચીતમાં શહેર કોંગ્રેસ પ્રમુખ હાર્દિક ભટ્ટે જણાવ્યું હતું કે, આ ચૂંટણી તેઓ શહેરના સર્વાંગી વિકાસ માટે લડી રહ્યા છે. તેમણે જનતાને અપીલ કરતા કહ્યું કે નડિયાદના વિકાસ માટે કોંગ્રેસ પક્ષ પર એકવાર વિશ્વાસ મૂકવામાં આવે. તેમણે શહેરની પ્રાથમિક સુવિધાઓ અને અન્ય પ્રશ્નોના નિરાકરણ માટે કોંગ્રેસ કટિબદ્ધ હોવાનો દાવો કર્યો હતો. કોર્પોરેશનની આ ચૂંટણીમાં કોંગ્રેસે પ્રથમ તબક્કે પોતાના મજબૂત ગણાતા ઉમેદવારોને મેદાનમાં ઉતારીને પ્રચારના શ્રીગણેશ કર્યા છે. આવનારા દિવસોમાં અન્ય વોર્ડના ઉમેદવારો પણ પોતાના ફોર્મ ભરે તેવી શક્યતા છે. નડિયાદના રાજકારણમાં કોર્પોરેશનની આ ચૂંટણી અત્યંત મહત્વની માનવામાં આવી રહી છે. વહીવટી તંત્ર દ્વારા પણ ઉમેદવારી ફોર્મ સ્વીકારવાની પ્રક્રિયાને લઈને ચુસ્ત બંદોબસ્ત રાખવામાં આવ્યો હતો. કોંગ્રેસની રેલી અને શક્તિપ્રદર્શનને જોતા કચેરીની આસપાસ સુરક્ષા વ્યવસ્થા જાળવવામાં આવી હતી.

# ડાકોરમાં તિલક બાદ દક્ષિણા આપવા બાબતે હોબાળો: શ્રદ્ધાળુ પરિવાર સાથે તિલક કરનારે અયોગ્ય વર્તન કર્યું હોવાનો આક્ષેપ, મામલો ગરમાતા પોલીસ પહોંચી

નડિયાદ, તા.09

યાત્રાધામ ડાકોરમાં રણછોડરાયજીના દર્શને આવેલા એક શ્રદ્ધાળુ પરિવાર અને ત્યાં તિલક કરતા વ્યક્તિ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. તિલક બાદ દક્ષિણા આપવા બાબતે બબાલ થઈ હતી. જેમાં તિલક કરનાર શખ્સે પરિવાર સાથે અયોગ્ય વર્તન કર્યું હોવાના આક્ષેપ કરાયા છે. મામલો ગરમાતા પોલીસ પહોંચી હતી. આ મામલે અરજદારની ફરિયાદ લેવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. મળતી માહિતી મુજબ, ડાકોર મંદિરમાં દર્શન કરવા આવેલા એક પરિવારને એક શખ્સે તિલક કર્યું હતું. તિલક કર્યા બાદ દક્ષિણા આપવા બાબતે બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. શ્રદ્ધાળુ પરિવારે આક્ષેપ કર્યો છે કે, તિલક કરનાર વ્યક્તિએ જાહેરમાં તેઓની સાથે અયોગ્ય વર્તન કર્યું હતું. તિલક કરનાર વ્યક્તિના અયોગ્ય વર્તનથી દર્શનાથી પરિવારે તાત્કાલિક આ સમગ્ર ઘટનાનો વીડિયો મોબાઈલમાં કેદ કરી લીધો હતો. ભક્તોએ આ અંગે પ્રથમ મંદિર પ્રશાસનને ફરિયાદ કરી હતી, પરંતુ મામલો ગંભીર જણાતા તુરંત 112 નંબર પર પોલીસને જાણ કરવામાં આવી હતી. ઘટનાની જાણ થતા જ 112 પોલીસની ટીમ તાત્કાલિક મંદિર પરિસરમાં દોડી આવી હતી. પોલીસે સ્થળ પર પહોંચી અરજદાર પરિવારની રજૂઆત સાંભળી હતી. જે બાદ તિલક કરનાર વ્યક્તિને પોલીસ મથકે લઈ જવામાં આવ્યાં હતા. અરજદારને પણ પોલીસ સ્ટેશન બોલાવી અરજદારની ફરિયાદ લેવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

# 'સૂરજ દાદા આથમણા ઉગશે ત્યારે ભાજપનો ખેસ પહેરીશ': આવું કહેનારા રાજુ કરપડા ભાજપમાં જોડાયા

અમદાવાદ, તા.09

અગાઉ જ્યારે તેઓ AAPમાં હતા ત્યારે ડંફાસ મારતા હતા કે સૂરજ દાદા આથમણા ઉગશે ત્યારે ભાજપનો ખેસ પહેરીશ. હાલમાં તેઓ ભાજપમાં જોડાયા છે ત્યારે તેમનો આ ડંફાસ મારતો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ રહ્યો છે.

રાજુ કરપડા ભાજપમાં જોડાતા જ તેમની સાથે જેલમાં રહેલા AAP નેતા પ્રવીણ રામે પ્રહાર કર્યો કે જેલમાં જ ખેડૂતોના આંદોલનનો સોદો થઈ ગયો હતો.

સ્થાનિક સ્વરાજની ચૂંટણી માટે આમ આદમી પાર્ટીએ આજે તાલુકા પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકાના ઉમેદવારોનું નવમું લિસ્ટ જાહેર કર્યું છે. સાથે જ આજે ભાજપની પ્રથમ યાદી જાહેર થઈ ગઈ છે અને કોંગ્રેસની બીજી યાદી જાહેર થઈ શકે છે.

સુરતમાં AAP અને ભાજપના સામસામે કાર્યાલય ખૂલ્યા છે, તો રાજકોટમાં 'દેશી દારૂની પોટલી અહીંયા મળે છે'ના બેનર લાગ્યા છે. પૂર્વ IPS મનોજ નીનામા અરવલ્લી જિલ્લાના ઓડ જિલ્લા પંચાયતની ચૂંટણી પરથી ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા છે.

પાલિકા-પંચાયતની ચૂંટણી માટે અંતે ભાજપ દ્વારા ઉમેદવારોની જાહેરાત શરૂ કરી છે. સૌ પ્રથમ સુરેન્દ્રનગર મહાનગરપાલિકાની તમામ બેઠકોના ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવી છે. આ ઉપરાંત અરવલ્લી જિલ્લામાં જિલ્લા પંચાયત, નગરપાલિકા અને તાલુકા પંચાયતા ઉમેદવારોના નામની જાહેરાત કરવામાં આવી છે. એક અરજદારે અરજી કરી હતી કે પહેલા તે દસક્રોઈ રહેતો હતો. ત્યારબાદ અરવલ્લી ખાતે રહેવા જતા તેને નામ બાયડની મતદાર યાદીમાં સમાવેશ કરવા અરજી આપી હતી. હવે તે બાયડની ચૂંટણીમાં ભાગ લેવા માંગે છે, પરંતુ તેનું નામ દસ્ક્રોઈમાં બોલે છે. આથી હાઈકોર્ટે અરજદારની બાહેંધરી માગી હતી કે તે અમદાવાદની ચૂંટણી પ્રક્રિયામાં ભાગ લેશે નહીં તેવી બાહેધરી આપે. આ સાથે જ અરજદારની અરજી ગ્રાહ્ય રાખવામાં આવી હતી.

વાપીના એક વકીલે અરજી કરી હતી. જેના જણાવ્યા મુજબ તે વાપીના છરવડા વિસ્તારની રાજમોતી સોસાયટીમાં રહે છે. SIR બાદ બ્લોક લેવલ ઓફિસરે તેનું નામ વાપી નગરપાલિકાની યાદીમાંથી હટાવી દીધું હતું, તેનું નામ વિધાનસભાની મતદાર યાદીમાં છે. તે પોતે વકીલ હોવાથી સવારે 11થી 5માં ઘરે ના હોય અને કામે હોય તેવું બની શકે. વળી વાપી હવે નગરપાલિકામાંથી મહાનગરપાલિકા બન્યું છે. છરવડા વિસ્તાર વાપી નગરપાલિકાનો ભાગ છે.

તેનું નામ વાપીની મતદાર યાદીમાંથી બાદ થયું હોવાની ખબર પડતાં ફોર્મ 6 ભર્યું હતું. તેમ છતાં તેનું નામ મતદાર યાદીમાં સામેલ થયું નથી. તે વાપીના મહાનગરપાલિકાની ચૂંટણી લડવા માટે એક ઉમેદવાર છે. આશ્ચર્યજનક વાત એ છે કે તે એક સોસાયટીમાં ચોથા માળે રહે છે. તેનું નામ મતદાર યાદીમાં નથી. પરંતુ નીચેના ત્રણ માળમાં રહેતા લોકોના નામ મતદાર યાદીમાં છે, તે કેવી રીતે સંભવ બને?

જો કે સામા પક્ષના વકીલે કહ્યું હતું કે અરજદારનું નામ GIDC વિસ્તારમાં બોલી રહ્યું છે. અરજદારનું કહેવું હતું કે તે વાપી મહાનગરપાલિકાની ચૂંટણીમાં ઝંપલાવી રહ્યો છે અને તેની પાસે પાર્ટીનો મેન્ડેટ પણ આવી ચૂક્યો છે. હાઈકોર્ટે અરજદારની અરજી ગ્રાહ્ય રાખીને તેનું નામ વોર્ડ નંબર 5ની મતદાર યાદીમાં સમાવેશ કરવા હુકમ કર્યો છે.

પોરબંદર મહાનગરપાલિકાની ચૂંટણી અંતર્ગત એક સંભવિત ઉમેદવારે હાઈકોર્ટમાં અરજી દાખલ કરી હતી. જે મુજબ તેનું નામ પોરબંદર વિધાનસભાની મતદાર યાદીમાં છે, પરંતુ પોરબંદર મહાનગરપાલિકાની યાદીમાં નથી. પોરબંદર મહાનગરપાલિકાની ચૂંટણીઓ જાહેર થઈ ચૂકી છે, એક સંભવિત ઉમેદવાર છે અને ફોર્મ ભરવાની છેલ્લી તારીખ 11 એપ્રિલ છે. આ સંદર્ભે તેને સંબંધિત અધિકારીને વારંવાર તેનું નામ પોરબંદર મહાનગરપાલિકાની યાદીમાં સમાવવા રજૂઆત કરી હતી. જેને અધિકારીએ માન્ય પણ રાખી હતી. તેમ છતાં ફાઈનલ



વોટર લિસ્ટમાં તેનું નામ નહોતું. તેના રહેણાંકના આજુબાજુના લોકોના નામ પણ મતદાર યાદીમાં છે. જો કે સામા પક્ષે વકીલનું કહેવું હતું કે તે કોર્પોરેશન એરિયાની બહાર રહે છે. જો કે હાઈકોર્ટે અરજદારની અરજી માન્ય રાખતા વોર્ડ નંબર 9ની મતદાર યાદીમાં તેનું નામ સમાવવા નિર્દેશ આપ્યા છે. ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની જાહેરાત થઈ ચૂકી છે. જેને લઈને SIR બાદ મતદાર યાદી પણ જાહેર થઈ ચૂકી છે. આ ચૂંટણીઓ અને મતદાર યાદીને લઈને ઉમેદવારો તેમજ સંભવિત ઉમેદવારો ગુજરાત હાઈકોર્ટમાં પહોંચી રહ્યા છે.

અમદાવાદમાં ચાંદખેડાની બેઠકને લઈને ભાજપમાં આંતરિક ખેંચતાણ જોવા મળી રહી છે. ચાંદખેડા વોર્ડમાં જનરલ સીટ પરથી એક હિન્દીભાષી સીટ માટે ભાજપમાં આંતરિક વિખવાદ જોવા મળી રહ્યો છે. ભાજપના પ્રદેશના હોદ્દેદારનું નામ ચાંદખેડા વોર્ડની બેઠક પર ચર્ચાઈ રહ્યું છે ત્યારે સ્થાનિક કાર્યકર્તા દ્વારા આ મામલે રજૂઆત કરવામાં આવી છે. ચાંદખેડા વોર્ડની બેઠકમાં બંને નેતાઓની દાવેદારી માટે અંદરો અંદર વિખવાદ સામે આવ્યો છે. બંને વચ્ચે બોલાચાલી થઈ હતી. વોર્ડ પ્રમુખ, પૂર્વ કોર્પોરેટર સહિતના કાર્યકર્તાઓની હાજરીમાં બોલાચાલી થઈ હતી. અમદાવાદ મહાનગરપાલિકાની 192 બેઠક માટે આવતીકાલે 10 એપ્રિલે પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં ઉમેદવારોના નામ ઉપર ચર્ચા કરવામાં આવશે. દરેક વોર્ડમાં 12 નામો આપવામાં આવ્યા છે. પાર્લામેન્ટ્રી બોર્ડમાં નામ આવ્યા બાદ આવતીકાલે બપોરે 1 વાગ્યા બાદ તમામ ઉમેદવારોને ટેલીફોનિક જાણ કરી તૈયાર રહેવા સૂચના આપવામાં આવશે.

ગુજરાતમાં ચૂંટણી નજીક આવતા રાજકીય માહોલ ગરમાયો છે. આમ આદમી પાર્ટીના નેતા મનોજ સોરઠીયાએ ભાજપ પર ગંભીર આક્ષેપો કર્યા છે. તેમણે જણાવ્યું કે ચૂંટણી જેમ જેમ નજીક આવે છે તેમ ભાજપની FIR કરવાની નીતિ વધુ મજબૂત બનતી જાય છે. મનોજ સોરઠીયાના જણાવ્યા અનુસાર, આજે પણ AAPના ઉમેદવારો અને કાર્યકર્તાઓ પર FIR નોંધાઈ છે. તેમણે કહ્યું કે આ સ્થિતિ સ્પષ્ટ દર્શાવે છે કે ભાજપ AAPથી ડરે છે.

સોરઠીયાએ વધુમાં દાવો કર્યો કે કોંગ્રેસના કોઈપણ નેતા કે ઉમેદવાર સામે એક પણ FIR નોંધાઈ નથી, જે ભાજપના વલણ પર સવાલ ઉભા કરે છે. તેમણે ભાજપ પર આરોપ લગાવ્યો કે ગુજરાતની જનતા ભાજપના શાસનથી અસંતોષ છે અને આગામી ચૂંટણીમાં જનતા જવાબ આપશે. સાથે જ તેમણે કહ્યું કે જો ગુજરાતની જનતા પરિવર્તન લાવશે, તો રાજ્યના ભવિષ્ય માટે સુવર્ણ દિવસો આવી શકે છે. જ્યાં સુધી ભાજપ સત્તામાં રહેશે ત્યાં સુધી સામાન્ય લોકોની સ્થિતિમાં સુધારો શક્ય નથી.

છેલ્લા કેટલાક વર્ષોમાં રાજકારણમાં હવે ધર્મગુરુઓ અને સંતોની ભૂમિકા પણ અત્યંત મહત્વની બની ગઈ છે. ટિકિટ મેળવવા માટે કેટલાક નેતાઓએ હવે સીધું લોબિંગ કરવાને બદલે ધર્મગુરુઓનો આશરો લીધો છે. વિવિધ સંપ્રદાયોના વડાઓ અને પ્રભાવશાળી સંતો મારફતે પક્ષના ટોચના નેતાઓ સુધી ભલામણો પહોંચાડવામાં આવી રહી છે. ધર્મગુરુઓ પાસે મોટો ભક્ત સમુદાય હોવાથી, રાજકીય પક્ષો પણ તેમના મંતવ્યોને અવગણી શકતા નથી. પરિણામે, ટિકિટ મેળવવા ઈચ્છુક નેતાઓ હવે મંદિરો અને આશ્રમોના પગથિયાં ઘસી રહ્યા છે.

જે નેતાઓ સામાન્ય દિવસોમાં ભાગ્યે જ મંદિરોમાં જોવા મળતા હતા, તેઓ હવે મોટા પાયે યજ્ઞ, હવન અને ધાર્મિક અનુષ્ઠાનો કરાવી રહ્યા છે. રાજકીય મંચ પર પોતાનું સ્થાન સુરક્ષિત કરાવવા માટે નેતાઓએ જ્યોતિષીઓનો પણ સહારો લઈ લીધો છે. કેટલાક નેતાઓ જાણીતા જ્યોતિષીઓ અને પંડિતોના માર્ગદર્શન હેઠળ ગ્રહદશા સુધારવા માટે ગુપ્ત પૂજા-પાઠ પણ કરાવી રહ્યા છે. વડોદરાના એક જ્યોતિષાચાર્યે જણાવ્યું હતું કે, વડોદરાના હાલમાં અનેક એવા નેતાઓ છે કે જેઓ પોતાના માટે અથવા તો પોતાના પરિવારજન માટે ગ્રહદશા સુધારવા માટે મંત્ર જાપ કરાવી રહ્યા છે. કેટલાકે તો 24 કલાક મંત્રજાપ શરુ કરાવ્યા છે.

ભારતીય જનતા પાર્ટીએ લીધેલી સેન્સમાં પરિવારવાદ જોવા મળ્યો હતો. ઉમેદવારોની જાહેરાત થાય તે પહેલા અંતિમ ક્ષણ સુધી ભલામણો કરવામાં આવી રહી છે. જેમાં મોટા નેતાઓ પણ પોતાના પરિવારમાંથી કોઈને ટિકિટ આપવામાં આવે તેવી માંગણી કરી રહ્યા છે. જેમાં રાજ્ય સરકારના પૂર્વ મંત્રી અને પૂર્વ ધારાસભ્ય ગોવિંદ પટેલ અને લાખા સાગઠીયાએ તેમના દીકરા માટે ટિકિટની માંગણી કરી છે.

આ ઉપરાંત રાજકોટ મનપાના પૂર્વ ડેપ્યુટી મેયર અશ્વિન મોલીયાએ તેમના પુત્ર માટે ટિકિટની માંગણી કરી છે. પૂર્વ કોર્પોરેટર વિનુ ઘવા, બાબુ મકવાણા, નીતિન રામાણી, હરિ ડાંગર, પોપટ ટોળીયાએ પોતાના સંતાનો માટે ટિકિટની માંગણી કરી છે.

પૂર્વ કોર્પોરેટર ડો.અલ્પેશ મોરઝરિયા અને જીતુ કાટોળીયાએ તેમના પત્ની માટે ટિકિટની માંગણી કરી છે.

ધારાસભ્યના લોબિંગના કારણે ચાંદખેડા વોર્ડમાં ભડકાની સ્થિતિ સર્જાઈ છે. ચાંદખેડા વોર્ડમાં ઉમેદવારના લોબિંગને લઈને ગુજરાત કોંગ્રેસ પ્રદેશ સમિતિને રજૂઆત કરવામાં આવી છે. પેરાશૂટ ઉમેદવારના બદલે સ્થાનિક ઉમેદવાર જાહેર કરવામાં આવે તેવી સ્થાનિક કાર્યકર્તાઓએ શહેર પ્રમુખ અને પ્રદેશ પ્રમુખને પત્ર લખીને માગ કરી છે. વોર્ડમાં કોઈ પણ પેરાશૂટ ઉમેદવાર ચાલશે નહીં. જે વ્યક્તિઓ વોર્ડમાં પૂરા પાંચ વર્ષ પણ કામ ન કર્યું હોય અને તેવા વ્યક્તિઓને નેતાઓની ભલામણથી થોપવામાં આવશે તો પરિણામ વિપરીત આવી શકે તેવી પણ પત્રમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# ઈરાને હોર્મુઝમાંથી સુરક્ષિત નીકળવાનો મેપ જાહેર કર્યો: કહ્યું- ધડાકાથી બચવા અમારો સંપર્ક કરો, રિપોર્ટ- પ્રતિ બેરલ 1 ડોલર ટોલ થશે



**તહેરાન, તા.09**

ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) એ હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજો માટે એક નવો નકશો બહાર પાડ્યો છે. તેનો હેતુ જહાજોને લેન્ડમાઈનથી બચાવવાનો છે. આ નકશો એવા ખતરનાક વિસ્તારો દર્શાવે છે જ્યાં જહાજોને પ્રવેશવાની મનાઈ છે.

રિપોર્ટ અનુસાર, પહેલા જહાજો ઓમાનના દરિયાકાંઠેથી પસાર થતા હતા પરંતુ હવે તેમને ખાણોથી પ્રભાવિત વિસ્તારોથી બચવા માટે ઈરાની દરિયાકાંઠેથી પસાર થવાની સલાહ આપવામાં આવે છે. આનાથી જહાજો માઈન્સથી પ્રભાવિત વિસ્તારોથી બચી શકે છે. ઈરાને જહાજોને પહેલા તેના અધિકારીઓનો સંપર્ક કરવા કહ્યું છે, પછી જ તેમને સુરક્ષિત માર્ગ પૂરો પાડવામાં આવશે.

ઈરાન હવે આ માર્ગે પસાર થતા ઓઈલ જહાજોનું પણ નિરીક્ષણ કરશે. દરેક જહાજને આગળ વધવાની મંજૂરી આપતા પહેલા તેના કાર્ગો વિશે સંપૂર્ણ માહિતી આપવી પડશે.

ફાઈનાન્સિયલ ટાઈમ્સના અહેવાલ મુજબ, ઈરાન દરેક બેરલ તેલ પર 1 ડોલર ટેક્સ વસૂલવાની તૈયારી કરી રહ્યું છે, અને આ પૈસા ક્રિપ્ટોકરન્સીમાં મેળવવાનો ઈરાદો ધરાવે છે.

બુધવારે ઈઝરાયલી સેનાએ લેબનોનમાં સેંકડો મિસાઈલો છોડ્યા, જેમાં 254 લોકો માર્યા ગયા. લેબનોન નાગરિક સંરક્ષણ એજન્સી અનુસાર, હવાઈ હુમલામાં ઓછામાં ઓછા 1,165 લોકો ઘાયલ થયા. દેશમાં રાષ્ટ્રીય શોકની સ્થિતિ જાહેર કરવામાં આવી છે.

આ હુમલાઓમાં બેરૂત, બેકા ખીણ, માઉન્ટ લેબનોન, સિડોન અને દક્ષિણ લેબનોનના અનેક ગામોને લક્ષ્ય બનાવવામાં આવ્યા હતા. આ હુમલાઓ તે જ દિવસે થયા હતા જ્યારે અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન વચ્ચે બે અઠવાડિયાના યુદ્ધવિરામની જાહેરાત કરવામાં આવી હતી.

ઈઝરાયલી સેનાએ જણાવ્યું હતું કે 2 માર્ચે નવી લશ્કરી કાર્યવાહી શરૂ થયા પછી આ હુમલો લેબનોન પરનો સૌથી મોટો હુમલો હતો. સૈન્ય અનુસાર 100 થી વધુ હિઝબુલ્લાહ કમાન્ડ સેન્ટરો અને લશ્કરી ઠેકાણાઓને નિશાન બનાવવામાં આવ્યા હતા.

ઈઝરાયલી વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ જણાવ્યું હતું કે લેબનોન યુએસ-ઈરાન યુદ્ધવિરામનો ભાગ નથી. દરમિયાન મધ્યસ્થી પાકિસ્તાન કહે છે કે લેબનોન યુદ્ધવિરામમાં સામેલ છે. બીજી તરફ, યુએસ પ્રમુખ ટ્રમ્પે કહ્યું હતું કે લેબનોન આ કરારથી અલગ છે અને તેનો ભાગ નથી.

ઈરાન હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા ઓઈલ જહાજો પર દરેક બેરલ માટે 1 ડોલરનો ટોલ ટેક્સ વસૂલવાનો પ્લાન કર્યો છે. ફાઈનાન્સિયલ ટાઈમ્સ દ્વારા ટાંકવામાં આવેલા સૂત્રો અનુસાર, ઈરાન આ ચુકવણી ક્રિપ્ટોકરન્સીમાં ઈચ્છે છે.

ઈરાન આ માર્ગ પરથી પસાર થતા દરેક જહાજનું નિરીક્ષણ અને કંટ્રોલ કરશે. આગળ વધવાની મંજૂરી આપતા પહેલાં જહાજોએ પહેલા તેમના કાર્ગોની જાણ કરવી પડશે.

ઈરાની અધિકારી હામિદ હોસેનીએ કહ્યું કે બે અઠવાડિયામાં શસ્ત્રો યુએસ લશ્કરી ઠેકાણા સુધી પહોંચતાં અટકાવવા માટે આ કરવામાં આવી રહ્યું છે. તેમણે કહ્યું કે જહાજોને પસાર થવા દેવામાં આવશે, પરંતુ પ્રક્રિયામાં સમય લાગી શકે છે કારણ કે ઈરાનને ઉતાવળ નથી.

UAEએ ઈરાનને હોર્મુઝ સ્ટ્રેટને બિનશરતી ખોલવા વિનંતી કરી છે. અબુ ધાબીની ઓઈલ કંપનીના વડા સુલતાન અલ જાબેરે ઈરાનને કોઈપણ શરત વિના હોર્મુઝ સ્ટ્રેટ ખોલવાની માંગ કરી છે.

તેમણે કહ્યું કે આ માર્ગ કોઈ એક દેશનો નથી, પરંતુ સમગ્ર વિશ્વ માટે જરૂરી છે. તેનો ઉપયોગ દબાણ લાવવા માટે ન કરવો જોઈએ.

હંડાલા નામના ઈરાની હેકર જૂથે ભૂતપૂર્વ ઈઝરાયલી સેના વડા હરઝી હાલેવીના ફોન અને અન્ય ગેજેટ્સ હેક કર્યા હોવાનો દાવો કર્યો છે. હેકર જૂથનું કહેવું છે કે તેણે ઘણા વર્ષો સુધી ઈઝરાયલની સિસ્ટમમાં શાંતિથી ઘૂસણખોરી કરી અને આ સમય દરમિયાન હજારો ફોટા અને વીડિયો એકત્રિત કર્યા. તેઓ ગુપ્ત ઈઝરાયલી બેઠકો લશ્કરી થાણાઓ અને અન્ય મહત્વપૂર્ણ આંતરિક માહિતીની ઍક્સેસ હોવાનો દાવો કરે છે.

જૂથે કેટલાક ફોટા અને વીડિયો પણ જાહેર કર્યા છે. આમાં હાલેવી વિવિધ લશ્કરી થાણાઓની મુલાકાત લેતા બેઠકો કરતા અને અધિકારીઓ સાથે વાત કરતા જોઈ શકાય છે. કેટલાક ફોટા તેમના અંગત જીવન સાથે સંબંધિત હોવાનું પણ કહેવાય છે, જેમાં પરિવારના ફોટા અને ઓળખ કાર્ડનો સમાવેશ થાય છે. આ લીક્સમાં કેટલીક મીટિંગ્સ પણ જાહેર થઈ જે ક્યારેય જાહેરમાં જાણીતી ન હતી, જેમ કે જોર્ડન અને કતારમાં મીટિંગ્સ. જો કે, આ બાબતે ઈઝરાયલી સેના અને હાલેવી દ્વારા હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન જારી કરવામાં આવ્યું નથી.

અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધવિરામ છતાં હોર્મુઝ સ્ટ્રેટમાંથી જહાજોની અવર જવર લગભગ બંધ છે. છેલ્લા 24 કલાકમાં ફક્ત એક ઓઈલ ટેન્કર અને પાંચ માલવાહક જહાજો પસાર થયા છે.

અગાઉ આ માર્ગે દરરોજ આશરે 140 જહાજો પસાર થતા હતા પરંતુ ફેબ્રુઆરીના અંતમાં સંઘર્ષ શરૂ થયા પછી આ સંખ્યામાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

ઈઝરાયલી વડા પ્રધાન નેતન્યાહૂએ તેમના દેશના લોકોની પ્રશંસા કરી. તેમણે સોશિયલ મીડિયા પર એક વીડિયો જાહેર કરીને કહ્યું કે ઈઝરાયલીઓ એક અદ્ભુત દેશના લોકો છે.

તેમણે કહ્યું કે જ્યારે તમે સુરક્ષિત ઓરડાઓ અને આશ્રયસ્થાનોમાં બેસીને ધીરજ અને હિંમત બતાવી રહ્યા હતા, ત્યારે અમે સાથે મળીને મોટી સફળતા મેળવી. અમારા સૈનિકો ફ્રન્ટ લાઈન પર લડી રહ્યા છે, અને તમે ઘરેથી તેમને ટેકો આપી રહ્યા છો. ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ (IRGC) એ હોર્મુઝ સ્ટ્રેટમાંથી પસાર થતા જહાજો માટે એક નવો નકશો બહાર પાડ્યો છે. તેનો હેતુ જહાજોને લેન્ડમાઈનથી બચાવવાનો છે.

# હેડ કોન્સ્ટેબલ રેવતીની જુબાનીથી 9 પોલીસકર્મીઓને ફાંસીની સજા: તમિલનાડુમાં પિતા-પુત્રના કસ્ટોડિયલ મૃત્યુનું સત્ય જણાવ્યું હતું

**ચેન્નઈ, તા.09**

તમિલનાડુના સથાનકુલમમાં પિતા-પુત્રના કસ્ટોડિયલ મોત કેસમાં 6 વર્ષ પછી 6 એપ્રિલે મદુરાઈ કોર્ટે 9 પોલીસકર્મીઓને દોષિત ઠેરવ્યા અને તેમને ફાંસીની સજા સંભળાવી. આ સમગ્ર મામલામાં હેડ કોન્સ્ટેબલ રેવતી (43)નું નામ સૌથી વધુ ચર્ચામાં રહ્યું. પોલીસ કસ્ટડીમાં પિતા-પુત્રના મોતે આખા દેશને હચમચાવી દીધો હતો. કેસને દબાવવાના પ્રયાસો પણ થયા, પરંતુ રેવતીની જુબાનીએ સત્ય બહાર લાવી દીધું. રેવતી બે દીકરીઓની માતા છે. તેમણે ન્યાયિક મેજિસ્ટ્રેટને કહ્યું કે તે આખું સત્ય જણાવશે, પરંતુ પોતાના બાળકો અને નોકરીની સુરક્ષાની ગેરંટી ઈચ્છે છે.

રેવતીની બહાદુરી અને સત્ય પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાએ આ કેસને અંત સુધી પહોંચાડવામાં નિર્ણાયક ભૂમિકા ભજવી. તેમણે કોર્ટમાં મિનિટ-દર-મિનિટ ઘટનાક્રમ જણાવ્યો, જેનાથી એ સાબિત થયું કે પોલીસ સ્ટેશનમાં શું થયું અને કોણ જવાબદાર હતું.



ઘટના જૂન 2020ની છે. જ્યારે આખી દુનિયા કોવિડના નિયંત્રણો સામે ઝઝૂમી રહી હતી. થુથુકુડી જિલ્લાના સથાનકુલમ પોલીસ સ્ટેશનમાં કંઈક એવું બન્યું, જેણે આખા દેશને હચમચાવી દીધો. પી. જયરાજ અને તેમના પુત્ર જે. બેનિક્સને એટલા માટે કસ્ટડીમાં લેવામાં આવ્યા કારણ કે તેમણે મોબાઈલ શોપ નિર્ધારિત સમય કરતાં થોડો વધુ સમય ખુલ્લી રાખી હતી. કોન્સ્ટેબલ રેવતીએ કોર્ટને જણાવ્યું, 'હું રાત્રે લગભગ 8:50 વાગ્યે સ્ટેશન પહોંચી. તે જ સમયે અંદરથી ચીસો અને રડવાનો અવાજ આવ્યો, કોઈ ચીસો પાડી રહ્યું હતું 'અમ્મા, દુખે છે! જવા દો! કૃપા કરીને મને જવા દો! મેં કંઈ ખોટું કર્યું નથી!'

રેવતીએ જણાવ્યું કે વચ્ચે-વચ્ચે સબ-ઈન્સ્પેક્ટર બાલાકૃષ્ણનનો અવાજ સંભળાઈ રહ્યો હતો, તેઓ કહી રહ્યા હતા- સ્ટેશનની અંદર હંગામો કરવાની તમારી હિંમત કેવી રીતે થઈ? તમે કોઈ મોટા માણસ છો? પોલીસકર્મીઓએ જયરાજ અને બેનિક્સને લોહીલુહાણ થાય ત્યાં સુધી માર માર્યો.

આ દરમિયાન પોલીસવાળા વચ્ચે-વચ્ચે દારૂ પીવા માટે રોકાતા અને પછી ફરીથી મારપીટ શરૂ કરી દેતા. જ્યારે બંને અધમૂઆ થઈ ગયા, ત્યારે રેવતીએ સહાનુભૂતિ બતાવતા જયરાજ (પિતા) ને કોફી આપવાનો પ્રયાસ કર્યો, જેને અન્ય પોલીસકર્મીઓએ છીનવીને ફેંકી દીધો.

રેવતીના કહેવા મુજબ બંનેને નિર્વસ્ત્ર કરીને તેમના હાથ બાંધી દેવામાં આવ્યા. આટલી ક્રૂરતા ન જોઈ શકવાને કારણે રેવતી બહાર નીકળી ગઈ. અટકાયતમાં લીધાના 2 દિવસ પછી પહેલા પુત્ર બેનિક્સ અને બીજા દિવસે પિતા જયરાજનું મૃત્યુ થયું. સમગ્ર દેશમાં ગુસ્સો હતો, પરંતુ પોલીસ વિભાગમાં મામલાને દબાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હતો. 9 પ્રભાવશાળી પોલીસકર્મીઓ આરોપી હતા.

જ્યારે ન્યાયિક મેજિસ્ટ્રેટ એમ.એસ. ભરથિદાસન તપાસ માટે પહોંચ્યા, ત્યારે રેવતીએ તેમને કહ્યું- સર, હું તમને બધું જ કહીશ, દરેક વાત, તે સત્ય જેને છુપાવવામાં આવી રહ્યું છે. હું બે દીકરીઓની માતા છું. શું તમે મારા બાળકો અને મારી નોકરીની સુરક્ષાની ગેરંટી આપી શકો છો?

સાથી અધિકારીઓની ચેતવણી છતાં રેવતીએ બોલવાનો નિર્ણય કર્યો. આવી ફોર્સમાં આ એક અસાધારણ પગલું હતું, જ્યાં કોઈ કર્મચારીનું સાથીઓ વિરુદ્ધ જુબાની આપવું ભાગ્યે જ જોવા મળે છે. તેમણે ભય વચ્ચે પોતાના સાથી પોલીસકર્મીઓ વિરુદ્ધ જુબાની આપી.

નિવેદન નોંધાવતી વખતે બહાર એકઠા થયેલા પોલીસકર્મીઓ કોર્ટના સ્ટાફને ધમકાવી રહ્યા હતા. તણાવ એટલો હતો કે મેજિસ્ટ્રેટને સુરક્ષા ગાર્ડ તૈનાત કરવા પડ્યા. સુરક્ષાનો ભરોસો મળ્યા પછી જ રેવતી હસ્તાક્ષર કરવા તૈયાર થઈ.

CCTV ફૂટેજમાં દરેક આરોપીની ઓળખ કરવામાં આવી. તેમની મિનિટ-દર-મિનિટની જુબાનીએ પુષ્ટિ કરી કે તે રાત્રે પોલીસ સ્ટેશનમાં કોણ હાજર હતું અને બંનેના મૃત્યુ માટે કોણ જવાબદાર હતું. રેવતીનું આ સાહસ ન્યાયનો પાયો બન્યું.

# જયપુરમાં ઘરની બહાર બેઠેલી મહિલાને વાને કચડતા મોત

## 15 ફૂટ સુધી ઢસડીને લઈ ગઈ, અકસ્માત બાદ ડ્રાઈવર વાન મુકીને ફરાર થયો

**જયપુર, તા.09**

જયપુરમાં ઘરની બહાર બેઠેલી વૃદ્ધ મહિલાને વાને કચડી નાખી હતી. વાન મહિલાને લગભગ 15 ફૂટ સુધી ઢસડીને લઈ ગઈ. આસપાસ ઉભેલા લોકોએ પાછળ હટીને પોતાનો જીવ બચાવ્યો. અકસ્માત બાદ ડ્રાઈવર વાન મુકીને ભાગી ગયો હતો.

ગંભીર રીતે ઘાયલ મહિલાને હોસ્પિટલ લઈ જવામાં આવી, જ્યાં તેમનું મૃત્યુ થયું. ઘટના બુધવારે બપોરે લગભગ 1 વાગ્યે જયપુરના મહેશ નગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચૌધરી કોલોનીની છે. ઘટનાનો સીસીટીવી વીડિયો પણ સામે આવ્યો છે. માહિતી મળતા ઘટનાસ્થળે પહોંચેલી પોલીસે વાનને જપ્ત કરી લીધી છે. સીસીટીવી ફૂટેજના આધારે ડ્રાઈવરની શોધખોળ કરવામાં આવી રહી છે. ASI મહેન્દ્ર સિંહે જણાવ્યું- મહેશ નગરના કરતારપુરા સ્થિત ચૌધરી કોલોનીમાં રહેતી કલાવતી ગુર્જર (63) ને



અસ્થમા હતો. શ્વાસ લેવામાં તકલીફ થતાં બુધવારે બપોરે તેઓ ઘરની બહાર આવીને બેઠા હતા. બાજુના ઘરમાં કન્સ્ટ્રક્શનનું કામ ચાલી રહ્યું હતું અને બહાર સિમેન્ટ પડ્યો હતો. બે લોકો પણ ઊભા હતા, જેમની સાથે મહિલા વાત કરી રહી હતી. સેરીમાં થોડે દૂર એક વાન ઊભી હતી. ડ્રાઈવરે વાન સ્ટાર્ટ કરી અને મહિલા તરફ જતાં તેને ટક્કર મારી. વાન મહિલાને ઢસડીને તેના પરથી પસાર થઈ ગઈ. ત્યાં જ નજીકમાં ઊભેલા બે લોકો પાછળ હટ્યા તો તેમનો જીવ બચી ગયો. અકસ્માત બાદ આસપાસમાં રહેતા લોકો ઘરોમાંથી બહાર આવી ગયા. મહિલાને તરત જ પ્રાઈવેટ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી, જ્યાં સારવાર દરમિયાન ડોકટરોએ તેમને મૃત જાહેર કરી. આ પછી પોસ્ટમોર્ટમ માટે મૃતદેહને જયપુરિયા હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો. ગુરુવારે મૃતદેહ પરિવારને સોંપી દેવામાં આવ્યો. કલાવતીના પતિ હનુમાન સહાયનું લગભગ એક મહિના પહેલા જ બીમારીના કારણે નિધન થયું હતું. તેમને 3 દીકરા છે.

# મોદીએ કહ્યું-TMCના શાસનમાં લોકો ભયભીત: 4 મે પછી ગુંડાગીરીનો હિસાબ લઈશું, યુવાનોના સપના કચડી નાખ્યા, અહીં દીકરીઓ સુરક્ષિત નથી

**કોલકાતા, તા.09**

પીએમ મોદી ગુરુવારે પશ્ચિમ બંગાળના બીરભૂમમાં એક જાહેર સભાને સંબોધી હતી. તેમણે કહ્યું, આપણે એવો સમાજ જોવા માંગીએ છીએ જ્યાં દરેક વ્યક્તિ ભયથી મુક્ત હોય. આ માતા, ભૂમિ અને માનવતાની વાત છે. આજે, માતા રડી રહી છે, ઘુસણખોરો દ્વારા ભૂમિ પર અતિક્રમણ કરવામાં આવી રહ્યું છે, અને માનવતા ભયભીત અને ડરેલી છે. મોદીએ કહ્યું કે ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર એક એવો સમાજ જોવા માંગતા હતા જ્યાં દરેક વ્યક્તિ ભયથી મુક્ત હોય, પરંતુ ટીએમસીના જંગલ રાજે એકદમ ઉલ્ટુ કર્યું છે.

આ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પશ્ચિમ બંગાળના આસનસોલમાં એક જાહેર રેલીને સંબોધી હતી. તેમણે કહ્યું કે તમને ટીએમસીમાં વિશ્વાસ હતો, પરંતુ ટીએમસીએ બંગાળમાં ક્રૂરતાની બધી હદો પાર કરી દીધી છે.

તેમણે કહ્યું કે 4 મે પછી, તમામ ગુંડાગીરીનો હિસાબ લેવામાં



આવશે. બંગાળમાં, હવે ટીએમસીનો ડર નહીં, પણ ભાજપમાં વિશ્વાસ રહેશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે પશ્ચિમ બંગાળના આસનસોલમાં એક રેલીમાં કહ્યું હતું કે, તમે તૃણમૂલ કોંગ્રેસ પર વિશ્વાસ કર્યો હતો, પરંતુ તૃણમૂલ કોંગ્રેસે બંગાળ પ્રત્યે ક્રૂરતાની બધી હદો પાર કરી દીધી. તેમણે કહ્યું કે જો દેશ 100 રૂપિયા કમાય છે, તો બંગાળનું યોગદાન ફક્ત 5 થી 6.50 રૂપિયા છે. બંગાળમાં સામાન્ય માણસની આવક સતત ઘટી રહી છે, જ્યારે ટીએમસીના નેતાઓ અને મંત્રીઓના બંગલા મોટા થઈ રહ્યા છે. આ પહેલા, મોદીએ પશ્ચિમ બંગાળના હલ્દિયામાં એક જાહેર રેલીને સંબોધી હતી. તેમણે કહ્યું- TMCએ બંગાળના યુવાનોને ડબલ દગો આપ્યો છે. અહીં પ્રાઈવેટ સેક્ટરનું નામનિશાન મિટાવી દીધું છે. TMCના ભ્રષ્ટાચારીઓએ યુવાનોના અને તેમના પરિવારોના સપનાને કચડી નાખ્યા છે.

તેમણે કહ્યું કે TMCએ યુવાનોના મનમાં શંકા પેદા કરી દીધી છે. TMCની નિર્મમ સરકાર યુવાનોને વધુ એક દગો આપી રહી છે. TMC વોટ બેંકને ખુશ કરવા માટે ધર્મના આધારે અનામત આપવામાં વ્યસ્ત છે. તુષ્ટિકરણની નીતિ એવી છે કે તેઓ કોર્ટને પણ માનતા નથી. પીએમ મોદીએ કહ્યું, એક નિર્દય સરકારે માતાઓ અને બહેનોના જીવનને જોખમમાં મૂક્યું છે. મહિલાઓ વિરુદ્ધ ગુનાઓ વધી રહ્યા છે. અહીં દીકરીઓ સુરક્ષિત નથી. દીકરીઓ ડોક્ટર કે એન્જિનિયર બનવા જાય છે, પરંતુ ત્યાં તેઓ સુરક્ષિત નથી.

આ તરફ, આરજી કર હોસ્પિટલ કેસની પીડિતાની માતા રત્ના દેબનાથે કહ્યું છે કે જ્યાં સુધી તેમની પુત્રીને પૂરો ન્યાય નહીં મળે ત્યાં સુધી તેઓ પોતાના વાળ ઓળશે નહીં. રત્ના ભાજપની ટિકિટ પર પાણીહાટી બેઠક પરથી ચૂંટણી લડી રહ્યા છે. ખરેખરમાં, હલ્દિયા વિરોધ પક્ષના નેતા શુભેન્દુ અધિકારીનો ગૃહ ક્ષેત્ર છે, આ રાજ્યમાં ભાજપના સૌથી મજબૂત ગઢોમાંનો એક છે. પાર્ટીએ 2021ની વિધાનસભા ચૂંટણીમાં પૂર્વ મેદિનીપુર જિલ્લાની 16માંથી 8 વિધાનસભા બેઠકો જીતી હતી અને 2024ની સામાન્ય ચૂંટણીમાં આ જિલ્લાની બંને લોકસભા બેઠકો પર જીત મેળવી હતી. હલ્દિયા પછી પીએમ આસનસોલ અને બીરભૂમ પણ જશે. અહીં સભાને સંબોધન કરશે. બીરભૂમ જિલ્લાને TMCનો ગઢ માનવામાં આવે છે. બીરભૂમમાં સત્તાધારી પક્ષનો પ્રભાવ રહ્યો છે જોકે જિલ્લાના કેટલાક ભાગોમાં લાંબા સમયથી આરએસએસનું સંગઠનાત્મક નેટવર્ક હાજર છે. ભાજપ અહીં એન્ટી ઈન્કમ્બન્સીનો ફાયદો ઉઠાવવા માંગે છે. આસામમાં ઉદલગુરી બેઠક પરથી કોંગ્રેસના ઉમેદવાર સુરેન દૈમારીએ પાર્ટી છોડી દીધી. જોકે, કોંગ્રેસે કહ્યું કે તેમણે હજુ સુધી પાર્ટીને પોતાનું રાજીનામું સોંપ્યું નથી. ચૂંટણી પંચના એક અધિકારીએ જણાવ્યું કે દૈમારીનું નામ EVMમાં રહેશે અને લોકો હજુ પણ તેમને મત આપી શકે છે કારણ કે ઉમેદવારી પાછી ખેંચવાની સમયમર્યાદા ઘણી પહેલા જ પૂરી થઈ ગઈ છે.

# ગુરુગ્રામમાં કંપનીના કર્મચારીઓ પર લાઠીચાર્જ: એકનું માથું ફાટ્યું-20 ઘાયલ, પોલીસની બાઈક સળગાવી-ગાડી તોડી, પગાર વધારાને લઈ હડતાળ પર હતા








**ગુરુગ્રામ, તા.09**

હરિયાણાના ગુરુગ્રામ સ્થિત માનેસર ખાતે કલમ 163 લાગુ હોવા છતાં ગુરુવારે હજારોની સંખ્યામાં હડતાળી કર્મચારીઓ એકઠા થયા. જેમને વિખેરવા માટે પોલીસે લાઠીચાર્જ કર્યો. જેના કારણે નાસભાગ જેવી સ્થિતિ સર્જાઈ.

આ દરમિયાન 20થી વધુ કર્મચારીઓને ઈજાઓ થઈ છે. એક કર્મચારીના માથામાં ગંભીર ઈજા થઈ છે. ઘણું લોહી વહી ગયા બાદ તેને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો. ઉશ્કેરાયેલા હડતાળીઓએ પોલીસની એક બાઈક સળગાવી દીધી અને ગાડી પર પથ્થરમારો કર્યો. જેના કારણે આગળનો કાચ તૂટી ગયો. ઘણા કલાકો સુધી અથડામણ ચાલુ રહી. આ વિવાદ બાદ ઘણી કંપનીઓની બહાર પગાર વધારા સંબંધિત સરકારના આદેશવાળી નોટિસ ચોંટાડવામાં આવી.

થોડા દિવસો પહેલા હોન્ડા કંપનીમાં પગાર વધારાને લઈને હડતાળ થઈ હતી. ત્યારબાદ 3 દિવસથી અડધો ડઝનથી વધુ મોટી કંપનીઓ સુધી તેની અસર પહોંચી ગઈ. જોકે, હોન્ડા કંપનીના કરાર બાદ કર્મચારીઓ કામ પર પાછા ફર્યા. સત્યમ, મુંજાલ શોવા, રિકો અને અન્ય કંપનીઓના કર્મચારીઓ 3 દિવસથી કામ પર પાછા ફરવા તૈયાર થયા નથી.

પોલીસ પ્રશાસને કહ્યું કે અહીં કલમ 163 લાગુ કરીને ધરણા-પ્રદર્શન પર રોક લગાવી દીધી હતી. પરંતુ, પ્રદર્શનકારીઓ માન્યા નહીં. કર્મચારી નેતાઓનું કહેવું છે કે કોન્ટ્રાક્ટ વર્કર્સ લાંબા સમયથી શોષણનો ભોગ બની રહ્યા છે. લઘુત્તમ વેતન, ઓવરટાઈમ ચુકવણી, સુરક્ષા અને કાયમીકરણ જેવી માંગણીઓ વર્ષોથી પેન્ડિંગ છે.

પોલીસે કર્મચારીઓને સમજાવવાનો પ્રયાસ કર્યો તો ઝપાઝપી થઈ. ધક્કામુક્કી કરીને પોલીસકર્મીઓનો મોબાઈલ છીનવવાનો પ્રયાસ કરવામાં આવ્યો. કર્મચારીઓનું કહેવું હતું કે આ તેમની હકની લડાઈ છે, જે મેનેજમેન્ટ અને તેમની વચ્ચેનો મામલો છે. પોલીસે વચ્ચે ન આવવું જોઈએ અને મેનેજમેન્ટનો પક્ષ પણ ન લેવો જોઈએ.

બીજી તરફ, ડીસી અજય કુમારે ગઈકાલે સાંજે નિવેદન બહાર પાડ્યું. તેમણે કહ્યું કે સરકાર દ્વારા લઘુત્તમ વેતન (મિનિમમ વેજીસ)ના દરોમાં વધારો કરવામાં આવ્યો છે. આ એક એપ્રિલથી લાગુ ગણવામાં આવશે. તેમણે જણાવ્યું કે અકુશળ શ્રમિકોનો પગાર 11275થી વધીને 15220, અર્ધકુશળ શ્રમિકોનો પગાર 12430થી વધીને 16780 રૂપિયા અને કુશળ શ્રમિકોનો પગાર 13704થી વધીને 18500 રૂપિયા કરવામાં આવ્યો છે. ઉચ્ચ કુશળનો પગાર 14389થી વધીને 19425 રૂપિયા થઈ જશે. આ વધારો લગભગ 35 ટકા છે.

## તંત્રી લેખ

# જો કોઈ કહે કે 'કોઈને કહેતા નહીં', તો તે ઠગાઈનું સૌથી મોટું હથિયાર

દિલ્હીની ૭૭ વર્ષની એક નિવૃત્ત મહિલા 'ડિજિટલ અરેસ્ટ'નો શિકાર બની અને રૂા. ૧૩ કરોડથી વધુ ગુમાવ્યા. આ કિસ્સામાં, છેતરપિંડી કરનારાઓએ વોટ્સએપ વિડિયો કોલ દ્વારા પોલીસ અધિકારી અને જજ બનીને મહિલાને છેતરી હતી. મહિલાને ડરાવી-ધમકાવીને આ ઠગાઈ આચરવામાં આવી હતી. સમગ્ર દેશમાં આ પ્રકારના કૌભાંડો વધી રહ્યા છે. સામાન્ય રીતે છેતરપિંડી કરનારાઓ મુખ્યત્વે વૃદ્ધો, આર્થિક રીતે સંપન્ન અને ઈન્ટરનેટ તેમજ કાયદાની ઓછી જાણકારી ધરાવતા નાગરિકોને નિશાન બનાવે છે.

અહીં જેમને શિકાર બનાવાયા હતા તે નિવૃત્ત ડોક્ટર છે. તે હોંશિયાર હોવા છતાં ફસાયા હતા. અહેવાલ મુજબ, નિવૃત્ત ડોક્ટર એવી આ મહિલાને વોટ્સએપ પર એક વિડિયો કોલ આવ્યો હતો. વિડીયો કોલ કરનારા લોકો પોલીસના યુનિફોર્મમાં હતા અને તેમણે મહિલા પર મની લોન્ડરિંગ કેસમાં સામેલ હોવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે મહિલાને ધરપકડની ધમકી આપી અને પોતાને અસલી પોલીસ સાબિત કરવા માટે નકલી પોલીસ સ્ટેશન જેવું સેટઅપ પણ બતાવ્યું, જેમાં રાષ્ટ્ર ધ્વજ અને સરકારી ચિન્હો હતા.

થોડા દિવસો પછી મહિલાને એક 'વર્ચ્યુઅલ કોર્ટ'માં રજૂ કરવામાં આવી, જ્યાં એક વ્યક્તિ જજ બનીને બેઠો હતો. તેણે મહિલાને કાનૂની કાર્યવાહીની ધમકી આપી અને કહ્યું કે જો તેઓ સહકાર નહીં આપે તો તેમને સજા થઈ શકે છે. ઠગોએ મહિલાને સતત વિડિયો કોલ પર રહેવા માટે મજબૂર કરી, જેથી તે અન્ય કોઈની સાથે વાત ન કરી શકે અને સંપૂર્ણ રીતે તેમના નિયંત્રણમાં રહે. ઠગોએ આ આખી પ્રક્રિયાને 'ડિજિટલ અરેસ્ટ' ગણાવી હતી. તેમણે કહ્યું કે મહિલાની સંપત્તિની તપાસ કરવાની છે અને તે માટે પૈસા અલગ-અલગ ખાતામાં ટ્રાન્સફર કરવા પડશે. આશરે ૧૯ દિવસ સુધી મહિલા સતત તેમના સંપર્કમાં રહી અને તેણે અનેક બેંક ખાતામાંથી પૈસા ટ્રાન્સફર કર્યા. આ દરમિયાન ઠગોએ એટલું દબાણ બનાવ્યું કે મહિલા પરિવારના કોઈ સભ્ય કે પોલીસનો સંપર્ક કરી શકી નહીં. આ કૌભાંડમાં મહિલાએ લગભગ રૂા. ૧૩ કરોડ (આશરે ૧.૯ મિલિયન ડોલર) ટ્રાન્સફર કરી દીધા. જ્યારે અચાનક ઠગોનો સંપર્ક બંધ થયો, ત્યારે મહિલાને શંકા ગઈ અને તેણે પોલીસનો સંપર્ક કર્યો. કેટલાક સંકેતોથી સમજી જાઓ કે તમારી સાથે ઠગાઈ થઈ રહી છે : અજાણ્યો વિડિયો કોલ : સૌથી મોટી જોખમની નિશાની અજાણ્યો વિડિયો કોલ છે. જો ઉરચાજછે કે અન્ય કોઈ એપ પર યુનિફોર્મ પહેરેલા અધિકારી કે જજનો કોલ આવે, તો તરત જ કાપી નાખો અને સ્વતંત્ર રીતે નંબર વેરિફાય કરો.

પૈસાની તાત્કાલિક માંગ : જો ફોન પર તરત જ પૈસાની માંગ કરવામાં આવે, તો સમજી લેવું કે આ ૧૦૦% કૌભાંડ છે. કોઈ પણ અધિકારી નાગરિક પાસે ઓનલાઈન કે વ્યક્તિગત રીતે તાત્કાલિક નાણાં ચૂકવવા માટે દબાણ કરતું નથી.

પરિવારથી દૂર રાખવા : ઠગોની સૌથી મોટી ઓળખ એ છે કે તેઓ તમને પરિવારથી દૂર રાખે છે. જો કોઈ કહે કે 'કોઈને કહેતા નહીં', તો તે ઠગાઈનું સૌથી મોટું હથિયાર છે. આવા સંજોગોમાં તરત જ તમારા પરિવારજનોને જાણ કરો.

નકલી સેટઅપ : ઠગ કેસને અસલી બતાવવા માટે નકલી યુનિફોર્મ પહેરીને અને કોર્ટ રૂમ જેવું વાતાવરણ બનાવીને ડરાવે છે. મોબાઈલ સ્ક્રીન પર દેખાતા પોલીસ સ્ટેશન, ઝંડા કે કોર્ટ સરળતાથી બનાવી શકાય છે, આ બધું માત્ર દેખાવો છે.

ગોપનીય વિગતો : કોઈપણ બેંકિંગ અધિકારી કે કર્મચારી તમારા મોબાઈલ પર આવતા OTP, CVV, ATM PIN કે નેટ બેંકિંગ પાસવર્ડ ક્યારેય માંગતા નથી. જો કોઈ આ વિગતો માંગે તો સમજી જવું કે મોટું જોખમ છે. ઉતાવળ અને ડર : સાયબર ફ્રોડ કરનાર વ્યક્તિ તમને ઉતાવળ કરવા અને ડરામણી ભાષામાં વાત કરવા મજબૂર કરશે. ઠગ તમને કોઈ કાનૂની કાર્યવાહી વગર કેસ પતાવવાના નામે જલ્દી પૈસા ટ્રાન્સફર કરાવશે. આવા સંકેતો સ્પષ્ટપણે દર્શાવે છે કે તમારી સાથે સાયબર ઠગાઈ થઈ રહી છે.

**સી માઈન્સ કે નેવલ માઈન્સ પાણીની અંદર છુપાવેલા વિસ્ફોટકો છે. આ વિસ્ફોટકો જહાજના સંપર્કમાં આવતા જ ફુટે છે અને જહાજ નષ્ટ થઈ જાય છે. તે કોઈપણ હલનચલન વગર મહિનાઓ સુધી પાણીમાં પડયા રહે છે. તે જહાજોના સંપર્કમાં આવતા જ બ્લાસ્ટ થાય છે. નેવલ માઈન્સ સમુદ્રની સપાટી, તળીયે અથવા તો પાણીની અંદર તરતા એવા મોતના દૂત છે: હોર્મુઝમાં માઈન્સ હન્ટિંગ કરવાનું અને તેને શોધીને નષ્ટ કરવાનું કામ ખુબ જ મુશ્કેલ માનવામાં આવે છે. હોર્મુઝની ખાડીમાં પાણીનો પ્રવાહ વધારે છે તેથી માઈન્સ હાલતી ડોલતી રહેતી હોય છે. તેના કારણે તેને લોકેટ કરવી મુશ્કેલ બની જાય છે. અહીંયા સમુદ્રની ઉંડાઈ એકસમાન નથી અને તેના કારણે જ આ કામ વધારે કપરું થઈ જાય છે**

# માત્ર સમજુતીથી હોર્મુઝ ખુલશે નહીં, મરિન માઈન્સ હટાવતા સમય લાગશે

## હોર્મુઝની ખાડી અને તેની આસપાસ ઈરાને બિછાવેલી મરિન માઈન્સ દૂર કરવામાં ૬ મહિના જેટલો સમય લાગશે અને કરોડો રૂપિયો ખર્ચ થશે

અમેરિકા અને ઈરાન વચ્ચે હાલમાં યુદ્ધવિરામની જાહેરાત કરવામાં આવી છે. આમ જોવા જઈએ તો દુનિયા માટે સારા સમાચાર છે. ખાસ કરીને દુનિયાભરમાં ક્રૂડ અને ગેસની જે અછત ઊભી થઈ છે તેમાં રાહત મળે તેમ લાગી રહ્યું છે. જાણકારોના મતે ઈરાન દ્વારા જે શરતો મુકવામાં આવી છે તેના આધારે હોર્મુઝની ખાડી ખોલી દેવામાં આવશે. હવે ભારત સહિત દુનિયાભરના જહાજ સરળતાથી આવનજાવન કરી શકશે તેવું માનવામાં આવી રહ્યું છે. બીજી તરફ એવી પણ વાત છે કે, હોર્મુઝની ખાડીની આસપાસ ઈરાન દ્વારા દરિયામાં નેવલ માઈન્સ અને મરિન માઈન્સ પ્લાન્ટ કરવામાં આવી છે. તેણે થોડોઘણો વિસ્તાર જ ખાલી રાખ્યો છે જ્યાંથી તે ઈચ્છે તેના જહાજ હાલમાં પણ પસાર થઈ રહ્યા છે. બાકી બધા ઉપર પ્રતિબંધ છે.

ઉલ્લેખનીય છે કે, હવે પંદર દિવસ માટે યુદ્ધ વિરામ થયો છે ત્યારે આ રૂટ ખોલવો જોઈએ અને ખુલી જશે તેવી આશા છે. વાત એવી છે કે, યુદ્ધ દરમિયાન ઈરાને હોર્મુઝની ખાડીમાં નેવલ માઈન્સ અને મરિન માઈન્સ પ્લાન્ટ કર્યા હતા.

આ માઈન્સ એટલી મોટી સંખ્યામાં હતા કે તેની સાથે કોઈપણ જહાજ ટકરાય તો વ્યાપક નુકસાન થાય તેમ છે. ઈરાને થોડી જગ્યામાંથી નીકળવા કોડ અને શરતો રાખ્યા છે. હવે જ્યારે યુદ્ધ વિરામ થયો છે અને વેપાર શરૂ થવાની આશા છે ત્યારે આ સૌથી મોટા ખતરાનો ઉકેલ લાવવો પડશે. નેવલ માઈન્સ કેવી રીતે દૂર કરવા તેના ઉપર કામ કરવું પડશે.

ખરેખર ઈરાને એટલા માઈન્સ બિછાવ્યા છે કે, તેનાથી વેપાર જગતને વ્યાપક નુકસાન થાય તે પણ વિચારવા યોગ્ય બાબત છે. જો ખરેખર આ માઈન્સ દૂર કરવાની આવે તો તેમાં ઘણો સમય લાગી શકે તેમ છે. તેની પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ પણ થશે.

ઉલ્લેખનીય છે કે, સી માઈન્સ કે નેવલ માઈન્સ પાણીની અંદર છુપાવેલા વિસ્ફોટકો છે. આ વિસ્ફોટકો જહાજના સંપર્કમાં આવતા જ ફુટે છે અને જહાજ નષ્ટ થઈ જાય છે. તે કોઈપણ હલનચલન વગર મહિનાઓ સુધી પાણીમાં પડયા રહે છે. તે જહાજોના સંપર્કમાં આવતા જ બ્લાસ્ટ થાય છે. નેવલ માઈન્સ સમુદ્રની સપાટી, તળીયે અથવા તો પાણીની અંદર તરતા એવા મોતના દૂત છે જે મોટા જહાજો અને સબમરીનો માટે તાંડવ સર્જી શકે છે. આમ જોવા જઈએ તો બીજા વિશ્વયુદ્ધમાં નેવલ માઈન્સનો સૌથી વધારે, અસરકારક અને રણનીતિક હથિયાર તરીકે ઉપયોગ થયો હતો. ઓપરેશન સ્ટાર્વેશન તેનું ઉત્તમ ઉદાહરણ હતું. અમેરિકાએ પેસિફિક મહાસાગરમાં ૧૨,૦૦૦ નેવલ સુરંગો ફેલાવી દીધી. તેના દ્વારા અમેરિકાએ જાપાનના ૬૫૦થી વધારે જહાજો નષ્ટ કરી નાખ્યા. જાપાનની નેવીને અને વેપારને વ્યાપક નુકાસન પહોંચાડયું.




જાણકારોના મતે વિવિધ દેશો દ્વારા માઈનલેયર જહાજ દ્વારા નેવલ માઈન્સ લગાવવાનું કામ થાય છે. આ જહાજ માઈન્સ લગાવવા માટે જ ખાસ કરીને ડિઝાઈન કરવામાં આવ્યા હોય છે. આવા જહાજ રેલિંગ દ્વારા માઈન્સને પાણીમાં નાખતા રહે છે. સામાન્ય દેખાતી સ્પીડબોટ્સ અથવા તો વ્યાપારી જહાજ દ્વારા પણ આવી માઈન્સને પાણીમાં નાખી દેવામાં આવતી હોય છે. તે ઉપરાંત સબમરીનો દ્વારા ગુપ્ત રીતે માઈન્સ પાણીમાં ગોઠવવામાં આવે છે.

જાણકારોના મતે સબમરીનો ટોર્પિડો ટ્યૂબ દ્વારા દુશ્મનના દરિયામાં ઘુસીને ત્યાં નેવલ માઈન્સ ફેલાવી આવે છે. અત્યંત ગુપ્ત રીતે આવી કામગીરી પૂરી થઈ જાય છે. ઘણા કિસ્સામાં પ્લેન અને હેલિકોપ્ટરની મદદથી પણ દરિયામાં માઈન્સ ફેલાવવવામાં આવે છે. માઈન્સને પેરાશૂટની મદદથી દરિયા ઉપર ઉતારવામાં આવે છે. આ સિવાય છીછરા પાણીમાં તરવૈયાઓને ઉતારીને પણ માઈન્સ લગાવવાનું કામ કરવામાં આવે છે.

નેવલ માઈન્સ કે મરિન માઈન્સની વાત કરીએ તો સામાન્ય રીતે તે ત્રણ પ્રકારના હોય છે. તેમાં પહેલા પ્રકારના માઈન્સને કોન્ટેક્ટ માઈન્સ કહેવાય છે. જે પરંપરાગત રીતે બનતા માઈન્સ છે. તે જહાજ સાથે ટકરાય છે અને બ્લાસ્ટ થઈ જાય છે. બીજા હોય છે મેગ્નેટિક માઈન્સ. આ માઈન્સ એવા છે જે જહાજ સાથે જોડાયેલા લોખંડથી આકર્ષાય છે અને જહાજની નીચે ચોંટતાની સાથે જ વિસ્ફોટ થાય છે. ત્રીજા પ્રકારના હોય છે એકોસ્ટિક માઈન્સ જે અત્યાધુનિક માઈન્સ છે. તે એન્જિનનો અવાજ અથવા તો પ્રોપેલરનો અવાજ સાંભળીને એક્ટિવ થઈ જાય છે અને જહાજ તેની આસપાસ આવતા જ તે બ્લાસ્ટ થાય છે અને જહાજને વ્યાપક નુકસાન કરે છે.

આ તમામ માઈન્સને દૂર કરવા ખૂબ જ કપરું કામ છે. હોર્મુઝમાં માઈન્સ હન્ટિંગ કરવાનું અને તેને શોધીને નષ્ટ કરવાનું કામ ખૂબ જ મુશ્કેલ માનવામાં આવે છે.

હોર્મુઝની ખાડીમાં પાણીનો પ્રવાહ વધારે છે તેથી માઈન્સ હાલતી ડોલતી રહેતી હોય છે. તેના કારણે તેને લોકેટ કરવી મુશ્કેલ બની જાય છે. અહીંયા સમુદ્રની ઉંડાઈ એકસમાન નથી અને તેના કારણે જ આ કામ વધારે કપરું થઈ જાય છે. નીચે રહેલા ખડકો, જહાજોના કાટમાળ, ઘાસ અને સમુદ્રની વનસ્પતીઓની વચ્ચે પડેલી માઈન્સ શોધવી મુશ્કેલ અને અઘરી થઈ જાય છે. તેથી જ આ કામમાં સમય લાગે તેમ છે.

જાણકારો માને છે કે, હોર્મુઝની ખાડીમાં ઈરાને મોટી સંખ્યામાં નેવલ માઈન્સ બિછાવેલી છે. તેને સંપૂર્ણ રીતે દૂર કરવામાં અને સાફ કરવામાં અંદાજે ઓછામાં ઓછો છ મહિનાનો સમય લાગે તેમ છે. જો વધારે કામ જટિલ હશે તો ૧ વર્ષ પણ લાગે તેમ છે.

જાણકારો માને છે કે, જ્યારે માઈન્સ પ્લાન્ટ કરવાની હોય છે ત્યારે ઓછી રકમમાં કામ પૂરું થઈ જાય છે પણ જ્યારે આ માઈન્સને સુરક્ષિત રીતે બહાર કાઢવાની હોય છે કે નિષ્ક્રિય કરીને બહાર લાવવાની હોય છે ત્યારે તેમાં લાખો ડોલરનો ખર્ચ થતો હોય છે. જ્યાં સુધી સમગ્ર ખાડી અને દરિયાનો રસ્તો સાફ નહીં થાય ત્યાં સુધી કોઈ વીમા કંપની જહાજોને ઓપરેશન માટે પરવાનગી આપશે નહીં કે તેની જવાબદારી પણ લેશે નહીં.

મરિન માઈન્સ દૂર કરવા માટે વિશેષ તકેદારી રાખવામાં આવે છે. માઈન્સવીપર જાહાજો દ્વારા તેને દૂર કરવાનું કામ કરવામાં આવે છે. આ ખાસ રીતે બનાવાયેલા જહાજ હોય છે જેમાં લોખંડનો ઉપયોગ થયો હોતો નથી.

આ લાકડા અને ફાઈબરગ્લાસ દ્વારા બનાવાયેલા વિશેષ જહાજ હોય છે જેનાથી મેગ્નેટિક માઈન્સ સુધી સરળતાથી પહોંચી શકાય છે. આ જહાજની પાછળના ભાગમાં વિશેષ તાર અથવા તો જાળ લગાવવામાં આવે છે. આ જહાજો દરિયામાંથી પસાર થાય છે ત્યારે માઈન્સ સાથે બંધાયેલા તાર અથવા તો સાંકળો કપાઈ જાય છે અને માઈન્સ ઉપર સપાટીએ આવી જાય છે. ત્યારબાદ તેને ગોળી મારીને નષ્ટ કરાય છે અથવા તો ડિફ્યૂઝ કરીને કિનારે લઈ આવવામાં આવે છે. એકોસ્ટિક અને મેગ્નેટિક સિમ્યુલેશન દ્વારા પણ તેને નષ્ટ કરવામાં આવે છે. જહાજ દરિયામાં જતા નથી પણ સુરક્ષિત જગ્યાએથી એવા સાધનો પાણીમાં છોડવામાં આવે છે જે મોટા જહાજોના એન્જિન જેવો અવાજ કાઢે છે અથવા તો તેના જેવું મેગ્નેટિક ફિલ્ડ ઊભું કરે છે. તેના કારણે મરિન માઈન્સને ભ્રમ ઊભો થાય છે કે, મોટા જહાજ પસાર થઈ રહ્યા છે અને તેને નષ્ટ કરવા માટે માઈન્સ બ્લાસ્ટ થઈ જાય છે. આ રીતે માઈન્સ પણ ફુટી જાય છે અને કોઈ નુકસાન પણ થતું નથી. મહત્ત્વની વાત એ છે કે, આજકાલ અંડરવોટર રોબોટ્સ અને ડ્રોન્સ પણ ખૂબ જ ચલણમાં છે.

આ નાના રોબટ્સ, ડ્રોન્સ અને રોબોટિક સબમરીનો હોય છે. તેમાં સોનાર લગાવેલા હોય છે જે માઈન્સ શોધે છે અને તેની નજીક જઈને તેના ઉપર નાના વિસ્ફોટકો લગાવી દે છે. ત્યારબાદ તેને રિમોટ દ્વારા બ્લાસ્ટ કરીને માઈન્સ નષ્ટ કરવામાં આવે છે. આ રીતે માણસો માટે જોખમ ઊભું કર્યા વગર ટેક્નોલોજીની મદદથી માઈન્સ નષ્ટ કરવામાં આવે છે.

બીજી એક નવાઈની વાત એ છે કે, અમેરિકન નેવી અને રશિયન નેવી, ચીનના નેવી તથા કેટલાક દેશોના નેવી દ્વારા ડોલ્ફિન અને સી લાયન્સને ટ્રેનિંગ આપવામાં આવે છે. આ દરિયાઈ પ્રાણીઓ સોનારને અનુભવી શકે છે અને તેના વેજ સાંભળી શકે છે. આ જાનવરો દરિયામાં નીચે જઈને જ્યાં પણ માઈન્સ છે ત્યાં જઈને તેની પાસે માર્કર લગાવી દે છે. ત્યારબાદ મરજીવાઓ નીચે ઉતરે છે અને માઈન્સ શોધી કાઢે છે. આ રીતે પણ માઈન્સ શોધીને તેને નિષ્ક્રિય કરવામાં આવે છે.

# ઈરાનમાં યુદ્ધવિરામ પછી પાક.ના વડાપ્રધાન ટ્રોલ થયા

મધ્યપૂર્વના યુદ્ધ બાબતે પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફની એક સોશ્યલ મીડિયા પોસ્ટ ચર્ચાસ્પદ બની છે. અમેરિકા-ઈરાન વચ્ચે થયેલા કામચલાઉ યુદ્ધવિરામમાં એમની ભૂમિકા પર પ્રશ્નો થયા છે. સોશ્યલ મીડિયા પર એમણે ટીખળ અને ટીકાનો સામનો પણ કરવો પડયો છે. શહબાઝ શરીફે સોશ્યલ મીડિયા એક્સ પર એક પોસ્ટ મૂકી હતી જેમાં એમણે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ ઈરાન સમક્ષ જે કાર્યવાહી કરવા માંગતા હતા એની સમય મર્યાદા લંબાવવાની અપીલ કરી હતી. એમણે લખ્યું હતું કે, કુટનીતિને આગળ વધારવાનો મોકો પાકિસ્તાનને આપે અને સમય મર્યાદા બે અઠવાડિયા સુધી લંબાવી દેવામાં આવે. આ ઉપરાંત એમણે ઈરાનને અપીલ કરી હતી કે હોર્મૂઝ ખાડી ખોલી દે જે વિશ્વની તેલ જરૂરીયાત પૂરી કરવા માટે અગત્યની છે. જોકે પોસ્ટની એડીટ હિસ્ટ્રી ધ્યાન પર આવતા તેઓ ટ્રોલ થયા હતા. લોકોને ખબર પડી ગઈ હતી કે આ સંદેશો પહેલેથી જ તૈયાર કરવામાં આવ્યો હતો અને ત્યાર પછી તેને યોગ્ય રીતે એડીટ પણ કરવામાં આવ્યો નહોતો. એમ મનાય છે કે, અમેરિકાના કહેવાથી જ એમણે આ પોસ્ટ મૂકી હતી.



કોંગ્રેસના સિનિયર નેતા પ્રિયંકા ગાંધી વાડ્રાએ આસામના મુખ્યમંત્રી હિમંત બિશ્વા સરમાએ કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જૂન ખડગે બાબતે કરેલી અપમાનજનક ટીપ્પણીની નિંદા કરી છે. એમણે આ ટીપ્પણીને અત્યંત શરમજનક કહીને વડાપ્રધાન મોદીને સવાલ કર્યો છે કે, શું તેઓ આ અપમાનનું સમર્થન કરે છે? હિમંત વિશ્વા સરમાએ મલ્લિકાર્જૂન ખડગે માટે કહ્યું હતું કે, વૃદ્ધત્વને કારણે ગાંડી થઈ ગયેલી વ્યક્તિઓની જેમ તેઓ બકવાસ કરે છે. ખડગેએ આસામના મુખ્યમંત્રી સામે લાગેલા આરોપોની તપાસ સીબીઆઈ મારફતે કરાવવાની વાત કરી હતી. પ્રિયંકા ગાંધી વાડ્રાએ સોશ્યલ મીડિયા એક્સ પર લખ્યું હતું કે, ખડગે દેશના વરિષ્ઠ નેતાઓમાંના એક છે. તેઓ ફક્ત કોંગ્રેસના નહીં, દલિતો અને વંચીત વર્ગોના પણ નેતા છે. એમનં અપમાન એ દેશના કરોડો લોકોનું અપમાન છે.

વિધાનસભાની છેલ્લી ચૂંટણીમાં તૃણમુલ કોંગ્રેસ સામે ભાજપ જે રીતે હારી હતી એને કારણે હવે સતર્ક થઈ ગઈ છે. આ વખતે પક્ષે પશ્ચિમ બંગાળમાં બહારના નેતાઓની ફોજ તો ઉતારી છે, પરંતુ એમને કેટલીક ખાસ સલાહો પણ આપી છે. પક્ષે આ પ્રવાસી નેતાઓને અજાણી મહિલાઓથી દુર રહેવા, બંગાળી સ્ટાઈલે કપડા પહેરવા, સાર્વજનીક જગ્યાએ રાજકીય દલીલબાજીથી દુર રહેવા અને મીડિયામાં કોઈપણ નિવેદન આપવાથી દુર રહેવા કહ્યું છે. બીજા રાજ્યોમાંથી પશ્ચિમ બંગાળ જતા નેતાઓને પક્ષે કહ્યું છે કે તેઓ સ્થાનિક નેતાઓને આગળ રાખે અને પરદા પાછળ રહીને કામ કરે. કાંજી કરેલા કૂર્તા -પાયજામા પહેરવાથી દુર રહે અને સ્થાનિક લોકો સાથે હળીમળી જવા રસ્તાઓ વિચારે. છેલ્લી ચૂંટણીમાં બહારના નેતાઓની ફોજ ભાજપને ભારી પડી હતી. તૃણમુલ કોંગ્રેસે એ વખતે સ્થાનિક વિરુદ્ધ બહારનાનો મુદ્દો બનાવી ચૂંટણી જીતી હતી.

ભાજપની નવી ટીમના સ્વરૂપ બાબતે રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘે લક્ષ્મણ રેખા ખેંચી છે. ભાજપના પ્રમુખ નીતિન નવીનની નવી ટીમ બનાવવાની તૈયારી બાબતે સંઘ સજાગ છે. સંઘને સૌથી મોટો વાંધો એ વાતે છે કે, નવી પેઢીના નેતાઓ જમીનસ્તરે પરસેવો પાડવાને બદલે આભાસી દુનિયાના રાજકારણમાં જ ગૂંચવાયેલા રહે છે. સંઘનું માનવું છે કે સંગઠનની કોઈપણ વ્યક્તિ વિચારધારાના ભોગે સત્તાનું સુખ ભોગવવા માંગતી હોવી જોઈએ નહીં. પક્ષની કમાન એવા લોકોના હાથમાં હોવી જોઈએ કે જે વૈચારીક રીતે મજબૂત હોય અને લોકો સાથે સીધો સંપર્ક ધરાવતા હોય. સંઘ છેલ્લા થોડા વર્ષોથી એટલા માટે નારાજ છે કે ભાજપના મોટા નેતાઓનો સંપર્ક પ્રજા સાથે ઓછો થઈ રહ્યો છે.

પંજાબમાં વિધાનસભાની ચૂંટણી પહેલા કેટલાક નેતાઓ નવા રાજકીય પક્ષની સ્થાપના કરી રહ્યા છે. વર્ષ ૨૦૧૨, ૨૦૧૭ અને ૨૦૨૨ની ચૂંટણી પહેલા ૧૫ વર્ષના ગાળામાં પંજાબમાં ૭ નવા રાજકીય પક્ષો અસ્તિત્વમાં આવ્યા છે. એમાંથી ત્રણ તો વિખેરાય પણ ગયા છે. બાકીના પક્ષો અસ્તિત્વમાં તો છે, પરંતુ ચૂંટણીમાં કઈ ઉકાળી શક્યા નથી. હવે કોંગ્રેસના નેતા તેમજ ભૂતપૂર્વ ક્રિકેટર નવજોતસિંહ સિદ્ધુના પત્ની નવજોત કૌરએ પણ ભારતીય રાષ્ટ્રવાદી પાર્ટી (ભારપા) ની સ્થાપના કરી છે. સિદ્ધુના ટેકેદારો છેલ્લા કેટલાક સમયથી આ પક્ષના સંપર્કમાં છે. પંજાબમાં ચર્ચા થઈ રહી છે કે સિદ્ધુ શું એમના પત્નીના પક્ષમાં જોડાશે કે કોંગ્રેસમાં જ ચાલુ રહેશે? હજી સુધી તો નવજોતસિંહ સિદ્ધુએ કોંગ્રેસને રામરામ કર્યા નથી. જોકે સિદ્ધુ કોંગ્રેસમાં રહે કે નવા પક્ષ સાથે જોડાય એમનું રાજકીય ભવિષ્ય ઉજળુ નથી.

કર્ણાટક રાજ્યમાં કિશોરીઓમાં પ્રેગન્સીનું પ્રમાણ વધી રહ્યું છે. આ પ્રમાણ ઓછુ કરવા માટે તેમજ યુવતીઓની સુરક્ષા વધારવા માટે સરકારે એક નિર્ણય કર્યો છે. સ્વાસ્થ્ય વિભાગ તરફથી બહાર પાડવામાં આવેલા એક હુકમ પ્રમાણે હવે રાજ્યમાં જેટલી ટીનેજ પ્રેગ્નનસી બહાર આવશે એમનું ઓડિટ કરવામાં આવશે. મતલબ કે પ્રેગન્સીની આસપાસની તમામ માહિતી રેકર્ડ પર લેવી પડશે. જેતે તાલુકાના સ્વાસ્થ્ય અધિકારીએ આવા કિસ્સાઓની સમીક્ષા કરવી પડશે. આ કાર્યવાહી ફક્ત કાગળ પર રહેશે નહીં, પરંતુ અધિકારીઓએ તપાસ કરવી પડશે કે ગર્ભધારણ કઈ પરિસ્થિતિમાં થયું છે. શું કિશોરીને યોગ્ય સમયે સારવાર મળી હતી ખરી કે એમનું શોષણ થયું હતું કે બાળ વિવાહ થયા હતા. સરકારે સાફ કહી દીધું છે કે હવે ટીનેજ પ્રેગ્નનસીનો કોઈપણ કિસ્સો છૂપાવી નહીં શકાય.

એલપીજી સંકટને કારણે દિલ્હીના ગરીબ મજૂરોની જિંદગી મુશ્કેલીમાં મૂકાઈ ગઈ છે. હવે એમની પાસે દિલ્હી છોડીને ફરીથી ગામ જવા સિવાય કોઈ રસ્તો બચ્યો નથી. મોંઘી કિંમતે ગેસ ખરીદવા માટે જો તેઓ પૈસા વાપરી નાખે તો ગામમા રહેતા બાળકો અને કુટુંબીને પૈસા મોકલી શકે એમ નથી. આ ચિંતાને કારણે શ્રમિકો દિલ્હી છોડી વતન જઈ રહ્યા છે. જો તેઓ લાકડા અને કોલસાનો ઉપયોગ કરીને ખાવાનું બનાવે છે તો મકાન માલિક એમને રોકે છે. આવી પરિસ્થિતિમાં ઘણા શ્રમીકો ઉધાર પૈસા લઈને વતન પાછા ફરે છે. મોંઘા ગેસને કારણે એમનું બજેટ બગડી ગયું છે અને તમામ બચત ખર્ચી નાખવી પડી છે. રસોઈ બનાવવા માટે લાકડા જલ્દીથી મળતા નથી અને જો મળે તો બાર કલાક સુધી કામ કરીને તેઓ થાકી જાય છે.

# ધીરજ અને સહનશીલતા કમજોરી નથી,એ તો અંદરની તાકાત છે જે બધા પાસે નથી હોતી!



**વિશેષ**

**યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)**

આજે ચિંતનાત્મક લેખમાં બે પથ્થરો વચ્ચેની એવી વાત કે જે આપણને ખરેખર કંઈક જીવનના બોધપાઠરૂપ બને તે આપણે જોઈએ તો એક નદી પર્વતોમાં થી લાંબી અને કઠિન મુસાફરી કર્યા પછી,ટેકરીઓની તળેટીમાં પહોંચી. તેના બંને કાંઠે અસંખ્ય પથ્થરોના ઢગલા પડ્યા હતા, કેટલાક ગોળાકાર,કેટલાક અંડાકાર અને ઘણા ચોક્કસ આકાર વિનાના.આ બધા વચ્ચે બે પથ્થરો એકબીજાના પરિચય માં આવ્યા તેઓ એકબીજા સાથે તેમના આંતરિક વિચારો અને લાગણી ઓ વ્યક્ત કરવા લાગ્યા બેમાંથી એક સંપૂર્ણપણે ગોળ,સુંવાળો અને દેખીતી રીતે આકર્ષક હતો, જ્યારે બીજો આકારહીન, ખરબચડો અને કંઈક અંશે સારો ન હતો.એક દિવસ,આકારહીન,ખરબચડા પથ્થરે રૂપાળાપથ્થરને પૂછ્યું, 'આપણે બંને દૂરના,ઊંચા પર્વતો માંથી આવીએ છીએ.''પ્રવાહના પ્રવાહથી વહી ગયા પછી,તું આટલો ગોળાકાર,સુંવાળો અને આકર્ષક કેમ છે,જ્યારે હું નથી?

આ સાંભળીને,સુંવાળો પથ્થર બોલ્યો, 'તને ખબર છે, શરૂઆત માં હું બિલકુલ તારા જેવો જ હતો.પણ ત્યારથી,હું ઘણા વર્ષો સુધી સતત વહેતો તૂટતો રહ્યો અને થાકી ગયો છું...કોણ જાણે કેટલા તોફાનોનો સામનો કર્યોછે? અસંખ્ય વખત,નદીના ભયંકર મોજાએ મને ખડકો પર ધકેલી દીધો છે.અને અન્ય સમયે પ્રવાહ મારા શરીરમાં પણ ખોદાઈ ગયો છે...આ બધું સહન કર્યા પછી જ મને આખરે આ સ્વરૂપ મળ્યું.

'તમે જુઓ,મારી પાસે હંમેશા આ મુશ્કેલીઓથી બચવાનો વિકલ્પ હતો-ફક્ત નદી કિનારે આરામથી સૂઈ રહેવું...પણ શું તે ખરેખર જીવવું છે?ના;મારી વિચાર પ્રમાણે,તે મૃત્યુ કરતાં પણ ખરાબ ભાગ્ય છે!

'તમારા હાલના દેખાવથી નિરાશ ન થાઓ.તમારી સામે હજુ પણ સંઘર્ષો છે;છતાં,જો તમે સતત પ્રયત્નશીલ રહેશો,તો એકદિવસ તમે મારા કરતાં પણ વધુ સુંદર, ગોળ,સુંવાળા અને આકર્ષક બનશો.'એવા સ્વરૂપ સાથે સમાધાન ન કરો જે ખરેખર તમારા સ્વભાવને પ્રતિબિંબિત કરતું નથી. આજે,તમે બરાબર એ જ છો જે હું ગઈકાલે હતો... અને કાલે,તમે બરાબર એ જ બનશો જે હું આજે છું..અથવા કદાચ,તેનાથી પણ વધુ સારા!' આ શબ્દો સાથે, સુંવાળા પથ્થરે પોતાનો જવાબ સારી રીતે આપ્યો.

આ પ્રમાણે જે વેશ્યાના ઘરમાં બેઠો છે. તે સતત રાધામાધવનું ધ્યાન કરે છે, ત્યારે મંદિરમાં પહોંચેલો વૃત્ત શું કરે છે તે જોઈએ. વૃત્તનું ધ્યાન ઈશ્વરમાં લાગતું નથી. ચિત્ત ઈશ્વરમાં ચોંટતું નથી.તે તનથી મંદિરમાં હતો પણ તેનું મન મંદિરમાં નથી. તે વિચાર કરે છે કે, વેશ્યા હતી તો અતિ સુંદર. હું પણ ત્યાં રહ્યો હોત તો ખોટું ન હતું! આ પ્રમાણે મંદિરમાં તે વેશ્યાનું ચિંતન કરે છે. બેઠો છે મંદિરમાં પણ તેનું મન છે વેશ્યામાં!પરિણામ તમે કલ્પી શકશો. અવૃત્તને મુક્તિ મળી અને વૃત્તને અધોગતિ મળી

અવૃત્ત વેશ્યાના ઘરમાં ભગવાન નું ચિંતન કરતાં કરતાં વિષ્ણુલોક ને પામ્યો, ત્યારે વૃત્ત મંદિરમાં વેશ્યાનું ચિંતન કરતાં કરતાં નરકમાં ગયો.માટે દેહશુદ્ધિ નહીં, મનશુદ્ધિ જરૂરની છે. ગોપીઓ કહે છે કે, અમારા મનમાં કોઈ વિકાર વાસના નથી. અમે તમારી પાસે આવીએ છીએ.ભગવાન ગોપી ઓને પૂછે છે કે, તમારા મનમાં કોઈ વિકાર નથી તેનું પ્રમાણ શું? ત્યારે ગોપી કહે છે કે, તમે જ પ્રમાણ છો. તમે અમારી અંદર બેઠાં છે.ગોપીઓ કેવી રીતે દ્દઢતાથી જ જવાબ આપે છે તે જોવાનું છે. સંપૂર્ણ વૈરાગ્ય,સંપૂર્ણ પરાભક્તિ વિના એ શક્ય નથી.

ઈશ્વર પરિપૂર્ણ વૈરાગ્ય, પરિપૂર્ણ પ્રેમ-ભક્તિ,પરિપૂર્ણ જ્ઞાન માગેછે

ગોપીઓ કહે છે કે, તમે અમારી અંદર બિરાજો છો, તમે અમારા મનના ભાવ જાણો છો.તમે અજાણ બની શા સારુ પૂછો? જાતે જ જોઈ લો ને કે અમારી અંદર શું છે ને શું નથી. શરીરનો પતિ ઘરમાં છે, પણ આત્માના સાચા પતિ તો આપ છો. આપે કહ્યું કે પતિમાં ઈશ્વરની ભાવના રાખી પતિની સેવા કરો. પતિમાં ઈશ્વરની ભાવના તે રાખે કે જેને ઈશ્વર ન દેખાય, પણ આપનાં પ્રત્યક્ષ દર્શન કર્યા પછી અન્યમાં તમારી ભાવના કરવાની જરૂર રહેતી નથી.ભાવના સદા વિયોગમાં હોય, સંયોગમાં નહીં. પરમાત્માનાં પ્રત્યક્ષ દર્શન ન થાય ત્યારે મૂર્તિમાં ભગવાનની ભાવના કરવી પડે છે,પણ તમારાં દર્શન થયા પછી હવે તમને છોડી બીજા શામાં અમે ભાવના કરીએ?અને પતિ એટલે કોણ? મૃત્યુના ભયથી રક્ષણ કરે એ જ પતિ છે તે તો આપ પરમાત્મા જ



છો.જીવમાત્ર ના સાચા પતિ ઈશ્વર તે આપછો આપના વિના બીજો કોણઅમને બચાવે એવો છે? તેથી સમજીને અમે આપના ચરણનો આશ્રય કર્યો છે.

ગોપીઓ કહે છે કે, પતિવ્રતા ધર્મ ચિત્તશુદ્ધિ માટે છે અને ચિત્તશુદ્ધિ પ્રભુપ્રાપ્તિ માટે છે. એ પ્રભુપ્રાપ્તિ તો અમને તમારાં દર્શનથી થઈ.હવે પાછા ચક્કરમાં શા સારું ફસાઈએ?શ્રીકૃષ્ણ કહે મેં તમને પતિવ્રતા સ્ત્રીનો દાખલો આપ્યો કે,ઘરમાં રહી તેણે સિદ્ધિ પ્રાપ્ત કરેલી.તમે પણ તેવી સિદ્ધિ પ્રાપ્ત કરો. વાચક ચાહક મિત્રો આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

## અમદાવાદમાં JITO(જીતો) દ્વારા સામૂહિક નવકાર જાપનું આયોજન કરવામાં આવ્યું

# વિશ્વ નવકાર મહામંત્ર દિવસની ઉજવણીમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની વર્ચ્યુઅલ ઉપસ્થિતિ.....

### નવકાર મહામંત્ર આપણા ચૈતન્યને જાગૃત કરે છે અને શુભ સંકલ્પોને બળ આપી જીવનને ઉર્ધ્વગતિ પ્રદાન કરે છે : કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ







**અમદાવાદ, તા.09**

'વિશ્વ નવકાર મહામંત્ર દિવસ' નિમિત્તે અમદાવાદમાં GMDC ગ્રાઉન્ડ ખાતે સામૂહિક નવકાર જાપ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

દિલ્હી ખાતે આયોજિત સામૂહિક નવકાર જાપ કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ ઉપસ્થિત રહ્યા હતા. સામૂહિક નવકાર જાપ કાર્યક્રમમાં જોડાઈને કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ વિશ્વશાંતિ માટે આહવાન કર્યું હતું.

આ પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, જ્યારે સમગ્ર વિશ્વ સંઘર્ષના માર્ગે છે, ત્યારે 9મી એપ્રિલના રોજ સામૂહિક નવકાર મંત્રના જાપ દ્વારા શાંતિનો સંદેશ ફેલાવવાનું જીતો(JITO)નું આ કાર્ય અત્યંત પ્રશંસનીય છે. તેમણે ઉમેર્યું કે નવકાર મંત્ર એ માત્ર ધાર્મિક મંત્ર નથી, પરંતુ એક નિરાકાર, નિરપેક્ષ અને સાર્વભૌમિક પ્રાર્થના છે, જે કોઈપણ જાતિ, ક્ષેત્ર કે ધર્મના ભેદભાવ વિના સમગ્ર વિશ્વના કલ્યાણની ભાવના જગાડે છે.

યુવા પેઢીને મંત્રશક્તિનું મહત્વ સમજાવતા શ્રી શાહે જણાવ્યું હતું કે, મંત્ર આપણા ચૈતન્યને જાગૃત કરે છે અને શુભ સંકલ્પોને બળ આપી જીવનને ઉર્ધ્વગતિ પ્રદાન કરે છે. આજના તર્કપ્રધાન યુવાનોને ઉદાહરણ આપતા તેમણે કહ્યું કે, જેવી રીતે દવાની જૈવિક પ્રક્રિયા જાણ્યા વગર પણ તે રોગ મટાડવામાં મદદરૂપ થાય છે, તેવી જ રીતે નવકાર મંત્રનું શ્રદ્ધાપૂર્વકનું રટણ વ્યક્તિગત અને વૈશ્વિક સ્તરે સકારાત્મક પરિવર્તન લાવે છે. આ મહામંત્રમાં રહેલા 'નમો' શબ્દનો અર્થ વિશુદ્ધ સમર્પણ છે, જે મનુષ્યના અહંકારને ઓગાળીને તેને આંતરિક શત્રુઓ પર વિજય મેળવવાની પ્રેરણા આપે છે.

ગૃહ મંત્રીશ્રીએ પંચ પરમેષ્ઠીના મહિમાનું વર્ણન કરતા કહ્યું હતું કે, નવકાર મંત્ર એ અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એવા પાંચ પરમેષ્ઠીઓના 108 ગુણોને વંદન કરવાનો માર્ગ છે. આ મંત્ર આંતરિક શત્રુઓ જેવા કે ક્રોધ, માન, માયા અને લોભ પર વિજય મેળવવાનો માર્ગ પ્રશસ્ત કરે છે.

તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે કરોડો લોકો દ્વારા કરવામાં આવતા આ સામૂહિક નવકાર જાપથી વાતાવરણની શુદ્ધિ થશે, મનના વિકારો શાંત થશે અને પરસ્પર સમજણની શક્તિ વધશે. જીતો દ્વારા આ મંત્રને નવી પેઢી સુધી પહોંચાડવાના પ્રયાસો આવનારી પેઢીના જીવનને દિવ્ય બનાવવામાં મોટું યોગદાન આપશે.

અત્રે ઉલ્લેખનીય છે કે વિશ્વ શાંતિ અને અહિંસાનો સંદેશ ફેલાવવાના ઉદ્દેશ્ય સાથે JITO(જીતો) દ્વારા સામૂહિક નવકાર જાપ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દેશ વિદેશમાંથી જૈન સમુદાયે સહભાગી થઈને સામૂહિક નવકાર મંત્રજાપ કર્યો હતો. અમદાવાદમાં GMDC ગ્રાઉન્ડ સહિત વિવિધ ઉપાશ્રયોમાંથી જૈન સમુદાયના લોકો આ સામૂહિક નવકાર મંત્ર જાપમાં સહભાગી થયા હતા.

આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જૈન ઈન્ટરનેશનલ ટ્રેડ ઑર્ગેનાઈઝેશન(JITO) દ્વારા વિશ્વકલ્યાણ, અહિંસા, સદભાવના અને આધ્યાત્મિક મૂલ્યોના પ્રસાર માટે આયોજિત સામૂહિક નવકાર જાપ કાર્યક્રમને શુભેચ્છા સંદેશ પાઠવ્યો હતો.

JITO(જીતો) સંસ્થાના પદાધિકારીઓ/હોદ્દેદારો આ પ્રસંગે પ્રાસંગિક ઉદબોધન કર્યા હતા. સૌએ નવકાર મંત્રના આધ્યાત્મિક મહત્વ અને સામાજીક એકતા, સંસ્કાર અને સદભાવના વધારવા માટે નવકાર જાપનું મહત્વ સમજાવ્યું હતું. તેમણે JITO(જીતો) ના વિવિધ સમાજલક્ષી કાર્યો વિશે ઉપસ્થિતોને માહિતગાર કર્યા હતા.

GMDC ગ્રાઉન્ડ ખાતે આયોજિત સામૂહિક નવકાર જાપ કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રી કૌશિકભાઈ જૈન તથા JITO(જીતો) અને તેની સાથે સંકળાયેલી સંસ્થાઓના પદાધિકારીઓ, હોદ્દેદારો સહિત મોટી સંખ્યામાં જૈન સમુદાયના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદ મંડળમાં અપગ્રેડેશન મામલાઓ પર મહત્વપૂર્ણ ન્યાયિક નિર્ણય

### 3 વર્ષથી લંબિત 10 કેસનો એક મહિનામાં નિરાકરણ, 321 કર્મચારીઓને પ્રમોશનનો લાભ

**અમદાવાદ, તા.09**

અમદાવાદ મંડળ હેઠળ કાર્યરત કેટલાક રેલવે કર્મચારીઓ દ્વારા વેતન મેટ્રિક્સના લેવલ-7 થી લેવલ-8માં અપગ્રેડેશન માટે બહાર પાડવામાં આવેલી પાત્રતા યાદીને પડકારતા, કેન્દ્રીય વહીવટી અધિકરણ (Central Administrative Tribunal - CAT), અમદાવાદ સમક્ષ કુલ 10 મૂળ આવેદન (Original Applications) રજૂ કરવામાં આવ્યા હતા. આ તમામ કેસો લગભગ ત્રણ વર્ષથી લંબિત હતા, જેના કારણે સંબંધિત કર્મચારીઓમાં અનિશ્ચિતતા સર્જાઈ હતી.

મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશના માર્ગદર્શન હેઠળ તથા વરિષ્ઠ મંડળ કાર્મીક અધિકારી શ્રી સિદ્ધાર્થ અને કાયદા અધિકારી શ્રી મુકેશ શ્રીવાસ્તવ તથા તેમની ટીમના સંયુક્ત પ્રયત્નોથી આ કેસોના ઝડપી નિરાકરણ માટે વિશેષ પહેલ કરવામાં આવી. જેના પરિણામે બંને પક્ષોની નિષ્પક્ષ દલીલો બાદ તમામ 10 કેસોનો નિર્ણય માત્ર એક મહિનામાં કરવામાં આવ્યો.

રેલવે બોર્ડના પત્ર મુજબ કેટલીક શ્રેણીઓમાં 50% પદોને લેવલ-7 થી લેવલ-8માં અપગ્રેડ કરવામાં આવ્યા હતા. આ પ્રક્રિયા હેઠળ પાત્ર કર્મચારીઓ માટે પસંદગી/પાત્રતા યાદી જાહેર કરવામાં આવી હતી. કેટલાક કર્મચારીઓએ દલીલ કરી હતી કે આ માત્ર આર્થિક લાભ (Financial Upgradation) છે, તેથી તેમાં આરક્ષણ (Reservation) લાગુ ન થવું જોઈએ. આ આધાર પર પાત્રતા યાદીને CATમાં પડકારવામાં આવી હતી.

માનનીય CAT, અમદાવાદે 06.04.2026ના પોતાના આદેશમાં સ્પષ્ટ કર્યું કે આ અપગ્રેડેશન માત્ર વેતન વૃદ્ધિ નથી, પરંતુ તેમાં પ્રમોશનની તમામ જરૂરી લક્ષણો સામેલ છે, તેથી તેને પ્રમોશન તરીકે જ માનવામાં આવશે.

લેવલ-7 થી લેવલ-8નું આ અપગ્રેડેશન "સામાન્ય આર્થિક ઉન્નતિ" નથી, પરંતુ "કેડર રીસ્ટ્રક્ચરિંગ દ્વારા પ્રમોશન (Promotion through Cadre Restructuring)" છે. તેથી આ પ્રક્રિયામાં આરક્ષણના નિયમો લાગુ રહેશે.

આ નિર્ણય એક મહત્વપૂર્ણ 'લેન્ડમાર્ક જજમેન્ટ' તરીકે સામે આવ્યો છે, જેનાથી માત્ર અમદાવાદ મંડળ જ નહીં પરંતુ સમગ્ર પશ્ચિમ રેલવે ઝોન તથા ભારતીય રેલવેના કર્મચારીઓને માર્ગદર્શન અને લાભ મળશે. આ નિર્ણય ભવિષ્યમાં આવા તમામ કેસો માટે સ્પષ્ટ દિશા નક્કી કરશે.

નિર્ણય પ્રાપ્ત થતાં જ અમદાવાદ મંડળના કાર્મીક વિભાગ દ્વારા તાત્કાલિક પગલાં લઈ તમામ 10 કેસોના આદેશોનું એક જ દિવસે સંપૂર્ણ અને અસરકારક અમલીકરણ સુનિશ્ચિત કરવામાં આવ્યું.

આ મહત્વપૂર્ણ નિર્ણયના પરિણામે અમદાવાદ મંડળની 10 વિવિધ શ્રેણીઓમાં કુલ 321 કર્મચારીઓને લેવલ-8માં પ્રમોશનનો લાભ મળ્યો છે.



દીવડા કોલોની - અમદાવાદ બસ રૂટ............. મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના દીવડા કોલોની વસાહતમાં તારીખ 8/4/2026. ના રોજથી બંધ થયેલ શિડયુલ ચાલુ કરવામાં આવતા પ્રજાજનોમાં આનંદની લાગણી પ્રવર્તે છે. આ રૂટ બંધ કરાતા વસાહતના તેમજ આજુબાજુના અનેક મુસાફરોને ખૂબ જ હાલાકી નો સામનો કરવાનો સમય આવ્યો હતો.જેથી આ અંગે જાગૃત નાગરિકો શ્રી ગટુભાઈ શ્રી ભરતભાઈ શ્રી મનહરભાઈ શ્રી વિશ્વજીતસિંહ શ્રી પ્રદિપસિંહ શ્રી ચંદ્રકાંતભાઈ તેમજ કડાણા ગ્રુપ ગ્રામ પંચાયતના સરપંચ શ્રી જયંતીભાઈ એમ.પ્રજાપતિ ના પ્રયત્નોથી સદરહુ મુશ્કેલીઓની રજૂઆત કરાતા લુણાવાડા ડેપો મેનેજર શ્રી જાગૃતિબેન ગણાવા તેમજ ગોધરા ડી.ટી.ઓ.શ્રી સંગાડા સાહેબને યોગ્ય અને પ્રજાનાહિત ને અનુલક્ષીને આવશ્યક જણાતા પુન બસ રૂટ શરૂ કરવામાં આવેલ છે. આ કાર્યમાં સહકાર આપનાર તમામ ગ્રામજનો સર્વે પદાધિકારીઓનો અંતઃકરણ પૂર્વક આભાર વ્યક્ત કરે છે........(ભરતભાઈ એ. પંડ્યા. દીવડા કોલોની.)

# અમદાવાદમાં જાહેર મિલકતોની વિકૃતિ થતી અટકાવવા સંદર્ભે શહેર પોલીસ કમિશનરનું જાહેરનામું બહાર પડાયું

**અમદાવાદ, તા.09**

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે નંબર: વિ.શા/એ-સે/પરમીટ/જાહેરનામું/અ.મ્યુ.કો.ચૂં/ જાહેર મિલ્કતોને વિકૃતિ થતી અટકાવવા અંગે / ૩૯ / ૨૦૨૬ તા.૦૨/૦૪/૨૦૨૬

રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના તા.૦૧/૦૪/૨૦૨૬ સુચના પત્ર દ્વારા આદેશો બહાર પાડવામાં આવેલ છે. જે અન્વયે અમદાવાદ મહાનગર પાલિકા ચૂંટણી તા.૨૬/૦૪/૨૦૨૬ ના રોજ યોજાનાર છે. રાજ્ય ચૂંટણી પંચના તા.૧૯/૦૩/૨૦૦૮ ના પત્ર ક્રમાંક: ચટણ/અચર-૩(૪)/ ૨૨૦૦૮-ક અને ભારતના ચૂંટણી પંચના તા.૦૮/૦૩/૨૦૦૭ ના પત્ર નં.૦૩/૦૭/૨૦૦૭/ જેએસ-૨ તથા રાજ્ય ચૂંટણી પંચના તા.૦૬/૦૧/૨૦૧૦ ના પત્ર નં.રાચપ/ ચટણ/ સીઓસી/ સ્થા.સ્વ./૧૩૮ (૧)/૧૨૨૦૦૯ક નાં ફકરા નં.૮ માં શુ કરવું ? તે શીર્ષક હેઠળ જણાવેલ સુચનાઓ પ્રમાણે અમલ કરવાનો થાય છે. ચૂંટણી પ્રચાર માટે જાહેર મિલ્કતોના બગાડ ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલ છે અને મિલ્કતોને વિકૃત થતી અટકાવવા સુચનાઓ આપેલ છે. જેથી મુક્ત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી થાય તે માટે નીચેની બાબતો પર પ્રતિબંધ ફરમાવવો જરૂરી જણાય છે.

આથી, હું જી.એસ. મલિક, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે મને મળેલ સત્તાની રૂએ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેરની હુકમત હેઠળ આવતા હદ વિસ્તાર માટે નીચે મુજબના પ્રતિબંધાત્મક આદેશ કરવામાં આવે છે.

(૧) કોઈપણ રાજકીય પક્ષ, સંસ્થા, ચૂંટણીના ઉમેદવાર કે તેમના કાર્યકર, સમર્થક કે સહાનુભૂતિ રાખનાર કે અન્ય કોઈ વ્યકિત કોઈપણ સરકારી મકાન (સિવીલ મકાન સહિત) દિવાલ પર તથા જાહેર સ્થળે લખાણ લખી શકશે નહી. અથવા પોસ્ટર/ કાગળો ચોંટાડી કે કોઈપણ રીતે બગાડી શકશે નહી અથવા જાહેરાતના પુંઠા, પાટીયા, બેનર્સ, ધજા વગેરે રાખી/નિદર્શન કરી શકશે નહી.

(૨) આ હેતુ માટે સરકારી મકાન/ જાહેર સ્થળમાં કોઈપણ સરકારી કચેરી અને તેના પ્રાંગણ જેમાં કચેરી મકાન આવેલ હોય તે તેમજ અગત્યની સુચનાઓ અને રસ્તાઓની દિશા સુચવતા પાટીયા, હાઈવે ઉપરના માઈલ સ્ટોન અને બોર્ડ રેલવે લેવલ ક્રોસીંગ ઉપરના ચેતવણી આપતા બોર્ડ, રેલવે પ્લેટફોર્મ ઉપરના બોર્ડ, બસ સ્ટેન્ડ ઉપરના બોર્ડ, લોકોને ચેતવણી આપતા બોર્ડ, ટેલીફોન તથા ઈલેક્ટ્રીકના થાંભલાઓ, નગરપાલિકા અને પંચાયત જેવી સ્થાનિક સંસ્થાઓ, સહકારી સંસ્થાઓની મિલ્કતો, સરકારશ્રીના જાહેર ઉપક્રમોની મિલ્કતો, રાજ્ય કે કેન્દ્ર સરકારની કચેરીઓના મકાનો, જાહેર માર્ગો અને એસ.ટી./ એ.એમ.ટી. એસ / બી. આર.ટી.એસ.બસ સ્ટોપ અને વાહનોનો સમાવેશ થશે.

આ હુકમ તા.૦૩/૦૪/૨૦૨૬ ના કલાક ૦૦/૦૦ થી તા.૩૦/૦૪/૨૦૨૬ ના કલાક ૨૪/૦૦ સુધી અમલમાં રહેશે.

શિક્ષા :- આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ ૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

જાહેર વિજ્ઞાપન :- હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડી અમદાવાદ શહેર પોલીસના તમામ Social media એકાઉન્ટસ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત/ અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ ૨૨૩ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

## ટ્રેક નવીનીકરણ કાર્ય માટે લેવલ ક્રોસિંગ નંબર 109 (પીપલી-વરાહી) પર 12 દિવસ માટે માર્ગ વાહન વ્યવહાર અસ્થાયી રૂપે બંધ રહેશે

**અમદાવાદ, તા.09**

અમદાવાદ મંડળ અંતર્ગત રેલ સુરક્ષા અને આધુનિકીકરણને ધ્યાનમાં રાખીને પીપલી-વરાહી ખાંડ પર રેલ કિમી 127/1-2 પર આવેલ લેવલ ક્રોસિંગ નંબર 109 પર ટ્રેક નવીનીકરણ કાર્ય હાથ ધરવામાં આવશે. આ કાર્યને કારણે માર્ગ વાહન વ્યવહારને તા. 11 એપ્રિલ, 2026ના સવારે 07:00 વાગ્યાથી તા. 22 એપ્રિલ, 2026ના રાત્રે 22:00 વાગ્યા સુધી (કુલ 12 દિવસ) માટે અસ્થાયી રૂપે બંધ રાખવામાં આવશે. યાત્રીઓ અને માર્ગ ઉપયોગકર્તાઓની સુરક્ષાને ધ્યાનમાં રાખીને આ સમયગાળા દરમિયાન માર્ગ વાહન વ્યવહારને રેલ કિમી 128/2-3 પર આવેલ લેવલ ક્રોસિંગ નંબર 111 (પીપલી-વરાહી) મારફતે ડાયવર્ટ કરવામાં આવશે. ટ્રેક નવીનીકરણ કાર્ય પૂર્ણ થવાથી રેલ સુરક્ષામાં વધારો થશે, અકસ્માતોની સંભાવના ઘટશે તેમજ ટ્રેનોનું સંચાલન વધુ સુવ્યવસ્થિત અને સમયસર થઈ શકશે. ઉપરાંત ટ્રેકની ગુણવત્તામાં સુધારાથી જાળવણીની જરૂરિયાત ઘટશે અને યાત્રીઓ તેમજ માર્ગ ઉપયોગકર્તાઓને વધુ સુરક્ષિત અને ઉત્તમ સુવિધાઓ પ્રાપ્ત થશે. રેલવે પ્રશાસન દ્વારા સામાન્ય જનતાને અપીલ કરવામાં આવે છે કે તેઓ દર્શાવેલ સમયગાળા દરમિયાન નિર્ધારિત વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરે અને સહકાર આપે, જેથી કાર્ય સુચારુ રીતે પૂર્ણ થઈ શકે અને કોઈપણ પ્રકારની અસુવિધાથી બચી શકાય.

## ગોરખપુર સ્ટેશન પર FOB નિર્માણ કાર્યને કારણે ટ્રેનો પ્રભાવિત

મુસાફરોની સુવિધાઓના ઉન્નયન અને રેલવે અવસંરચનાને મજબૂત બનાવવા માટે ઉત્તર પૂર્વ રેલવેના ગોરખપુર સ્ટેશન પર પ્લેટફોર્મ નંબર 5 અને 6 પર ફૂટ ઓવર બ્રિજ (FOB)ના નિર્માણ માટે ટ્રાફિક અને પાવર બ્લોક લેવામાં આવી રહ્યો છે. આ કામને કારણે ટ્રેન નંબર 19489/19490 અમદાવાદ-ગોરખપુર-અમદાવાદ એક્સપ્રેસના સંચાલનમાં આંશિક ફેરફાર કરવામાં આવ્યો છે. ટ્રેન નંબર 19489 અમદાવાદ-ગોરખપુર (સપ્તાહમાં 6 દિવસ) તા. 30 એપ્રિલ, 01, 02, 03, 05, 06, 07 અને 08 મે 2026ના રોજ ગોરખપુર કેન્ટ સ્ટેશન સુધી જ જશે (શોર્ટ ટર્મિનેટ) અને ગોરખપુર કેન્ટ-ગોરખપુર વચ્ચે રદ્દ રહેશે. ટ્રેન નંબર 19490 ગોરખપુર-અમદાવાદ (સપ્તાહમાં 6 દિવસ) તા. 01, 02, 03, 04, 06, 07, 08 અને 09 મે 2026ના રોજ ગોરખપુર કેન્ટ સ્ટેશનથી જ શરૂ થશે (શોર્ટ ઓરિજિનેટ) અને ગોરખપુર-ગોરખપુર કેન્ટ વચ્ચે રદ્દ રહેશે. ટ્રેનોના સમય, સ્ટોપેજ અને અન્ય માહિતી માટે www. enquiry.indianrail.gov.in ની મુલાકાત લો.

# અમદાવાદમાં ચૂંટણી પ્રચારમાં ત્રણ થી વધુ કાર વાહનોને સુરક્ષા કોનવે કાફલા અંગેનું પોલીસ કમિશનરનું જાહેરનામું

**અમદાવાદ, તા.09**

ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ અન્વયે નંબર: વિ.શા/એ-સે/ પરમીટ/જાહેરનામું/અ.મ્યુ.કો. ચૂં/ ત્રણથી વધુ કાર/વાહનોને સુરક્ષા (CONVOY) કાફલા અંગે/ ૩૬/૨૦૨૬ તા. ૦૨/૦૪/૨૦૨૬

રાજ્ય ચૂંટણી આયોગ, ગાંધીનગરના તા.૦૧/૦૪/૨૦૨૬ સુચના પત્ર દ્વારા આદેશો બહાર પાડવામાં આવેલ છે. જે અન્વયે અમદાવાદ મહાનગર પાલિકાની ચૂંટણી તા.૨૬/૦૪/૨૦૨૬ નારોજ યોજાનાર છે. ગુજરાત રાજ્ય ચૂંટણી પંચના પત્ર ક્રમાંક: ચટણ/ અચર/ ૩(૪)/ ૩૨૦૦૮ક વર્ષ-૨૦૦૮ તથા ભારતના ચૂંટણી પંચના તા.૨૩/૧૧/૨૦૦૭ ના પત્ર ક્રમાંક: ૪૩૭/ ૬/ ૨૦૦૬/ પીએલએન-III થી સરકારી વાહનોના ઉપયોગ સંબંધે સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે. જે મુજબ ત્રણથી વધુ કાર/ વાહનોને સુરક્ષા (CONVOY) કાફલા રૂપે જવા દેવા પર પ્રતિબંધ ફરમાવવાનું મુક્ત અને ન્યાયી વાતાવરણમાં ચૂંટણી થાય તે માટે જરૂરી જણાય છે. હું જી.એસ. મલિક, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ થી મને મળેલ અધિકારની રૂએ નીચે પ્રમાણે ફરમાવું છું. (૧) ચૂંટણીપંચના પ્રવર્તમાન આદેશ મુજબ નક્કી થયેલ આચાર સંહિતાનો અમલ ચુસ્તપણે થાય તે ઉદેશથી કોઈ પણ રાજકીય પક્ષ કે ચૂંટણીના ઉમેદવારો સીધી કે આડકતરી રીતે સંકળાયેલ અન્ય કોઈપણ વ્યક્તિ ઉપર જણાવેલ વિગતે ત્રણથી વધુ વાહનોના બનેલ કાફલામાં કાર/ વાહનમાં જવા ઉપર પ્રતિબંધ ફરમાવું છું. (૨) વાહનોનો અર્થ પરીવહનના હેતુ માટે ઉપયોગમાં લઈ શકાય તેવા યંત્ર શકિતથી કે અન્ય રીતે ચાલતાં કોઈપણ પ્રકારના વાહનનો સમાવેશ થાય છે. (૩) આ હુકમ અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરશ્રીની હુકમત હેઠળ આવતા સમગ્ર વિસ્તારને લાગુ પડશે. (૪) આ હુકમનો ભંગ કરનાર શખ્સ અનુક્રમે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ ની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

# ઈશા ઉપનિષદમાં ઈશ્વરને સર્વ નિર્માતા અને સ્વયંને નિમિત્ત માત્ર માનવાનો ઈશારો કર્યો છે

હે ઈશ્વર.


આપનાં શ્રીચરણોમાં મારાં સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ચિંતનની ધારા સોમથી રવિવાર સુધી નક્કી કરાયેલાં જુદાં જુદાં વિષય આસપાસ વહે છે, અને સાંપ્રત સમયમાં તનાવ ભરેલાં સૌના જીવનને સદગુરુ કૃપા થકી અજવાળાં પ્રદાન કરવાં નિઃસ્વાર્થ અને નિષ્પક્ષ કોશિશ કરે છે. ચિંતનની ક્ષણેનાં ખૂબ ચાહકો છે, અને ખૂબ બધાં પ્રતિભાવ પણ આવે છે, કે આપણી સનાતન સંસ્કૃતિનાં મર્મ સમજાવતાં આપનાં આધ્યાત્મિક લેખોની શૈલી ખરેખર બહુ સરળ હોય છે, તો આપ એની પર વધુ પ્રકાશ પાડો! લેખ માટે કાયમ સદગુરુ કૃપા જ મુખ્ય બળ છે, એટલે જેમ પ્રેરણા થશે એમ લખાશે. ક્યારેક ક્યારેક એવું લાગે કે આપણી હિન્દુ સનાતન સંસ્કૃતિ એનાં વૈદિક શાસ્ત્રોમાં કહેવાયેલી વાતને ન સમજી શકવાને કારણે જ વધુ જટિલ બની છે! આપણે ત્યાં ઈશ્વરને સાકાર અને નિરાકાર બંને સ્વરૂપે માનવામાં આવે છે, અને આ ઉપરાંત અદ્વૈત, દ્વૈત, વિશિષ્ટ દ્વૈત, શુદ્ધાદ્વૈત અને એમાં પણ કેટલુંય! મનુષ્યનાં જીવન માટે ચાર વેદ પણ અહીં ઉપલબ્ધ છે, આ ઉપરાંત શિવ પુરાણ દેવી પુરાણ જેવાં અઢાર પુરાણનાં ગ્રંથો! તેની સંહિતાઓ અને તેની પરનાં ટીકા ટીપ્પણી કે ભાષ્યો! આ બધું અધ્યાત્મનાં વિષયને વધુને વધુ ગહન બનાવતું જાય છે. યુગો યુગોથી માનવી સાધનાને નામે એમાં અટવાતો જાય, પણ અંતે જ્યારે કંઈ પ્રાપ્ત કરે, ત્યારે એને એવું થાય, કે કેટલી સરળ પદ્ધતિ હતી! એને મેં આટલી જટિલ શું કામ બનાવી? પરંતુ હિન્દુ સંસ્કૃતિની એક વિશેષતા એ રહી કે સંસારીઓને મુક્તિ માટે ઘર પરિવાર છોડી હિમાલય કે અન્ય પર્વતોની ગિરિકંદરામાં જવાનું નથી, સંસારમાં રહી સંસારનાં વ્યવહારો નિભાવતાં નિભાવતાં પણ એ પરમ તત્વને પામી શકે છે, સાક્ષાત્કાર કરી શકે છે! વેદનાં સાર કહેવાતાં ઉપનિષદીય સૂત્રો જીવનમાં ઉતારીને જીવનને એક નિશ્ચિત આયામ સુધી દોરી જઈ શકાય છે. વેદોનાં સારને ઉપનિષદ કહેવાય છે, ઉપનિષદનો અર્થ બાપુ બહુ સરસ કરે છે કે, એષ ઉપદેશ.. એષ આદેશ.. આમ તો ઉપનિષદનાં મુખ્ય દસ જ ભાગ બતાવાયા છે, પરંતુ પેટા વિભાગમાં વહેંચવામાં આવે તો 108 ઉપનિષદ છે. સૌથી પહેલું ઉપનિષદ ઈશા ઉપનિષદ છે, અને એનો પ્રથમ શ્લોક આપણી સંસ્કૃતિનો પાયો છે, એમ કહી શકાય, તો એને વિશે ચિંતન કરીશું.

*ઈશા ઉપનિષદ*

ઈશા વાસ્યમિદં સર્વં યત્કિં ચ જગત્યાં જગત્ |

તેન ત્યક્તેન ભુંજીથા મા ગૃધઃ કસ્યસ્વિદ્ધનમ્ ॥ ૧ ॥

શુક્લ યજુર્વેદના 40 માં અધ્યાય તરીકે ઈશા ઉપનિષદનો સંદર્ભ ટંકાયેલો છે. માત્ર 18 શ્લોકનાં આ નાનકડા ઉપનિષદમાં બહુ મોટી વાત કહેવામાં આવી છે. આમ તો દરેક ઉપનિષદ નો આરંભ અને અંત બેય શાંતિ મંત્રથી કરવામાં આવે છે, એટલે કે સાધક મૂળ મુદ્દે શાંતિની શોધ માટે જ આધ્યાત્મક પાથ પર યાત્રા કરે છે. વિશ્વની શાંતિ ઈચ્છીએ છીએ તો પહેલા ખુદ એટલે કે સ્વયંનું શાંત થવું પણ એટલું જ જરૂરી છે, અને તેથી આજના ચિંતનમાં આ વિષયનો સમાવેશ કરવામાં આવ્યો છે! આ શ્લોકનાં ગૂઢાર્થને સમજવામાં આવે તો મોટાભાગનાં સાંસારિક ઝઘડાઓ સમાપ્ત થઈ જાય.



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

આ ઉપનિષદનાં પ્રથમ શ્લોકમાં ઈશ્વર તત્વની વાત કરવામાં આવી છે, અને કહેવામાં આવ્યું છે કે જડ અને ચેતન એમ જ ગ ત ની ઉત્પત્તિનાં તમામ કારણોમાં ઈશ્વર તત્વ સરખી રીતે જ વ્યાપ્ત છે! એટલે કે કીડીમાં ઓછું અને અન્ય મોટા પ્રાણીમાં વધુ એવું નથી! પણ અદ્રશ્ય છે અથવા તો આ ઈશ તત્વ આવરણથી ઢંકાયેલું છે! એટલે કે પ્રાણી માત્રનો આત્મા શરીર નામનાં આવરણથી ઢંકાયેલ છે, અને જીવને આત્મજ્ઞાન થકી એ આત્મા સુધી પહોંચવાનું છે! અને જીવ આત્મા સુધી ત્યારે જ પહોંચી શકે, જ્યારે એ ઈશ્વરની સર્વોપરી સત્તાને સ્વીકારે, એટલે કે જગતમાં જે કંઈ પણ થઈ રહ્યું છે એનું કારણ માત્રને માત્ર ઈશ્વર છે, પોતે તો નિમિત્ત માત્ર છે. અહીં કંઈ જ મારું નથી, અને અહીંથી કંઈ લઈ જઈ શકાતું નથી, માટે મારું મારું કરી સંગ્રહ કરવો નહીં, તેમજ અન્યના ધન વગેરે પર કુદ્રષ્ટિ ન કરવી એવો પણ સૂર આ ઉપનિષદનો છે.

આ ઉપરાંત આ ઉપનિષદમાં અસૂર્યા લોકની વાત પણ કરવામાં આવી છે, જેનો અર્થ સામાન્ય રીતે તો સૂર્યનાં કિરણો જ્યાં સુધી પહોંચી શકતાં નથી, એ લોક એવો થાય! ભારતીય અધ્યાત્મમાં આવા લોકનાં સ્પષ્ટ નિરૂપણ તરીકે ગર્ભકાળ માનવામાં આવ્યો છે. આ અશરીરી ચેતના સુધી સૂર્ય એવમ જ્ઞાન એટલે ઈશ્વરની વ્યાપકતાનું જ્ઞાન પહોંચી શકતું નથી, અને એટલે જ એનાં જન્મનું મહત્વ છે! પરંતુ જન્મ પછી પણ જે લોકો આત્મા કે પોતાના 'સ્વ'ને ઓળખતાં નથી, આત્માને ઠુકરાવે છે, નકારે છે અને આ રીતે આત્માનો અસ્વીકાર કરીને પૂરું જીવન વિતાવે છે, તેઓ મૃત્યુ પછી એ જ અંધકારભર્યા લોકમાં એટલે કે અસૂર્યા લોક ગર્ભમાં જવું પડે છે. જ્યાં સુધી આત્માનો સાક્ષાત્કાર થાય નહીં, ત્યાં સુધી ફરી ફરી જન્મ મૃત્યુનાં ચક્રમાં જાતને ઢસડવી પડે છે. ટૂંકમાં કહીએ તો આ ઉપનિષદમાં ઈશ્વરને સર્વનિર્માતા અને પોતાને નિમિત્ત માત્ર માનીને જીવન જીવવાનો ઈશારો કરવામાં આવ્યો છે.

અગ્ને નય સુપથા રાયે અસ્માન, વિશ્વાનિ દેવ વયુનાનિ વિદ્વાન્।

યુયોધ્યસ્મજ્જુહુરાણમેનો, ભૂયિષ્ઠાં તે નમ ઉક્તિં વિધેમ ॥ ૧૮ ॥

આ ઉપનિષદના અંતિમ મંત્રમાં અગ્નિદેવને પ્રાર્થનાં કરવામાં આવે છે કે, હે અગ્નિદેવ! અમને સાચાં માર્ગે દોરજો, જેથી અમે અમારા પાપરૂપી અજ્ઞાન કે અંધકારથી મુક્ત થઈ શકીએ.

ઉપનિષદ વિશે સર્ચ કરતી હતી તો, ઉમાશંકર જોશીની સુંદર ટિપ્પણી મળી! એમના કહેવા મુજબ આપણે આપણા મૂળ સ્વભાવ એટલે કે સચ્ચિદાનંદ સ્વરૂપ સુધી શું કામ પહોંચી શકતા નથી! કારણ કે વેદ ઉપનિષદમાં જે આનંદની વાત છે એ આનંદ, અને આપણે ખાઈએ છીએ એ આનંદ જુદો છે! દાખલા તરીકે આપણી થાળીમાં ભાવતાં ભોજન હોય તો એ આરોગીએ ત્યાં સુધી આપણે આનંદિત છીએ, પણ વ્યંજન પૂરાં થાય, એટલે આપણો આનંદ પણ પૂરો! પંડિત જસરાજ જ્યાં સુધી વીણા વાદન કરે ત્યાં સુધી આપણે આનંદિત, પણ જેવો પ્રોગ્રામ સમાપ્ત થાય એવો આપણો આનંદ પણ પૂરો!: જ્યારે વેદ ઉપનિષદમાં જે આનંદની વાત કરવામાં આવી છે, એ શાશ્વત છે.

સદગુરુ કૃપા હજી એને સરળ બનાવે કે ઈશ્વરની કાર્યદક્ષતા થકી અથવા તો એની વ્યાપકતા થકી આપણી દ્રષ્ટિ જો ઈશ્વર સુધી પહોંચે તો આપણે એની પ્રત્યેક નાની મોટી ક્રિયા કે જે, કાર્યકારણ સિદ્ધાંતથી પરે છે, એની ઉપર વાહ વાહ! એવી દાદ થઈ જાય, અને એ આનંદ શાશ્વત છે. પરંતુ આપણે તકલીફ ત્યાં છે કે આપણે ઈશ્વરને તો સર્વોપરી સત્તા તરીકે હજી એ સ્વીકારી શકીએ, પરંતુ સામેવાળામાં ઈશ્વર જોઈ શકાતો નથી, અને એટલે જ મારું મારું છુટતું નથી, એટલે કે જશ તો લેવો છે, પણ આ તે કર્યું નો અપજશ બીજાને દેવો છે! લેવાં દેવાંની વાતમાં જ્યાં સુધી સંગતતા નહીં આવે, એટલે કે જો મેં કર્યુંનો જશ લેવો હોય, તો અપરાધ થાય ત્યારે આ મેં કર્યું નો અપજશ લેવાની પણ તૈયારી રાખવી પડે. તો ઈશા વાસ્યમિંદ.. એ સૂત્રનો સહજ સ્વીકાર કરી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું ફરી મળીશું નવાં ચિંતન મનન સાથે તો સૌને મારા આજનાં દિવસનાં સ્નેહ વંદન અને જય સીયારામ.

# 1 રનથી રોમાંચક જીત છતાં દંડાયો કેપ્ટન શુભમન ગિલ, IPL આચાર સંહિતાનો ભંગ થતાં કાર્યવાહી

**નવી દિલ્હી, તા.09**

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) 2026માં ગુજરાત ટાઈટન્સે આખરે જીતનું ખાતું ખોલી લીધું છે, પરંતુ આ જીતની સાથે ટીમ અને કેપ્ટન શુભમન ગિલ માટે એક મોટી મુશ્કેલી પણ ઉભી થઈ ગઈ છે. 8 એપ્રિલના રોજ દિલ્હી કેપિટલ્સ સામે રમાયેલી અત્યંત રોમાંચક મેચમાં ગુજરાતે 1 રનથી જીત મેળવી હતી, પરંતુ સ્લો ઓવર રેટના કારણે કેપ્ટન ગિલને સજા ભોગવવાનો વારો આવ્યો છે.

મેચ દરમિયાન ગુજરાતની ટીમ પર સ્લો ઓવર રેટની અસર પડી. નિયમો મુજબ 30-યાર્ડ સર્કલની અંદર એક વધારાનો ફિલ્ડર રાખવો પડ્યો, જેના કારણે દબાણ વધી ગયું. એટલું જ નહીં, IPL આચાર સંહિતાના આર્ટિકલ 2.22 હેઠળ કેપ્ટન શુભમન ગિલ પર 12 લાખ રૂપિયાનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે. આ સિઝનમાં આ પ્રથમ વખત હતું જ્યારે ગુજરાતે સ્લો ઓવર રેટનું ઉલ્લંઘન કર્યું હતું.

211 રનના લક્ષ્યાંકનો પીછો કરતા દિલ્હી તરફથી કેએલ રાહુલે શાનદાર 52 બોલમાં 92 રનની ઈનિંગ રમી હતી, જેમાં 11 ચોગ્ગા અને 4 છગ્ગા સામેલ હતા. પાથુમ નિસાંકાએ 24 બોલમાં 41 રન બનાવ્યા હતા. આ ઈનિંગ દરમિયાન ડેવિડ મિલર ઈજાના કારણે રિટાયર્ડ હર્ટ થયો હતો, પરંતુ તેણે વાપસી કરી અને દિલ્હીની હારેલી મેચને ખૂબ જ નજીક લઈ ગયો હતો. તેણે 20 બોલમાં 41 રનની વિસ્ફોટક ઈનિંગ રમી હતી, પરંતુ દિલ્હીની ટીમ જીતથી માત્ર 1 રન દૂર રહી ગઈ હતી.

દિલ્હીને છેલ્લી 2 બોલમાં 2 રનની જરૂર હતી. પરંતુ 20મી ઓવરના પાંચમા બોલે ડેવિડ મિલરે 1 રન લેવાની ના પાડી દીધી, જે ટીમને ભારે પડી. હકીકતમાં, તે લયમાં હતો, તેથી તેણે સ્ટ્રાઈક પોતાની પાસે જ રાખી અને છેલ્લા બોલે 2 રન બનાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ મેચનો છેલ્લો બોલ તે ડોટ રમી ગયો. જેના કારણે ગુજરાતે આ મુકાબલો 1 રને પોતાના નામે કરી લીધો. ગુજરાતની આ સિઝનની પ્રથમ જીત છે, જ્યારે દિલ્હીને પ્રથમ હારનો સામનો કરવો પડ્યો છે.




ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) માં 3 એપ્રિલના રોજ જીત છતાં પંજાબ કિંગ્સ (PBKS)ના કેપ્ટન શ્રેયસ અય્યર પર ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)એ તેમની ટીમ સાથે મોટો દંડ લગાવ્યો હતો. PBKS એ સતત બીજી મેચમાં નિર્ધારિત સમય કરતાં વધુ સમય લેતા 20 ઓવર પૂરી કરી હતી. આ કારણે કેપ્ટન શ્રેયસ અય્યર પર 24 લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો. જ્યારે પ્લેઈંગ ઈલેવન અને ઈમ્પેક્ટ પ્લેયર પર 6 લાખ રૂપિયા અથવા મેચ ફીના 25 ટકા (જે ઓછું હોય તે) ફાઈન કરવામાં આવ્યો હતો. હકીકતમાં, ચેન્નાઈ સુપર કિંગ્સ સામે એમએ ચિદમ્બરમ સ્ટેડિયમ (ચેપોક) માં PBKSની બોલિંગ ઘણી મોંઘી સાબિત થઈ હતી. ટીમે કુલ 15 વાઈડ અને 1 નો-બોલ ફેંક્યો હતો, જેનાથી સમય અને રન બંનેનું નુકસાન થયું હતું.

કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે 2 એપ્રિલે KKR સામે રમાયેલી મેચમાં અભિષેક શર્માએ 48 રનની મહત્વની ઈનિંગ રમી હતી અને ટીમની જીતમાં મોટી ભૂમિકા ભજવી હતી. જોકે મેચ દરમિયાન તેના વર્તને તેને મુશ્કેલીમાં મૂકી દીધો હતો. BCCI એ તેને IPL કોડ ઓફ કંડક્ટના આર્ટિકલ 2.3 ના ઉલ્લંઘન માટે દોષિત માન્યો હતો, જે અપમાનજનક અથવા અશ્લીલ ભાષાના ઉપયોગ સાથે જોડાયેલ હતું. આ ભૂલ માટે તેના પર મેચ ફીના 25 ટકા દંડ ફટકારવામાં આવ્યો હતો, અને તેના ખાતામાં એક ડિમેરિટ પોઈન્ટ પણ ઉમેરવામાં આવ્યો હતો.

પંજાબ કિંગ્સના કેપ્ટન શ્રેયસ અય્યરને પણ 31 માર્ચના રોજ ગુજરાત ટાઈટન્સ સામે રમાયેલી મેચમાં સ્લો ઓવર રેટના કારણે 12 લાખ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

સ્લો ઓવર રેટના કિસ્સામાં પ્રથમ ભૂલ પર 12 લાખ રૂપિયાનો દંડ લાગે છે. બીજી વખત ભૂલનું પુનરાવર્તન થાય તો 24 લાખ રૂપિયાનો દંડ લાગે છે અને ટીમના ખેલાડીઓ પર પણ આર્થિક દંડ લાદવામાં આવે છે. અગાઉ ત્રીજી વખત સ્લો ઓવર રેટ માટે દોષિત ઠરવા પર પ્રતિબંધની વાત હતી. ત્યારે કેપ્ટન પર એક મેચ માટે પ્રતિબંધ મૂકી શકાતો હતો, પરંતુ હવે આ નિયમને હટાવી દેવામાં આવ્યો છે.

IPL 2025માં નવો ડિમેરિટ પોઈન્ટ સિસ્ટમ લાગુ કરવામાં આવ્યો હતો, જે ICCના નિયમો જેવો છે. હવે મેચ રેફરી જે પણ સજા આપશે, તેની સાથે ખેલાડી અથવા ટીમ ઓફિશિયલને ડિમેરિટ પોઈન્ટ મળશે. ઉદાહરણ તરીકે, જો કોઈને મેચ ફીના 25% દંડ લાગે છે, તો તેને 1 ડિમેરિટ પોઈન્ટ મળશે. આ પોઈન્ટ 36 મહિના સુધી રેકોર્ડમાં રહેશે અને વધતા રહેશે, અને વધુ પોઈન્ટ થવા પર સસ્પેન્શન પણ થઈ શકે છે. આ ઉપરાંત, લેવલ 2 અથવા લેવલ 3 ની ભૂલ પર ખેલાડી, ટીમ ઓફિશિયલ અથવા ફ્રેન્ચાઈઝી BCCIના ઓમ્બડ્સમેન પાસે અપીલ કરી શકે છે, પરંતુ આ માટે 90 લાખ રૂપિયા ફી ચૂકવવી પડશે, જે અપીલ સંપૂર્ણપણે સાચી સાબિત થાય તો જ પરત મળશે.

# IPL 2026 વચ્ચે BCCIનું નવું ફરમાન: ચાલુ મેચમાં મેદાન પર 'બિનજરૂરી ભીડ' નહીં ચાલે!

**નવી દિલ્હી, તા.09**

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL 2026)ની 19મી સીઝન ચાલી રહી છે અને બુધવાર સુધીમાં 14 મેચ રમાઈ ચૂકી છે. આ વચ્ચે હવે ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI) એ લીગ માટે કેટલાક કડક નવા નિયમો બનાવ્યા છે. બોર્ડે નવો નિયમ લાગુ કર્યો છે કે મેચ શરૂ થયા પછી એક ટીમના ફક્ત 16 લિસ્ટેડ ખેલાડીઓને જ મેદાનમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે. બાકી સરપ્લસ ખેલાડીઓ ટીમના ડગઆઉટમાં જ રહેશે અને તેમને સીમા રેખા (બાઉન્ડ્રી લાઈ) પાર કરવાની મંજૂરી આપવામાં આવશે નહીં.




આ નવા નિયમ પ્રમાણે મેચ દરમિયાન ફક્ત ટીમ શીટ પર નામ ધરાવતા ખેલાડીઓને જ મેદાનમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે. શીટમાં ફક્ત 16 ખેલાડીઓને લિસ્ટેડ કરવાની મંજૂરી હશે.

રિપોર્ટ પ્રમાણે નવા નિયમ પ્રમાણે દરેક ટીમ પોતાના ખેલાડીઓની શીટમાં 16 ખેલાડીઓ સામેલ કરી શકે છે. તેમાં 11 ખેલાડીઓ પ્લેઈંગ ઈલેવનનો ભાગ હશે. આ ઉપરાંત ઈમ્પેક્ટ સબના રૂપમાં 1 અને 4 ખેલાડીઓને રિઝર્વ તરીકે રાખવામાં આવી શકે છે. આ 16 ખેલાડીઓ ઉપરાંત ટીમના અન્ય કોઈ પણ સભ્યોને મેદાનમાં પ્રવેશવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

આ નવા નિયમનો અર્થ એ થયો કે ટીમ શીટમાં સામેલ નહીં હોય તેવા ખેલાડીઓ ડ્રિંક્સ, બેટ અથવા ગ્લવ્ઝ લઈને મેદાનમાં નહીં જઈ શકશે. તેઓ અન્ય ખેલાડીઓ સુધી કોઈ મેસેજ પણ પહોંચાડી શકશે નહીં. બાઉન્ડ્રી લાઈન પર ફક્ત પાંચ ખેલાડીઓ જ બિબ પહેરીને ફરી શકશે. બાકીના ખેલાડીઓએ ડગઆઉટમાં જ રહેવું પડશે.

હાલ એ સ્પષ્ટ નથી કે, જો ફિલ્ડિંગ ટીમને વધારાના ફિલ્ડરની જરૂર પડે, તો તેણે પ્લેઈંગ ઈલેવનની યાદીમાં સામેલ ખેલાડીઓમાંથી જ પસંદગી કરવી પડશે કે પછી બાકી રહેલા અન્ય ખેલાડીઓમાંથી કોઈને ફિલ્ડિંગ માટે બોલાવી શકાશે.

આ નિયમોનું પાલન કરવામાં નિષ્ફળતા ટીમ અને ખેલાડીઓ માટે સમસ્યાઓ ઊભી કરી શકે છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે ટીમ મેનેજમેન્ટને સ્પષ્ટ નિર્દેશ આપવામાં આવ્યો છે કે મેચ દરમિયાન સબ્સ્ટીટ્યૂટ ખેલાડીઓની બિનજરૂરી અવરજવર પર સખત પ્રતિબંધ રહેશે નહીં. બાઉન્ડ્રી લાઈન અને LED જાહેરાત બોર્ડ વચ્ચે ફક્ત મર્યાદિત ખેલાડીઓને જ રહેવાની મંજૂરી આપવામાં આવશે.

BCCI આ નિયમોને વધુ કડક બનાવવાનું વિચારી રહી છે. એવું માનવામાં આવે છે કે આ નવો નિયમ MPC (મેચ રમવાની શરતો)ની કલમ 11.5.2 અને 24.1.4ને વધુ કડકાઈથી લાગુ કરવા માટે લાવવામાં આવ્યો છે. કલમ 11.5.2 પ્રમાણે અમ્પાયરની પરવાનગી વિના મેદાન પર ડ્રિંક્સ લઈ જવું અથવા સમય બરબાર કરવો એ નિયમોની વિરુદ્ધ છે.

BCCIએ IPL 2026 દરમિયાન આ નિર્ણય કેમ લેવામાં આવ્યો, તેનું કારણ હજું સ્પષ્ટ નથી. એવું માનવામાં આવે છે કે આ નિયમ મેચ દરમિયાન શિસ્ત જાળવવા, બિનજરૂરી ભીડ અને વિક્ષેપ ઘટાડવા અને રમતની ગતિ સુધારવાના હેતુથી લાવવામાં આવ્યો છે.

# પાકિસ્તાન સુપર લીગમાં કોહલીનું નામ સાંભળીને ભડકી ઉઠ્યો બાબર આઝમ, કહ્યું,-'આ અહીં જ ખતમ કરો'

**ઈસ્લામાબાદ, તા.09**

પાકિસ્તાન સુપર લીગ (PSL) 2026માં બુધવારે 8 એપ્રિલ કરાચીના નેશનલ સ્ટેડિયમમાં પેશાવર જાલ્મીનો સામનો હૈદરાબાદ કિંગ્સમેન સામે થયો હતો. આ મુકાબલામાં બાબર આઝમની આગેવાનીમાં પેશાવર જાલ્મીએ 146 રનનો લક્ષ્યાંક છ વિકેટ ગુમાવીને છેલ્લી બોલે હાંસલ કર્યો હતો. મેચ બાદ કોહલી સાથે બાબર આઝમની સરખામણી કરવામાં આવતા તે નારાજ થઈ ગયો હતો. મેચ બાદ પ્રેસ કોન્ફરન્સ દરમિયાન એક પત્રકારે બાબર આઝમને પૂછ્યું કે તેમની સરખામણી અવારનવાર વિરાટ કોહલી સાથે કરવામાં આવે છે, પરંતુ કોહલી મેચ ફિનિશ કરવામાં વધુ સફળ માનવામાં આવે છે. આ સવાલ સાંભળતા જ બાબર ખૂબ જ નારાજ થઈ ગયો. બાબરે જવાબ આપતા કહ્યું, 'આ અહીં જ ખતમ કરો, આવી વાતો તમારી પાસે રાખો. સરખામણી બંધ કરો. આ તમારી ગેરસમજ છે કે મેં મેચ ફિનિશ નથી કરી.' બાબરનો આ જવાબ સોશિયલ મીડિયા પર ઝડપથી વાઈરલ થઈ ગયો અને ચાહકો વચ્ચે ચર્ચા છેડાઈ ગઈ.




આ મુકાબલામાં બાબર આઝમે પેશાવર જાલ્મીને મજબૂત શરૂઆત અપાવી હતી. બાબરે 37 બોલમાં 43 રન બનાવ્યા હતા, જેમાં 6 ચોગ્ગા સામેલ હતા. બાબરે આ દરમિયાન કુસલ મેન્ડિસ સાથે મળીને બીજી વિકેટ માટે 51 રનની ભાગીદારી કરી હતી. જો કે 15મી ઓવરના છેલ્લા બોલ પર બાબર આઝમ આઉટ થયા બાદ મેચ રોમાંચક મોડ પર પહોંચી ગઈ હતી. અંતમાં ઈફ્તિખાર અહેમદની (અણનમ 15 રન) શાનદાર બેટિંગે ટીમને જીત અપાવી હતી.

પાકિસ્તાન સુપર લીગની ચાલુ સિઝનમાં બાબર આઝમે અત્યાર સુધી 2 મેચમાં 41.00ની સરેરાશ અને 126.15ના સ્ટ્રાઈક રેટથી 82 રન બનાવ્યા છે. આ જીત સાથે પેશાવર જાલ્મી પોઈન્ટ ટેબલમાં ચોથા સ્થાને પહોંચી ગઈ છે. હવે પેશાવર જાલ્મીનો આગામી મુકાબલો કરાચી કિંગ્સ સામે થવાનો છે. બાબર આઝમ અને વિરાટ કોહલીની સરખામણી લાંબા સમયથી થતી રહી છે. બંને બેટ્સમેનો તેમની ક્લાસિક બેટિંગ, સાતત્ય અને મોટા રેકોર્ડ્સ માટે જાણીતા છે. 2021માં બાબરે ODI રેન્કિંગમાં કોહલીને પાછળ છોડી દીધો હતો. ત્યારબાદ 2023માં સૌથી ઝડપી 5000 ODI રન બનાવવાનો રેકોર્ડ પોતાના નામે કર્યો હતો. જો કે બાબર ઘણી વખત કોહલી પ્રત્યે સન્માન વ્યક્ત કરી ચૂક્યો છે અને તેમને વિશ્વના સર્વશ્રેષ્ઠ બેટ્સમેનોમાંના એક માને છે. પેશાવર જાલ્મીની જીત છતાં બાબર આઝમનો આ ગુસ્સો દર્શાવે છે કે સતત સરખામણીનું દબાણ ખેલાડીઓ પર કેટલી અસર કરે છે. PSL 2026માં આ મામલો હવે ચર્ચાનો વિષય બની ગયો છે અને ચાહકો વચ્ચે ચર્ચા ચાલુ છે કે શું દરેક ખેલાડીની સરખામણી કરવી યોગ્ય છે.

# કાર્તિક આર્યને પોતાની ઓળખ સુરક્ષિત રાખવા કાયદેસર પગલાં લીધાં.....



**મુંબઈ, તા.09**

અભિનેતા કાર્તિક આર્યને બોમ્બે હાઈ કોર્ટમાં અરજી દાખલ કરી છે, જેમાં તેણે આરોપ લગાવ્યો છે કે અનેક ઓનલાઈન પ્લેટફોર્મ્સ પર તેની ઓળખનો તેની અનુમતિ વિના વ્યાપારી હેતુથી ઉપયોગ થઈ રહ્યો છે. આ પગલું ડિજિટલ યુગમાં સેલિબ્રિટીની ઓળખનાં વધતા દુરુપયોગ અંગે ચિંતાઓને દર્શાવે છે.

આ અંગેના અહેવાલો મુજબ, કાર્તિકે ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી અંતર્ગત કેસ દાખલ કરીને તેનાં નામ, છબી, દેખાવ અને અન્ય ઓળખપાત્ર લક્ષણોના સંરક્ષણની માંગ કરી છે. તેનો દાવો છે કે તેની મંજૂરી વગર તેનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. આ અરજીમાં કેટલાક ઓનલાઈન પ્લેટફોર્મ્સ તેમજ અજાણ્યા વ્યક્તિઓ (જેઓને "જોન ડો" પક્ષકાર તરીકે ઓળખવામાં આવે છે)ને નિશાન બનાવવામાં આવ્યા છે, જે તેના વ્યક્તિત્વનો વ્યાપારી લાભ માટે ઉપયોગ કરી રહ્યા છે.

પેટિશનમાં કાર્તિકે કોર્ટને વિનંતી કરી છે કે તે આવા તમામ એકમોને તેની ઓળખનો ઉપયોગ જાહેરાતો, મર્ચેન્ડાઈઝ અથવા ડિજિટલ કન્ટેન્ટમાં કરવાની મનાઈ કરે. સાથે જ, તેણે પ્લેટફોર્મ્સને આ પ્રકારની સામગ્રી દૂર કરવાની અને જવાબદાર લોકોની વિગતો જાહેર કરવાની પણ માંગ કરી છે.

તેની કાનૂની ટીમે દલીલ કરી છે કે આ દુરુપયોગ હવે નવી ડિજિટલ ટેક્નોલોજી સુધી પહોંચ્યો છે, જેમાં ઈરાદાપૂર્વક ફેરફાર કરાયેલ (manipulated) કન્ટેન્ટ અને AI દ્વારા બનાવાયેલા મટિરિયલનો સમાવેશ થાય છે. આ બાબત ગોપનીયતા અને પબ્લિસિટીના હક્કોને લઈને ગંભીર પ્રશ્નો ઊભા કરે છે.

અરજીમાં એ પણ કહેવામાં આવ્યું છે કે આવો અનુમતિ વિનાનો ઉપયોગ માત્ર તેના હક્કોનું ઉલ્લંઘન નથી, પરંતુ લોકોમાં ગેરસમજ પણ પેદા કરી શકે છે.

આ કેસ ટૂંક સમયમાં સુનાવણી માટે આવવાનો છે, જેમાં કાર્તિકે તાત્કાલિક રાહતની માંગ કરી છે જેથી તેની ઓળખનો વધુ દુરુપયોગ અટકાવી શકાય.

# આયુષ્માન અને શર્વરી આ મહિનામાં સૂરજ બરજાત્યાની ફિલ્મનું શૂટ પૂરું કરશે......


## મોટાભાગનું શૂટિંગ પૂર્ણ થઈ ગયું છે અને હવે માત્ર એક અઠવાડિયાનું શૂટ બાકી



**મુંબઈ, તા.09**

સૂરજ બડજાત્યાની આગામી ફિલ્મ 'યે પ્રેમ મોલ લિયા' વિશે સતત અપડેટ્સ આવતી રહે છે. તાજેતરની માહિતી મુજબ, ફિલ્મનું શૂટિંગ હવે પૂર્ણ થવાની તૈયારીમાં છે. સૂરજ બડજાત્યા એક મહિનામાં ફિલ્મનું શૂટ પુરૂં કરશે એવી શક્યતા છે. સુત્રો દ્વારા મળતી માહિતી મુજબ, "ફિલ્મનું શૂટિંગ ખૂબ જ સ્મૂથ રીતે ચાલી રહ્યું છે. મોટાભાગનું શૂટિંગ પૂર્ણ થઈ ગયું છે અને હવે માત્ર એક અઠવાડિયાનું શૂટ બાકી છે."

સુત્રે આગળ ઉમેર્યું, "અંતિમ શીડ્યુલ એપ્રિલ મહિનાનાં છેલ્લાં અઠવાડિયામાં અથવા મેના પ્રથમ અઠવાડિયામાં થશે, ત્યારબાદ 'યે પ્રેમ મોલ લિયા'નું શૂટિંગ પૂર્ણ થઈ જશે. ફિલ્મના બંને મુખ્ય કલાકારો આયુષ્માન ખુરાના અને શર્વરી આ શીડ્યુલનો ભાગ બનશે."




આ ફેમિલી એન્ટરટેનર રાજશ્રી પ્રોડક્શન્સ અને મહાવીર જૈન ફિલ્મ્સ દ્વારા નિર્મિત છે. અગાઉ 2022ની ફિલ્મ 'ઊંચાઈ' પછી બંને પ્રોડક્શન હાઉસ ફરી સાથે કામ કરી રહ્યાં છે.

આ ફિલ્મમાં આયુષ્માન ખુરાના અને શરવરી સિવાય અનુપમ ખેર, સીમા પહવા, સુપ્રિયા પાઠક અને શાદ રંધાવા પણ મહત્વપૂર્ણ ભૂમિકામાં જોવા મળશે.

જાન્યુઆરીમાં શાદ રંધાવાએ ફિલ્મ વિશે વાત કરતાં જણાવ્યું હતું, "આ એવી ફિલ્મ છે જે માત્ર સૂરજજી જ બનાવી શકે. આ ફિલ્મ પરિવાર, મૂલ્યો અને પ્રેમ વિશે છે. તેમાં દાદા-દાદી, નાની, બૂઆ – એ પ્રકારની ફેમિલી સ્ટોરી છે. આ સંબંધોને સ્પર્શે છે અને સુંદર લવ સ્ટોરી પણ કહે છે. લાંબા સમયથી આવી ફેમિલી એન્ટરટેનર ફિલ્મ જોવા મળી નથી."

આ ફિલ્મથી ફરી એક વાર સૂરજ બડજાત્યાની ક્લાસિક ફેમિલી ડ્રામાની ઝલક જોવા મળશે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે.

# ક્રિતિ સેનને કહ્યું, 'રશ્મિકા મંદાના જિમમાં રાક્ષસની જેવી ટ્રેનિંગ કરે છે'

**મુંબઈ, તા.09**

જ્યારે કૃતિ સેનને રશ્મિકા મંદાનાનાં સઘન વર્કઆઉટની ગતિ સાથે મેચ કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે તે તેના માટે ભારે પડી ગયું હતું, તાજેતરમાં ક્રિતિએ આ અંગેના પોતાના અનુભવો જણાવ્યા હતા. ક્રિતિએ તાજેતરમાં ખુલાસો કર્યો કે તેને ખબર નહોતી કે રશ્મિકા મંદાના જિમમાં કેવી રીતે ટ્રેનિંગ કરે છે. 'એનિમલ' ફિલ્મની અભિનેત્રી સાથેનું પોતાનું પહેલું વર્કઆઉટ યાદ કરતાં, જેઓનો જિમ ટ્રેનર એક જ છે, ક્રિતિ સેનને જણાવ્યું કે તેણે તેની સાથે સ્પર્ધા કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ પછી સમજાયું કે તે ભૂલ હતી.

"એક વખત એવું થયું મારો ટ્રેનર રશ્મિકા મંદાનાને પણ ટ્રેનિંગ આપતો હતો. એક દિવસ અમે વિચાર્યું કે સાથે વર્કઆઉટ કરીએ. હું પહેલા ક્યારેય રશ્મિકાને મળી નહોતી. અમે લેગ વર્કઆઉટ કરી રહ્યાં હતાં. હું કાર્ડિયો કરતી નથી. કારણ કે મારે મસલ્સ બનાવવાનાં છે, એટલે હું વચ્ચે બ્રેક લઉં છું અને તે તો જાણે જાનવર જેવી ટ્રેનિંગ કરે છે. તે અટકતી જ નથી. કારણ કે તે સતત એક પછી એક કસરતો કરતી હતી, હું પણ સતત એક પછી એક કસરત કરતી રહી. તે તો ચાલી ગઈ. મને ચક્કર આવવા લગ્યા. હું ખરેખર બેહોશ થવાની હાલતમાં આવી ગઈ હતી." ક્રિતિ સેનને આ કિસ્સો ગાયક અને એક્ટ્રેસ સોફી ચૌધરીને 'ફેમસલી ફિટ વિથ સોફી' ટોક શોમાં જણાવ્યું હતું.



# ફિલ્મી સિતારાઓના આગમનથી જામનગર બન્યું બોલિવૂડ નગરી

## જામનગરમાં બે દિવસ ધમાકેદાર પાર્ટી, ડાયરા સહિતના કાર્યક્રમોનું આયોજન

**મુંબઈ, તા.09**

અનંત અંબાણીના જન્મ દિવસ નિમિત્તે જામનગર બોલિવૂડ નગરી બન્યું છે. સલમાન ખાનથી લઈને શાહરુખ ખાન અને 'ધૂરંધર' રણવીર સિંહ જેવા ફિલ્મી સિતારાઓ ગુજરાત આવી પહોંચ્યા હતા. અનંત અંબાણીના 31માં જન્મદિને અંબાણી પરિવાર દ્વારા યાત્રાધામ દ્વારકા ખાતે આવતા ભક્તો તથા યાત્રાળુઓની સુવિધા માટે અદ્યતન યાત્રી ભવન (ગેસ્ટ હાઉસ)ના નિર્માણ માટે કુલ રૂ. 30 કરોડનું તેમજ સાળંગપુરમાં ૫૦૦ ગાયો માટે અત્યાધુનિક ગૌશાળા બનાવવા ૧૦ કરોડનું અનુદાન જાહેર કરાયુ છે.



ભગવાન દ્વારકાધીશમાં અપરંપાર શ્રદ્ધા ધરાવતા અનંત અંબાણી પરિવારે તેમના ૩૧માં જન્મદિન નિમિત્તે ભક્તિ તથા કૃતજ્ઞતાથી પ્રેરાઈને યાત્રાળુઓ માટે યાત્રીભવન બનાવવા ૩૦ કરોડાના અનુદાનની જાહેરાત કરી હતી.ભગવાન દ્વારકાધીશના દર્શને આવતા યાત્રાળુઓની સંખ્યા દિન-પ્રતિદિન વધી રહી છે, તે સમયે યાત્રાધામમાં જરૂરી યાત્રી નિવાસનું નિર્માણ આ અનુદાનથી થશે જે ખરા અર્થમાં યાત્રાળુઓના કલ્યાણનું એક ઉમદા કાર્ય બની રહેશે એવી શ્રદ્ધા મંદિર સમિતી દ્વારા વ્યકત કરવામાં આવી છે. શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર-સાળંગપુર ખાતે અનંત અંબાણીના 31માં જન્મદિન નિમિત્તે દાદાના સાનિધ્યમાં ખાસ મારુતિયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશભાઈ અંબાણી પરિવારે દાદાના ચરણોમાં ૧૦ કરોડની ગૌ-સેવા અર્પણ કરી હતી. સાળંગપુર ધામમાં ૨૮ એકરના વિશાળ પરિસરમાં ૧૫ કરોડના કુલ ખર્ચે ગૌશાળામાં ૫૦૦ ગાયો માટે આંતરરાષ્ટ્રીય સ્તરની સુવિધાઓ ઉપલબ્ધ કરાશે. આ સેવામાં અંબાણી પરિવાર સિવાય અન્ય કોઈ દાતાનો સહયોગ લેવામાં આવશે નહીં. સાળંગપુર મંદિરના કોઠારી સ્વામી વિવેકસાગરદાસજીએ આશીર્વાદ પાઠવતા જણાવ્યું કે, "દેશના સર્વોચ્ચ શિખરે બિરાજમાન હોવા છતાં અંબાણી પરિવારના પાયામાં જે ધર્મપરાયણતા અને સનાતન સંસ્કારો છે તે વંદનીય છે.

# શેરોમાં તોફાની તેજી : ઈન્વેસ્ટરોની સંપતિમાં રૂ.16.25 લાખ કરોડનો વિક્રમી વધારો......

## ચાર મહિનાના સૌથી મોટા ઉછાળામાં સેન્સેક્સમાં 2946 પોઈન્ટ, નિફ્ટીમાં 874 પોઈન્ટની તેજી જોવાઈ : સોના-ચાંદીમાં ભાવો ઉંચકાયા

મુંબઈ, તા.09

ઈરાનના માથે અમેરિકા અને ઈઝરાયેલે થોપેલા મહાયુદ્ધમાં બન્ને તરફ મોટી ખુવારી બાદ ૪૦માં દિવસે બન્ને પક્ષો બે અઠવાડિયા માટે યુદ્ધ વિરામ માટે સંમત થતાં વૈશ્વિક અર્થતંત્ર પર કટોકટીનું મોટું જોખમ ટળતાં આજે ક્રુડ ઓઈલના આંતરરાષ્ટ્રીય ભાવમાં ૧૮ ટકા જેટલો કડાકો બોલાઈ જવા સાથે વૈશ્વિક શેર બજારોમાં ફરી તેજી હિલોળા લેવા લાગી હતી. ભારતીય શેર બજારોમાં આજે ચાર મહિનાની સૌથી મોટી તેજી આવ્યા સાથે રોકાણકારોના ચહેરા પરની ૪૦ દિવસથી છીનવાયેલી ખુશી પરત ફરતી જોવાઈ હતી. શેરોમાં રોકાણકારોની સંપતિમાં એક દિવસનો વિક્રમી રૂ.૧૬.૨૫ લાખ કરોડનો જંગી વધારો થયો હતો. દેશના ઝવેરી બજારોમાં આજે વિશ્વ બજાર પાછળ સોના અને ચાંદીના



ભાવોમાં ઝડપી ઉછાળો જોવાયો હતો.

પશ્ચિમ એશીયાના યુદ્ધમાં અંતે વિરામને લઈ હવે ઈરાન સાથે મિડલ ઈસ્ટના દેશોમાં થયેલા ઈન્ફ્રાસ્ટ્રક્ચરના મોટા નુકશાનને લઈ આગામી મહિનાઓમાં નવા પ્રોજેક્ટોના નિર્માણની તકો સર્જાવાની ધારણા અને હોર્મુઝ માર્ગે અટકેલો વિદેશ વેપાર પુન:પટરી પર આવવાની અપેક્ષાએ આજે સિમેન્ટ, સ્ટીલ-મેટલ, ઓટોમોબાઈલ, પાવર-કેપિટલ ગુડઝ, બેંકિંગ-ફાઈનાન્સ, કન્ઝયુમર ડયુરેબલ્સ શેરોમાં તોફાની તેજી જોવાઈ હતી. સેન્સેક્સ ૩.૯૫ ટકા એટલે કે ૨૯૪૬.૩૨ પોઈન્ટની છલાંગે ૭૭૫૬૨.૯૦ અને નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ ૩.૭૮ ટકા એટલે કે ૮૭૩.૭૦ પોઈન્ટના ઉછાળે ૨૩૯૯૭.૩૫ની સપાટીએ પહોંચી ગયા હતા.

ફોરેન પોર્ટફોલિયો ઈન્વેસ્ટરો-એફપીઆઈઝ, એફઆઈઆઈઝની આજે શેરોમાં વેચવાલી ધીમી પડી માત્ર રૂ.૨૮૧૨ કરોડની રહી હતી. જ્યારે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની ખરીદી જળવાઈ રૂ.૪૧૯૮ કરોડની રહી હતી. શેરોમાં આજે રોકાણકારોની સંપતિ એટલે કે બીએસઈમાં લિસ્ટેડ કંપનીઓનું એક્ત્રિત માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૧૬.૨૫ લાખ કરોડ વધીને રૂ.૪૪૫.૫૧ લાખ કરોડ પહોંચ્યું હતું.

ક્રુડ ઓઈલના આંતરરાષ્ટ્રીય ભાવમાં આજે ઈન્ટ્રા-ડે ૧૮થી ૨૦ ટકાનો કડાકો બોલાઈ ગયો હતો. મોડી સાંજે બેરલ દીઠ ન્યુયોર્ક-નાયમેક્ષ ક્રુડના ભાવ ૧૭.૫૦ ટકા એટલે કે ૨૦ ડોલર તૂટીને ૯૩ ડોલર નજીક અને બ્રેન્ટ ક્રુડના ભાવ ૧૬ ટકા એટલે કે ૧૭ ડોલર તૂટીને ૯૨ ડોલર નજીક રહ્યા હતા. ફોરેક્સ માર્કેટમાં પણ આજે યુદ્ધ વિરામની અસરે અને તાજેતરના રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના સટ્ટોડિયો સામે કડક અંકુશોની અસરે રૂપિયામાં મજબૂતી આગળ વધી હતી. અમેરિકી ડોલર સામે રૂપિયો ઝડપી મજબૂત બન્યો હતો. ડોલર સામે રૂપિયો ૪૧ પૈસા સુધરીને ૯૨.૫૮ રહ્યો હતો. યુદ્ધ વિરામની અસરે વિશ્વ બજારમાં ડોલર ઈન્ડેક્સ ઘટીને ૯૯ની અંદર ઉતરતા બે સપ્તાહના તળીયે આવી ગયો હતો. દેશના ઝવેરી બજારોમાં સોનાના ભાવ ૧૦ ગ્રામના રૂપિયા ૩૦૦૦ વધ્યા હતા. જ્યારે ચાંદીના ભાવ રૂ.૧૨૦૦૦થી ૧૩૦૦૦ વધ્યા હતા.

# વાયદા બજારમાં ફરી કડાકો, ચાંદીમાં ₹4700 થી વધુનો ઘટાડો, સોનું પણ તૂટ્યું

નવી દિલ્હી, તા.09

ઐતિહાસિક તેજી બાદ આજે ભારતીય વાયદા બજાર (MCX) માં સોના અને ચાંદીના ભાવમાં મોટો ઘટાડો જોવા મળ્યો છે. અમેરિકા અને ઈરાન વચ્ચે યુદ્ધવિરામના અહેવાલોને પગલે ગઈકાલે સોના-ચાંદીમાં જે જંગી ઉછાળો જોવા મળ્યો હતો, તેમાં આજે મોટું કરેક્શન (ઘટાડો) જોવા મળી રહ્યું છે. બજાર ખુલતાની સાથે જ બંને કિંમતી ધાતુઓ લાલ નિશાન પર ટ્રેડ કરી રહી છે.

માહિતી મુજબ, ચાંદીનો ગત બંધ ભાવ (Prev. Close) 2,39,918 હતો. આજે બજાર ખુલતા જ ચાંદી 2,35,850 (Open) પર ખૂલી હતી. સમાચાર લખવા સુધીમાં ચાંદી ઘટીને 2,35,133 ની નીચી સપાટીએ પહોંચી હતી. હાલમાં ચાંદી 2,36,443 પર ટ્રેડ થઈ રહી છે, જે ગઈકાલની સરખામણીએ 3,475 (-1.45%) નો ઘટાડો સૂચવે છે. જોકે, દિવસના ઉચ્ચ સ્તરથી ગણતા તેમાં કુલ 4,785 જેવો કડાકો જોવા મળ્યો છે.



સોનાના ભાવમાં પણ આજે નરમાશ જોવા મળી છે. સોનાનો ગત બંધ ભાવ 1,51,776 હતો, જે આજે ઘટીને 1,50,647 પર ખૂલ્યો હતો. દિવસ દરમિયાન સોનું 1,50,647 ની નીચી સપાટીએ સ્પર્શ્યું હતું. હાલમાં સોનું 1,51,029 પર ટ્રેડ કરી રહ્યું છે, જે ગઈકાલના બંધ ભાવથી 747 (-0.49%) નીચે છે. ઓપનિંગ આંકડા અને હાઈ લેવલની સરખામણીએ સોનામાં કુલ 1,129 સુધીનો ઘટાડો નોંધાયો છે.

નિષ્ણાતોના મતે, ગઈકાલે આવેલી જોરદાર તેજી બાદ રોકાણકારોએ આજે નફો બુક કરવાનું શરૂ કર્યું છે. તેલના ભાવમાં સ્થિરતા અને વૈશ્વિક તણાવમાં થોડો ઘટાડો થતા સુરક્ષિત રોકાણ તરીકે સોના-ચાંદીની માંગમાં અત્યારે થોડો ઓટ જોવા મળી રહ્યો છે.

# સોનું ₹1 હજાર ઘટીને ₹1.51 લાખ પર આવ્યું: ચાંદીની કિંમત ₹9 હજાર ઘટીને ₹2.35 લાખ થઈ

નવી દિલ્હી, તા.09

9 એપ્રિલે સોના-ચાંદીના ભાવમાં ઘટાડો જોવા મળ્યો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, 10 ગ્રામ 24 કેરેટ સોનું 1 હજાર રૂપિયા ઘટીને 1.50 લાખ રૂપિયા થયું છે. આ પહેલા તે 1.51 લાખ રૂપિયા પર હતું. જ્યારે, એક કિલો ચાંદી 9 હજાર રૂપિયા ઘટીને 2.35 લાખ રૂપિયા થઈ ગઈ છે.

વર્ષની શરૂઆતમાં સોનામાં તેજી હતી, પરંતુ તાજેતરના અઠવાડિયામાં નફાખોરી અને ઈરાન યુદ્ધને કારણે ઘટાડો જોવા મળ્યો છે.

વર્તમાન સ્થિતિ: તેના સર્વોચ્ચ સ્તરથી સોનું અત્યાર સુધીમાં 25 હજાર સસ્તું થયું છે.

ચાંદીમાં સોના કરતાં વધુ ઉતાર-ચઢાવ જોવા મળ્યો અને તે ઓલ ટાઈમ હાઈથી ઝડપથી નીચે આવી છે.

ઘટાડાનો આંકડો: ચાંદી ઓલ ટાઈમ હાઈથી 1.51 લાખ સસ્તી થઈ ગઈ છે.



સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો: હંમેશા બ્યુરો ઓફ ઈન્ડિયન સ્ટાન્ડર્ડ (BIS) નો હોલમાર્ક લગાવેલું સર્ટિફાઈડ ગોલ્ડ જ ખરીદો. આ નંબર આલ્ફાન્યૂમેરિક એટલે કે કંઈક આ રીતે હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી ખબર પડે છે કે સોનું કેટલા કેરેટનું છે.

કિંમત ક્રોસ ચેક કરો: સોનાનું સાચું વજન અને ખરીદીના દિવસે તેની કિંમત ઘણા સ્રોતો (જેમ કે ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનની વેબસાઈટ) પરથી ક્રોસ ચેક કરો. સોનાનો ભાવ 24 કેરેટ, 22 કેરેટ અને 18 કેરેટ પ્રમાણે અલગ-અલગ હોય છે.

મેગ્નેટ ટેસ્ટ: અસલી ચાંદી ચુંબક સાથે ચોંટતી નથી. જો ચોંટી જાય તો નકલી છે. આઈસ ટેસ્ટ: ચાંદી પર બરફ મૂકો. અસલી ચાંદી પર બરફ ઝડપથી પીગળે છે. સ્મેલ ટેસ્ટ: અસલી ચાંદીમાં ગંધ હોતી નથી. નકલીમાં કોપર જેવી ગંધ આવે છે. ક્લોથ ટેસ્ટ: ચાંદીને સફેદ કપડાથી ઘસો. જો કાળો નિશાન આવે તો અસલી છે.

# પાકિસ્તાની શેરબજારમાં ઈતિહાસનો સૌથી મોટો ઉછાળો: અમેરિકા-ઈરાન યુદ્ધવિરામ પછી માર્કેટ 14000 પોઈન્ટ વધ્યું, 9% વધીને 1,65,836 પર પહોંચ્યું

નવી દિલ્હી, તા.09

અમેરિકા અને ઈરાન વચ્ચે 2 અઠવાડિયાના યુદ્ધવિરામની જાહેરાત પછી આજે (8 એપ્રિલ, બુધવાર) પાકિસ્તાનના શેરબજારમાં 14,000 પોઈન્ટનો રેકોર્ડ ઉછાળો આવ્યો. કરાચી સ્ટોક એક્સચેન્જનો બેન્ચમાર્ક ઈન્ડેક્સ કરાચી 100 (KSE) 14,162.58 પોઈન્ટ એટલે કે 9.34% વધીને 165,836.05 પર બંધ થયો.

આ KSE-100 ઈન્ડેક્સના ઈતિહાસમાં એક દિવસનો સૌથી મોટો ઉછાળો માનવામાં આવી રહ્યો છે. આ પહેલા કરાચી સ્ટોક એક્સચેન્જમાં આટલો મોટો ઉછાળો ક્યારેય જોવા મળ્યો ન હતો. આ ઉછાળા પછી નિયમો હેઠળ ટ્રેડિંગ અસ્થાયી રૂપે રોકી દેવામાં આવ્યું હતું.

અમેરિકા અને ઈરાન વચ્ચે 40 દિવસથી ચાલી રહેલા યુદ્ધ પર 2 અઠવાડિયા માટે વિરામ લાગી ગયો છે. બંને દેશોએ પાકિસ્તાન-ચીનની મધ્યસ્થી પછી આ યુદ્ધવિરામ પર સહમતિ દર્શાવી છે.




સમજૂતી હેઠળ અમેરિકા, ઈઝરાયલ અને ઈરાન એકબીજા પર હુમલા રોકશે, સાથે જ ઈરાની સેનાની મદદથી હોર્મુઝ સ્ટ્રેટમાંથી જહાજોની સુરક્ષિત અવરજવર સુનિશ્ચિત કરવામાં આવશે.

આ પહેલા અમેરિકી રાષ્ટ્રપતિએ ઈરાનને તબાહ કરવાની ચેતવણી આપી હતી. તેમણે કહ્યું હતું કે જો હોર્મુઝ સ્ટ્રેટમાંથી રસ્તો નહીં મળે તો તેઓ ઈરાનની સંપૂર્ણ સભ્યતા ખતમ કરી દેશે.

પાકિસ્તાન સ્ટોક એક્સચેન્જમાં છેલ્લા કેટલાક અઠવાડિયાથી અસ્થિરતા હતી. KSE-100 ઈન્ડેક્સ 7 એપ્રિલે સામાન્ય વધારા સાથે બંધ થયો હતો.

જોકે, 2 માર્ચે તેમાં 16,089 પોઈન્ટ્સ એટલે કે 9.57%નો ઘટાડો આવ્યો હતો. આ તેના ઈતિહાસના સૌથી મોટા ઘટાડામાંથી એક હતો. આ ઘટાડો પશ્ચિમ એશિયામાં વધતા તણાવને કારણે આવ્યો હતો.

રિપોર્ટ્સ અનુસાર, આ યુદ્ધવિરામ વાતચીતનો માર્ગ ખોલવા માટે કરવામાં આવ્યો છે. સંભવિત વાતચીત પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદમાં થઈ શકે છે.

પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે કહ્યું કે યુદ્ધવિરામ તાત્કાલિક લાગુ પડશે અને વાતચીતનો ઉદ્દેશ્ય અંતિમ સમજૂતી સુધી પહોંચવાનો છે.

યુદ્ધવિરામની જાહેરાત બાદ ક્રૂડ ઓઈલ 15% સસ્તું થયું છે. બુધવારે ભાવ 15 ડોલર ઘટીને 94.27 ડોલર પ્રતિ બેરલ પર આવી ગયા. આ 6 વર્ષમાં એક દિવસની સૌથી મોટો ઘટાડો છે.

એક દિવસ પહેલા ક્રૂડ ઓઈલ 109.27 ડોલર પ્રતિ બેરલ હતું. 28 ફેબ્રુઆરીએ યુદ્ધ શરૂ થતા પહેલા ક્રૂડ ઓઈલ 73 ડોલર પ્રતિ બેરલ હતું. યુદ્ધ દરમિયાન ભાવ 120 ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી ગયા હતા.

રિપોર્ટ્સ અનુસાર, ક્રૂડ ઓઈલ સસ્તું થવાથી પાકિસ્તાનમાં પેટ્રોલ-ડીઝલના ભાવ ઘટી શકે છે. 3 એપ્રિલે પેટ્રોલ 137 પાકિસ્તાની રૂપિયા અને ડીઝલ 184 રૂપિયા મોંઘું કરવામાં આવ્યું હતું. વિરોધ બાદ સરકારે પેટ્રોલ 80 રૂપિયા સસ્તું કર્યું હતું. હાલમાં પેટ્રોલ 378 રૂપિયા પ્રતિ લિટર અને ડીઝલ 520.35 રૂપિયા પ્રતિ લિટર મળી રહ્યું છે.

ગયા અઠવાડિયે પાકિસ્તાનમાં ડીઝલ-પેટ્રોલ સૌથી મોંઘું થઈ ગયું હતું. એક લિટર પેટ્રોલ 458 અને ડીઝલ 520 પાકિસ્તાની રૂપિયાને પાર પહોંચી ગયું. સરકારે પેટ્રોલમાં 43% અને હાઈ-સ્પીડ ડીઝલ (HSD)માં 55%નો વધારો કર્યો હતો.

આ નિર્ણય યુદ્ધના કારણે ગ્લોબલ માર્કેટમાં ક્રૂડ ઓઈલની કિંમત વધ્યા બાદ લેવામાં આવ્યો હતો. પાકિસ્તાનનો 1 રૂપિયો ભારતના 33 પૈસા બરાબર થાય છે. એટલે કે ભારતના 100 રૂપિયાની કિંમત પાકિસ્તાનમાં લગભગ 300 રૂપિયા છે.

# સોનામાં રૂ.3000ની તેજી અને ચાંદીમાં રૂપિયા 13000નો ઉછાળો

## વિશ્વ બજાર વધતાં ઘરઆંગણે ઈમ્પોર્ટ કોસ્ટમાં વૃદ્ધિ વચ્ચે દેશના ઝવેરી બજારો ઝડપી ઉંચકાયા હતા

મુંબઈ, તા.09

મુંબઈ ઝવેરી બજારમાં આજે સોના-ચાંદીના ભાવમાં ઝડપી તેજી આવી હતી.ઈરાન-અમેરિકાના યુદ્ધ વિરામના પગલે વિશ્વ બજારમાં કિંમતી ધાતુઓના ભાવ ઝડપી ઉછળ્યાના સમાચાર મળ્યા હતા. વિશ્વ બજાર વધતાં ઘરઆંગણે ઈમ્પોર્ટ કોસ્ટમાં વૃદ્ધી વચ્ચે દેશના ઝવેરી બજારો આજે ઝડપી ઉંચકાયા હતા. યુદ્ધ વિરામ વચ્ચે વિશ્વ બજારમાં ડોલર ઈન્ડેક્સ ઘટતાં વૈશ્વિક સોનામાં ફંડોનું બાઈંગ વધ્યું હોવાનું વિશ્વ બજારના જાણકારો જણાવી રહ્યા હતા.



દરમિયાન, અમદાવાદ ઝવેરી બજારમાં આજે સોનાના ભાવ ૧૦ ગ્રામના રૂ.૩૦૦૦ વધ્યા હતા જ્યારે અમદાવાદ ચાંદીના ભાવ કિલોના રૂ.૮૦૦૦ ઉછળ્યા હતા. મુંબઈ બુલિયન બજારમાં આજે સોનાના ભાવ રૂ.૩૩૦૦ વધ્યા હતા જ્યારે મુંબઈ ચાંદીના ભાવ રૂ.૧૩ હજાર ઉછળ્યા હતા.

દરમિયાન, વિશ્વ બજારમાં આજેં સોનાના ભાવ ઔંસના ૪૬૯૦થી ૪૬૯૧ વાળા ઉછળી ઉંચામાં ભાવ ૪૮૫૬૬ થઈ ૪૭૯૦થી ૪૭૯૧ ડોલર રહ્યા હતા. સોના પાછળ વૈશ્વિક ચાંદીના ભાવ પણ ઔંસના ૭૨.૨૦ વાળા વધી ઉંચામાં ભાવ ૭૭.૬૪ થઈ ૭૬.૭૪ થી ૭૬.૭૫ ડોલર રહ્યા હતા. પ્લેટીનમના ભાવ ઔંસના ૧૯૫૨ વાળા વધી ઉંચામાં ભાવ ૨૦૯૭ થઈ ૨૦૬૭થી ૨૦૬૮ ડોલર રહ્યા હતા.

જ્યારે પેલેડીયમના ભાવ ઔંસના ૧૪૬૭ વાળા ઉંચામાં ભીવ ૧૬૨૪ થઈ ૧૬૦૨થી ૧૬૦૭ ડોલર રહ્યા હતા. વૈશ્વિક કોપરના ભાવ આજે ૩.૩૫ ટકા ઉંચકાયા હતા.

ચાંદીના ભાવ વધી રૂ.૨૪૪૪૪૩ થઈ રૂ.૨૪૪૦૪૧ રહ્યા હતા. મુંબઈ સોના-ચાંદીમાં જીએસટી સાથેના ભાવ આ ભાવથી ૩ ટકા ઉંચા રહ્યા હતા. દરમિયાન,મુંબઈ બુલિયન બજારમાં આજે પ્લેટીનમના ભાવ ૧૦ ગ્રામના રૂ.૩૫૦૦ ઉછળ્યા હતા. પ્લેટીનમના ભાવ વધી રૂ.૬૭ હજાર પાર કરી રૂ.૬૭૦૭૮ રહ્યા હતા.

# ક્રૂડતેલ ગબડી 95 ડોલરની અંદર: 18 ટકાની મંદી આવી

## ભારતમાં સાત વર્ષ પછી ઈરાનનું ક્રૂડ ઓઈલ આવી રહ્યાના નિર્દેશો

મુંબઈ, તા.09

યુદ્ધ વિરામના પગલે વિશ્વ બજારમાં આજે ક્રૂડતેલના ભાવમાં ૧૬થી ૧૮ ટકાનો કડાકો બોલાઈ ગયાના સમાચાર હતા. બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલના ૧૧૦.૭૧ વાળા ગબડી નીચામાં ભાવ ૯૧.૫૪ ડોલર થઈ ૯૧.૯૧ ડોલર રહ્યા હતા. યુએસ ક્રૂડના ભાવ ૧૧૪.૮૭ વાળા નીચામાં ભાવ ૯૧.૦૫ થઈ ૯૨.૫૪ ડોલર રહ્યા હતા.

દરમિયાન, ઈરાનથી ક્રૂડતેલ લઈને નિકળેલુ એક જહાજ ચીન તરફ રવાના થયા પછી ભારત તરફ આવ્યાના સમાચાર હતા.

આના પગલે ભારતમાં સાત વર્ષ પછી પ્રથમ વાર ઈરાનનું



ઓઈલ આવી રહ્યાનું બજારના જાણકારો જણાવી રહ્યા હતા. જોર્ડનનું ઓઈલ ટેન્કર પણ ભારત આવી રહ્યાના સમાચાર મળ્યા હતા.

તાજેતરમાં યુધ્ધના માહોલમાં વિશ્વબજારમાં ક્રૂડ તેલના ભાવ ઉછળી ઉંચામાં બેરલના ૧૨૦ ડોલરની ઉપર ગયા હતા.

જોકે હવે યુધ્ધ વિરામ નક્કી થતા ક્રૂડતેલમાં ટોચ પરથી ઝડપી ઘટાડો જોવા મળ્યો છે અને તેના પગલે ભારતમાં ક્રૂડતેલના ઈમ્પોર્ટ બિલમાં ઘટાડો થશે તથા વેપાર ખાધ પણ ઘટશે સામે કરન્સીમાં બજારમાં તેના પગલે ડોલર સામે રૂપિયો ઉંચકાશે એવી શક્યતા જાણકારો બતાવી રહ્યા હતા.

# અંતે યુદ્ધ વિરામે શેરોમાં ઉછાળા ભરી તોખાર તેજી : ક્રુડમાં 18 ટકાનો કડાકો : વિદેશી ફંડોની શેરોમાં વેચવાલી ધીમી પડી

## નિફ્ટી સ્પોટ 874 પોઈન્ટ ઉછળી 23997 : ચાર મહિનાનો સૌથી મોટો ઉછાળો : ઓટો, બેંકિંગ, કન્ઝયુમર, મેટલ, રિયાલ્ટી શેરોમાં તોફાની તેજી :FPIs/FIIની રૂ.2812 કરોડની ચોખ્ખી વેચવાલી

મુંબઈ, તા.09

ઈરાન અને અમેરિકા અંતે ૧૪ દિવસ માટે યુદ્ધ વિરામ માટે સંમત થતાં અને બન્ને દેશો વચ્ચે મંત્રણાનો દોર શુક્રવારથી શરૂ થવાના પોઝિટીવ ડેવલપમેન્ટે આજે વૈશ્વિક બજારોની સાથે ભારતીય શેર બજારોમાં રોકાણકારોને હાશકારો થયો હતો. ટ્રમ્પ જાણે માંડ માંડ યુદ્ધના દલદલમાંથી બહાર નીકળી શક્યા હોય એમ પાકિસ્તાન અને ચાઈનાની મધ્યસ્થીથી ઈરાન સાથે બે અઠવાડિયાનો યુદ્ધ વિરામ કરવા સંમત થતાં વૈશ્વિક બજારોમાં આજે ક્રુડ ઓઈલના ભાવમાં ૧૮ ટકા જેટલો કડાકો બોલાઈ જતાં અને વિશ્વની ઈંધણની કટોકટી દૂર થવાની અપેક્ષાએ આજે ભારતીય શેર બજારોમાં ફંડો, મહારથીઓ, ખેલંદાઓએ ફરી શેરોમાં લાવલાવ કરી મૂકી તેજીના ઘોડા દોડતા કર્યા હતા. વિદેશી ફંડોની આજે વેચવાલી ધીમી પડયા સાથે મોટાપાયે શોર્ટ કવરિંગ થતું જોવાયું હતું. શેરોમાં સાર્વત્રિક તોખાર તેજીના પરિણામે રોકાણકારોની સંપતિમાં ધરખમ રૂ.૧૬.૨૫ લાખ કરોડનો વિક્રમી વધારો થયો હતો. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ પણ રેપો રેટ યથાવત રાખતાં બજારને ટેકો મળ્યો હતો. પાછલા દિવસો અસાધારણ તૂટેલા ઓટોમોબાઈલ, બેંકિંગ-ફાઈનાન્સ, કેપિટલ ગુડઝ-પાવર, કન્ઝયુમર ડયુરેબલ્સ, મેટલ-માઈનીંગ, ઓઈલ-ગેસ શેરોમાં ધૂમ ખરીદી સાથે હેલ્થકેર, આઈટી, રિયાલ્ટી શેરોમાં મજબૂત તેજી થઈ હતી. સેન્સેક્સ ૨૯૪૬.૩૨ પોઈન્ટની છલાંગે ૭૭૫૬૨.૯૦ અને નિફ્ટી ૫૦ સ્પોટ ૮૭૩.૭૦ પોઈન્ટ ઉછળીને ૨૩૯૯૭.૩૫ બંધ રહ્યા હતા. જે છેલ્લા ચાર મહિનાનો સૌથી મોટો ઉછાળો જોવાયો છે.

ક્રુડ ઓઈલના ભાવો તૂટતાં અને પેટ્રોલ, ડિઝલના ભારતમાં પર્યાપ્ત પુરવઠાની સાથે હવે યુદ્ધ વિરામથી વાહનોની નિકાસ પર ફરી વધવાની અપેક્ષાએ આજે ઓટોમોબાઈલ શેરોમાં સર્વાધિક તોફાની તેજી જોવાઈ હતી. અશોક લેલેન્ડ રૂ.૧૯.૩૫ ઉછળીને રૂ.૧૭૨.૩૦, મધરસન રૂ.૯.૬૫ વધીને રૂ.૧૧૮.૦૫, ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ રૂ.૨૬.૪૦ વધીને રૂ.૩૩૫.૦૫, આઈશર મોટર્સ રૂ.૫૨૫.૦૫ વધીને રૂ.૭૧૩૩.૧૦, બોશ રૂ.૨૫૨૩.૩૫ વધીને રૂ.૩૫૯૪૨.૩૦, ઉનો મિન્ડા રૂ.૭૦.૦૫ વધીને રૂ.૧૦૯૦.૯૫, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા રૂ.૨૦૪.૧૦ વધીને રૂ.૩૨૧૦.૭૦, ટીવીએસ મોટર રૂ.૨૨૮.૭૫ વધીને રૂ.૩૬૯૭.૮૫, ભારત ફોર્જ રૂ.૧૦૯.૭૫ વધીને રૂ.૧૭૮૦.૬૦, મારૂતી સુઝુકી રૂ.૮૦૨.૭૫ વધીને રૂ.૧૩,૬૦૨.૫૫, હીરો મોટોકોર્પ રૂ.૨૩૫.૭૦ વધીને રૂ.૫૨૮૫.૯૫, એમઆરએફ રૂ.૫૮૩૧.૯૦ વધીને રૂ.૧,૩૩,૦૬૧.૦, હ્યુન્ડાઈ મોટર રૂ.૭૨.૪૦ વધીને રૂ.૧૭૭૯.૬૦ રહ્યા હતા. બીએસઈ ઓટો ઈન્ડેક્સ ૩૫૨૩.૯૫ પોઈન્ટ એટલે કે ૬.૫૫ ટકા ઉછળીને ૫૭૮૨૩.૦૬ બંધ રહ્યો હતો.

બેંકિંગ-ફાઈનાન્સ ક્ષેત્રે પણ પાછલા દિવસોમાં મોટાપાયે ધોવાણ બાદ આજે ફંડો, મહારથીઓએ ફરી મોટી ખરીદી કરી તોફાની તેજી લાવી હતી. એયુ સ્મોલ બેંક રૂ.૭૯.૯૦ વધીને રૂ.૯૬૭.૪૦, યુનિયન બેંક ઓફ ઈન્ડિયા રૂ.૧૩.૯૦ વધીને રૂ.૧૮૫.૭૦, આઈડીએફસી ફર્સ્ટ બેંક રૂ.૪.૬૭ વધીને રૂ.૬૫.૯૦, કેનેરા બેંક રૂ.૯.૬૫ વધીને રૂ.૧૩૯.૧૫, બેંક ઓફ બરોડા રૂ.૧૭.૯૫ વધીને રૂ.૨૭૬, ઈન્ડસઈન્ડ બેંક રૂ.૫૨.૧૦ વધીને રૂ.૮૩૫.૮૦, એક્સિસ બેંક રૂ.૮૨.૧૦ વધીને રૂ.૧૩૩૨.૮૦, પીએનબી રૂ.૬.૬૦ વધીને રૂ.૧૧૧.૧૫, એચડીએફસી બેંક રૂ.૪૪.૦૪ વધીને રૂ.૮૧૬.૧૦, આઈસીઆઈસીઆઈ બેંક રૂ.૬૩.૦૫ વધીને રૂ.૧૩૦૯.૨૫, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા રૂ.૩૦.૮૦ વધીને રૂ.૧૦૬૧.૧૦ રહ્યા હતા. બીએસઈ બેંકેક્સ ઈન્ડેક્સ ૩૩૯૩.૩૫ પોઈન્ટ ઉછળીને ૬૨૭૦૧.૬૮ બંધ રહ્યો હતો.

કન્ઝયુમર ડયુરેબલ્સ શેરોમાં પણ ફંડોએ આજે આક્રમક ખરીદી કરતાં તોફાની ઉછાળો આવ્યો હતો. પીજી ઈલેક્ટ્રો રૂ.૪૧.૭૦ વધીને રૂ.૪૮૨.૩૦, અંબર એન્ટરપ્રાઈસીઝ રૂ.૫૦૭.૦૫ વધીને રૂ.૬૯૪૧.૦૫, કલ્યાણ જ્વેલર્સ રૂ.૩૧.૧૦ વધીને રૂ.૪૪૫.૪૦, ટાઈટન કંપની રૂ.૨૬૧.૬૦ વધીને રૂ.૪૪૯૨.૩૦, ડિક્સન ટેકનોલોજી રૂ.૫૨૭.૫૦ વધીને રૂ.૧૦૬૪૫, બ્લુ સ્ટાર રૂ.૭૯.૧૦ વધીને રૂ.૧૬૧૯.૦૫, એશીયન પેઈન્ટ રૂ.૯૭.૫૦ વધીને રૂ.૨૨૮૫.૧૦, ક્રોમ્પ્ટન રૂ.૧૧.૭૫ વધીને રૂ.૨૪૬.૧૫ રહ્યા હતા. બીએસઈ કન્ઝયુમર ડયુરેબલ્સ ઈન્ડેક્સ ૨૮૦૬.૬૧ પોઈન્ટ એટલે કે ૫.૧૫ ટકા ઉછળીને ૫૭૨૫૭.૭૮ બંધ રહ્યો હતો. રિયલ એસ્ટેટ ક્ષેત્રે પણ હવે યુદ્ધ વિરામ બાદ ઘણી કંપનીઓ માટે પ્રોજેક્ટ ડેવલપમેન્ટની નવી બિઝનેસ તકો ખુલવાની અને ભારતમાં પણ ગલ્ફ દેશોમાં વસવાટ કરનારાઓની પ્રોપર્ટી ખરીદી વધવાની અપેક્ષાએ આજે રિયાલ્ટી શેરોમાં ફંડોએ જંગી ખરીદી કરી હતી. લોઢા ડેવલપર્સ રૂ.૬૦.૯૦ વધીને રૂ.૭૭૯.૨૦, પ્રેસ્ટિજ એસ્ટેટ રૂ.૯૯.૩૫ વધીને રૂ.૧૩૨૧.૯૦, ડીએલએફ રૂ.૩૯.૫૦ વધીને રૂ.૫૭૩.૨૫, ફિનિક્સ રૂ.૧૧૭.૦૫ વધીને રૂ.૧૭૧૧.૯૦, ગોદરેજ પ્રોપર્ટી રૂ.૯૭ વધીને રૂ.૧૭૦૨.૫૫, અનંત રાજ રૂ.૨૫.૩૦ વધીને રૂ.૪૮૪.૮૦, શોભા ડેવલપર્સ રૂ.૬૧.૩૦ વધીને રૂ.૧૨૯૧.૫૦, ઓબેરોય રિયાલ્ટી રૂ.૭૫.૫૫ વધીને રૂ.૧૬૩૫.૭૫ રહ્યા હતા. બીએસઈ રિયાલ્ટી ઈન્ડેક્સ ૩૬૬.૮૮ પોઈન્ટ એટલે કે ૬.૭૬ ટકા ઉછળીને ૫૭૯૪.૮૫ બંધ રહ્યો હતો. પાવર-કેપિટલ ગુડઝ શેરોમાં પણ ફંડોએ આજે આક્રમક ખરીદી કરી હતી. આઈનોક્સ વિન્ડ રૂ.૫.૫૧ ઉછળીને રૂ.૮૬.૫૪, સુઝલોન રૂ.૨.૭૨ વધીને રૂ.૪૪.૨૫, કેઈઆઈ રૂ.૨૬૭.૩૫ વધીને રૂ.૪૫૦૪.૭૫, જ્યોતી સીએનસી રૂ.૪૪ વધીને રૂ.૮૧૦.૩૫, પોલીકેબ રૂ.૩૭૧.૨૦ વધીને રૂ.૭૬૦૧.૧૫, કિર્લોસ્કર એન્જિન રૂ.૭૦.૦૫ વધીને રૂ.૧૪૬૫.૪૫, સિમેન્સ રૂ.૧૫૩.૫૦ વધીને રૂ.૩૨૨૭.૬૦, ભેલ રૂ.૧૨.૩૦ વધીને રૂ.૨૬૫.૮૦, ટીમકેન રૂ.૧૫૮.૯૫ વધીને રૂ.૩૪૪૧.૮૫ રહ્યા હતા. બીએસઈ કેપિટલ ગુડઝ ઈન્ડેક્સ ૨૦૬૦.૧૬ પોઈન્ટ વધીને ૬૯૪૪૨.૪૨ બંધ રહ્યો હતો.

ઈન્ફ્રાસ્ટ્રકચર ક્ષેત્રે દેશ-વિદેશમાં મોટી બિઝનેસ તકો અને ઈરાન યુદ્ધના વિરામ બાદ ફરી ગલ્ફ દેશોમાં ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટો માટે સ્ટીલ, સિમેન્ટની મોટી માંગ નીકળવાની અપેક્ષાએ આજે સ્ટીલ, મેટલ-માઈનીંગ શેરોમાં આક્રમક ખરીદી થઈ હતી.

# ઝારખંડથી ફ્લાઈટમાં IPL જોવા નહીં, ફોન ચોરવા આવ્યા: મેચની ઓડિયન્સને ટાર્ગેટ કરી મોબાઈલ ચોરતી ટોળકીને અમદાવાદ પોલીસે ઝડપીપાડી હતી

**અમદાવાદ, તા.09**

અમદાવાદમાં ઝોન-3 DCPના સ્કોડે મોબાઈલ ચોરી કરતી હાઈટેક ગેંગ ઝડપી પાડી છે. આ ગેંગ અલગ-અલગ રાજ્યોમાં ભીડભાડની જગ્યાએ મોબાઈલ ચોરી કરે છે. અમદાવાદમાં IPL ની મેચમાં સ્પેશિયલ ચોરી કરવા બે ચોર ફ્લાઈટમાં ઝારખંડથી અમદાવાદ આવ્યા હતા. આરોપીઓ પાસેથી 21 ચોરીના મોબાઈલ પણ મળી આવ્યા છે.

ઝોન-3 DCP રૂપલ સોલંકીના LCB સ્કોડના PSI વી.એચ રાઠોડની ટીમે બાતમીના આધાર કાલુપુર રેલવે સ્ટેશન પાસેથી રઘુ મહતો અને વિક્રમ મહતો નામના બે આરોપીઓની ધરપકડ કરી હતી. આરોપીઓ પાસેથી 21 મોબાઈલ ફોન મળી આવ્યા હતા.આ સાથે આધાર કાર્ડ, એરલાઈન્સની ટિકિટ સહિતનો મુદ્દામાલ પણ મળી આવ્યો હતો.

વધુમાં તેઓએ જણાવ્યું કે, રઘુ છે એ આ અમિત મોહંતીનો બ્રધર છે. રઘુ બધાને ઓપરેટ કરીને અહીંયા લાવેલો હતો. લાસ્ટ ટાઈમ જ્યારે તે ચોરી કરવા આવ્યો ત્યારે તેને પોલીસની આવવાની ખબર પડી જતા તે ફરાર થઈ ગયો હતો. ત્યારથી અમે આ રઘુને ટ્રેસ કરતા હતા અને અત્યારે આ રઘુને 21 ચોરીના ફોન સાથે પકડવામાં સફળતા મળી છે.

આ લોકો ઓઢવના એક એરિયામાંથી આપણને મળ્યા અને આ બંને આ વખતે ફ્લાઈટમાં આવેલા છે. ઝારખંડથી પર્ટીક્યુલર ચોરી કરવા માટે ફ્લાઈટ કરીને આવેલા. આ લોકોની સાથે હજી એક ટેણિયો છે કે જે હજી ગુમ છે એ હજી આપણને મળ્યો નથી, ઓમકાર કરીને એનું નામ છે. બેંગ્લોરમાં જે આઈપીએલ થઈ અને અમદાવાદમાં 4 તારીખે આઈપીએલ થઈ એની પહેલા બેંગ્લોરમાં જે આઈપીએલ થઈ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં એની બહારથી એમણે બે ફોન લીધેલા હતા અને આપણી જે 4 તારીખે આઈપીએલ થઈ ત્યારે પણ એમણે અહીંયાથી બે ફોન લીધેલા છે.

એ લોકો જ્યારે આવે છે ત્યારે આ રીતે મોટી માત્રામાં અલગ-અલગ જગ્યાએથી ફોન ચોરી કરી પોતાના ગામ જતા રહે છે પાછા અને ત્યાં જઈને એ લોકો વેચે છે. ઘણીવાર બોમ્બે જઈને પણ વેચે છે, સસ્તા ભાવે ફોન વેચી દે છે. વાત એ છે કે આ લોકો જ્યારે ફોન સ્નેચ કરે છે કે ચોરી કરે છે કોઈપણ જગ્યાએથી પછી એને સિલ્વર ફોઈલની અંદર બંધ કરીને ફોન મૂકી દે છે. એવું માને છે કે સિગ્નલ મળતા નથી એના કારણે એટલે કોઈ ફોન ટ્રાય કરે તો કોઈનો ફોન લાગે નહીં અને લોકેશન ટ્રેસ થાય નહીં. ફોન ચોરી કર્યા પછી ઘણા લોકો એવું કરતા હોય છે કે પોતાના ફોનને અનલોક જ રાખતા હોય છે.



તો આ લોકોએ મહેસાણાની અંદર બે ફોન ચોર્યા હતા. આ જે 21 ફોન ચોરાયા છે એમાં બેંગ્લોર IPLમાં, અમદાવાદ IPLમાં ચોર્યા છે, આણંદ જિલ્લામાંથી ચોર્યા છે, મહેસાણાથી ચોર્યા છે, અડાલજથી ચોર્યા છે એમ અલગ અલગ અનેક જગ્યાઓએથી એમને ચોર્યા છે, કાલુપુર રેલવે સ્ટેશનથી પણ ચોર્યા છે. મોટા ભાગે ભીડભાડ વાળી જગ્યાઓ જે ખૂબ હોય ત્યાં જ એ લોકો ટ્રાય કરે છે પર્ટીક્યુલરલી IPLના કિસ્સામાં મેટ્રો સ્ટેશનથી ગેટ નંબર-1વાળો જે એકદમ ભીડવાળો એરિયા હોય છે જ્યાં મેટ્રોમાંથી એકસાથે માણસો ઉતરે અને પછી કોઈને ખબર ના પડે એ રીતે ચોરવામાં સરળતા ના રહે એવા એરિયા આ લોકો ખાસ પસંદ કરે છે. ગીતામંદિર બસ સ્ટેન્ડ છે આવા એરિયા પણ એ લોકો ખાસ પસંદ કરે છે.

આવી ચોરી થઈ જાય અને મોટી માત્રામાં ફોન ભેગા થઈ જાય પછી જગ્યા છોડી દેવાની. જ્યાં સુધી ગુજરાતમાં પણ જ્યાં જ્યાં ફરવું હોય જ્યાં જ્યાંથી ફોન કલેક્ટ કરવા હોય કરી લીધા પછી ભાગી જવાનું. મહેસાણામાંથી જે બે ફોન ચોરી કર્યા એ ફોન અનલોક હતા એટલે એમણે તરત જ એના ઉપર ગૂગલ પેની એપ ડાઉનલોડ કરી અને કેમકે સીમ અંદર હતું અને ફોન નંબર ચાલુ હતો એટલે SMSથી ઓટીપી પણ તરત મળી જાય એટલે એમણે સાયબર ક્રાઈમનો ઓફેન્સ પણ કરી લીધો અને એમાંથી એમણે પૈસા પણ ટ્રાન્સફર કરીને લઈ લીધા જે-તે વ્યક્તિના એકાઉન્ટમાંથી.

આ પ્રકારની આ ગેંગ છે અને અત્યારે જે આપણે આના આધારે જે ઓફેન્સ રજીસ્ટર કર્યા છે એ ટોટલ 12 ઓફેન્સ રજીસ્ટર કર્યા છે. 8થી 9 ફોન એવા છે કે જે ફોન હજી એકદમ સદંતર અનલોક કન્ડિશનમાં છે, જેમાં એના ઓનરની ખબર હાલ પડી રહી નથી એટલે એના ઓફેન્સ રજીસ્ટર કરવાની પ્રક્રિયા ચાલુ છે. હાલ જે રજીસ્ટર કર્યા છે એમાં ચાંદખેડા, મહેસાણા, અડાલજ, આણંદ ટાઉન, સેટેલાઈટ પોલીસ સ્ટેશન, બેંગ્લોર સિટી, કર્ણાટક, કાલુપુર રેલવે સ્ટેશન આવા અલગ-અલગ જગ્યાના ફોન આ લોકોએ ચોરી કરેલા છે. નાની એમાઉન્ટ છે 4-5 હજાર જેવી એમાઉન્ટ છે પણ બંનેના ફોનમાંથી ટ્રાન્સફર કર્યા છે. આ જે ગેંગ છે મહારાજપુર કરીને મહારાજપુર બજાર પંચાયત કલ્યાણી નાયતુલા કરીને છે થાના અંચલ તાલઝારી લાગે, જિલ્લો સાહેબગંજ ઝારખંડનું આ પ્લેસ છે એટલે આ જે નાયતુલા કરીને પ્લેસ છે એની આસપાસના નાના-નાના ગામડાઓના છે આ લોકો અને એમનું એવું કહેવું છે કે, અહીંથી ફોન લઈ જઈ અને ત્યાં આગળ કોઈ એમને ત્યાં જેમ આપણે અહીંયા રવિવારી બજાર ભરાય છે એવી રીતના ત્યાં ગુજરી ભરાય છે

ગુજરીની અંદર એ લોકો ફોન સસ્તા ભાવે આપી દે છે. આપણને ટ્રેસ એટલા માટે નથી થતા કારણ કે એ લોકો એની અંદર કોઈ સીમ નથી ચડાવતા જે ફોન રેડી અવેલેબલ વેચાઈ જાય છે કોઈને અને એમાં સીમ ચડે છે તો આપણને કદાચ એ ફોન મળવાની શક્યતા રહે પણ એના પાર્ટ જુદા કરી અને વેચી દે છે એટલા માટે એ ફોન ઈઝીલી ટ્રેસ થતા નથી.

એ છોકરાઓને સિમ્પલ શીખવાડ્યું છે જેમ કે કોઈ એક બસ આવે છે અને 25-30 જણને એક સાથે ચડવું છે એટલે માણસનું ચડવામાં ધ્યાન હોય. પછી ભીડભાડ વાળો એરિયા જેમ કે આઈપીએલ હોય એ વખતે મેટ્રો સ્ટેશનમાં એક સાથે 100-200 લોકો ઉતરે બધાના હાથમાં બચ્ચાઓ છે કેમકે મેચ જોવા આવ્યા હોય એટલે પોતાના બાળકો કે ઉંમર લાયક માણસોને પણ સાથે લઈને આવ્યા હોય એટલે માણસે પોતાનો ફોન આગળના કિસ્સામાં મૂક્યો હોય પાછળના કિસ્સામાં મૂક્યો હોય ઈઝીલી જ્યાંથી કાઢી શકાય અને વ્યક્તિને ખબર ના પડે એ રીતે લઈ લેવાના.


બીજું કે ચોરીને અંજામ આપવામાં પણ ત્રણ લેયર રાખે છે એક ચોરનાર વ્યક્તિ છે જે ફોન ખેંચે છે એક એની નજીક વ્યક્તિ ઉભો રહે છે એને આપી દે છે અને એ પાછો એનાથી દૂર 100 મીટર 200 મીટર દૂર વ્યક્તિ બેઠેલી છે એને આપી દે છે એટલે કદાચ આપણને એવી ખબર પડી જાય કે, આ ટેણિયાએ ફોન લીધો છે પણ તમે તેને સર્ચ કરો તો તમને ફોન મળે નહીં.

## જાહેરમાં દારૂની મહેફિલ માણતા બે યુવકો પકડ્યા: નોબલનગરમાં જાહેર રોડ ઉપર ચાર શખ્સોએ દારૂના ગ્લાસ ભર્યા, સ્થાનિકે વીડિયો બનાવી વાઇરલ કરતા પોલીસ દોડતી થઇ

**અમદાવાદ, તા.09**

અમદાવાદના એરપોર્ટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નોબલનગરથી ભદ્રેશ્વર તરફ જવાના જાહેર રોડ પર દારૂની મહેફિલ માણતા યુવકોનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો હતો. આ ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ પીઆઈ એ.ડી. ચાવડાના માર્ગદર્શન હેઠળ પોલીસે ત્વરિત તપાસ હાથ ધરી બે આરોપીઓને ઝડપી પાડ્યા છે. અંધારાનો લાભ લઈ જાહેરમાં દારૂ પીતા આ શખ્સોને સ્થાનિક નાગરિકે કેમેરામાં કેદ કરી લેતા સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો.

ઘટનાની વિગત મુજબ, નોબલનગર ચાર રસ્તાથી ભદ્રેશ્વર તરફ જવાના માર્ગ પર એરપોર્ટની દિવાલ પાસે આવેલી ખુલ્લી જગ્યામાં ત્રણથી ચાર લોકો ગાડી ઉભી રાખીને દારૂના ગ્લાસ ભરીને બેઠા હતા. આ સમયે ત્યાંથી પસાર થતા એક જાગૃત નાગરિકે તેમનો વીડિયો ઉતારવાનું શરૂ કર્યું હતું. જ્યારે તે વ્યક્તિએ તેમને પૂછપરછ કરી, ત્યારે આ શખ્સો પોતાના મોઢા સંતાડીને દારૂના ગ્લાસ સાથે ત્યાંથી ભાગતા



વીડિયોમાં કેદ થયા હતા.

આ વીડિયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વાઈરલ થતા જ પોલીસ હરકતમાં આવી હતી. એરપોર્ટ પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમે વીડિયો ફૂટેજ અને ટેકનિકલ સોર્સના આધારે તપાસ હાથ ધરી હતી. રાત્રિના સમયે જાહેરમાં નશો કરી કાયદાનું ઉલ્લંઘન કરનારા બે યુવકોને ઓળખી કાઢી તેમની અટકાયત કરવામાં આવી છે.

પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી અન્ય સંડોવાયેલા વ્યક્તિઓની શોધખોળ શરૂ કરી છે. જાહેરમાં દારૂબંધીના કાયદાનો ભંગ કરનારા તત્વો સામે દાખલારૂપ કામગીરી કરી એરપોર્ટ પોલીસે સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે સોશિયલ મીડિયા પર મળતી આવી ફરિયાદો સામે ત્વરિત પગલાં લેવામાં આવશે.

## રામોલ-હાથીજણ વોર્ડમાં કોંગ્રેસની પેનલ ફાઈનલ? બે નામ જાહેર થયા બાદ વધુ બેને 'ફોન' ચૂંટણી લડવાનો

**અમદાવાદ, તા.09**

સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ટિકિટ ફાળવણીના અંતિમ તબક્કે અમદાવાદના રામોલ-હાથીજણ વોર્ડમાં કોંગ્રેસની પેનલને લઈને મોટું સસ્પેન્સ સર્જાયું છે. અગાઉ બે નામ જાહેર થયા બાદ હવે વધુ બે ઉમેદવારોને પક્ષ તરફથી તૈયારી કરી લેવા સૂચના મળતા આ વોર્ડમાં કોંગ્રેસની ચાર ઉમેદવારોની પેનલ ફાઈનલ માનવામાં આવી રહી છે.

કોંગ્રેસ દ્વારા ગત 5 એપ્રિલના રોજ જાહેર કરવામાં આવેલી 293 ઉમેદવારોની પ્રથમ યાદીમાં રામોલ-હાથીજણ વોર્ડ માટે બે ઉમેદવારોના નામ સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યા હતા:

રમીઝ રાજા શેખ, પદમાબેન પરમાર જોકે, ગઈકાલે રાત્રે સમીકરણો બદલાયા હોય તેમ જણાય છે. કોંગ્રેસ શહેર સમિતિ દ્વારા વધુ બે નામોને ટેલિફોનિક જાણ કરીને ચૂંટણી લડવા નારાયણ ભરવાડ (NSUI નેતા), બીનાબેન મોદી તૈયાર રહેવા જણાવાયું છે.

રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા હતી કે અગાઉ જાહેર થયેલા બે ઉમેદવારોના નામ કપાઈ શકે છે. પરંતુ અત્યાર સુધી પક્ષ દ્વારા નામ કાપવા અંગે કોઈ સત્તાવાર સ્પષ્ટતા કે જાણ કરવામાં આવી નથી. આ સંજોગોમાં, હાલના તબક્કે આ ચારેય ઉમેદવારોની પેનલ ફાઈનલ થઈ હોવાનું ચિત્ર સ્પષ્ટ થઈ રહ્યું છે.

ટૂંકમાં: સત્તાવાર યાદીમાં 2 નામ હતા, પણ ફોન પર બીજા 2 ઉમેદવારોને લીલી ઝંડી મળતા હવે ચારની પેનલ સેટ થઈ હોવાનું મનાય છે. પક્ષના સત્તાવાર એલાન બાદ જ તમામ અટકળોનો અંત આવશે.

## ગુજરાત યુનિ.માં નોન ટીચિંગ સ્ટાફની બીજી પરીક્ષાની તારીખ જાહેર: 29-30 એપ્રિલેના લેખિત પરીક્ષા લેવાશે, 54 કે તેથી વધુ માર્કસના ઉમેદવારો એક્ઝામ આપી શકશે....

**અમદાવાદ, તા.09**

ગુજરાત યુનિવર્સિટી દ્વારા નોન ટીચિંગ સ્ટાફની ભરતી જાહેર કરવામાં આવી હતી, જેમાં 130 જગ્યાઓ માટે હજારો વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. જે બાદ ઉમેદવારોની બે તકબક્કામાં પરીક્ષા લેવામાં આવી હતી. જેનું પરિણામ પણ જાહેર કરવામાં આવ્યું છે. જો કે હવે બીજી પરીક્ષાની તારીખ પણ જાહેર કરવામાં આવી છે. આગામી 29 અને 30 એપ્રિલના રોજ પહેલી પરીક્ષામાં 54 કે તેથી વધુ માર્ક્સ આવેલા હોય તેવા ઉમેદવારો બીજી લેખિત પરીક્ષા આપી શકશે. જેના માટે ગુજરાત યુનિવર્સિટીએ વિગતવાર કાર્યક્રમ પણ જાહેર કર્યો છે. ગુજરાત યુનિવર્સિટીમાં દ્વારા



સિનિયર ક્લાર્ક, જુનિયર ક્લાર્ક સહિતના 36 અલગ અલગ વિભાગોમાં નોન ટીચિંગ સ્ટાફની ભરતી ચાલી રહી છે. જેમાં ક્લાસ 1 અને ક્લાસ 2ની 17 પોસ્ટ અને સિનિયર ક્લાર્કની 80 પોસ્ટ સહિત 130 જગ્યા માટે 6 હજાર જેટલા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. જેનું પરિણામ જાહેર થયા બાદ હવે 29 અને 30 એપ્રિલના રોજ બીજી લેખિત પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પહેલી પરીક્ષામાં 54 કે તેથી વધુ માર્ક્સ આવ્યા હશે તેવા ઉમેદવારો જ પરીક્ષા આપી શકશે. જે બાદ બીજી પરીક્ષાની પરિણામ આવ્યા બાદ મેરીટના આધારે ઉમેદવારોની પસંદગી પ્રક્રિયા કરવામાં આવશે.

જો દ્વિતીય અને અંતિમ પરીક્ષામાં એક કરતાં વધુ વિદ્યાર્થીઓના મેળવેલ ગુણ સરખા હશે તો પ્રથમ પરીક્ષામાં જેના ગુણ વધુ હશે તેને પસંદગીમાં અગ્રતા અપાશે. પ્રથમ પરીક્ષામાં પણ સરખા ગુણ હશે તો સ્નાતક કક્ષાના છેલ્લા વર્ષ/ છેલ્લા બે સેમેસ્ટરના જે-તે યુનિવર્સિટીની બાહ્ય પરીક્ષાના ગુણની ટકાવારી જેની વધુ હશે તેને અગ્રતા અપાશે.

## RTE હેઠળ પ્રવેશને લઈ વાલીઓ માટે હેલ્પ ડેસ્ક શરૂ: હેલ્પ લાઈન નંબર પરથી પણ માર્ગદર્શન, દરોજ 100 વાલીઓની સમસ્યાનું નિરાકરણ

**અમદાવાદ, તા.09**

રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત વર્ષ 2026- 27 માટે સ્વનિર્ભર શાળાઓની 25 ટકા બેઠક વિદ્યાર્થીઓને પ્રવેશ માટેની રજીસ્ટ્રેશન પ્રક્રિયા ચાલી રહી છે. જે માટે 17 એપ્રિલ સુધી ફોર્મ ભરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. સામાન્ય અને મધ્યમ વર્ગના વાલીઓ પોતાના બાળકોને RTE હેઠળ એડમિશન અપાવવા માટે રજીસ્ટ્રેશન કરાવી રહ્યા છે.

જેથી ફોર્મ ભરતા સમયે વાલીઓને કોઈ હાલાકી ન પડે તે માટે અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ખાતે હેલ્પ ડેસ્ક શરૂ કરવામાં આવ્યું છે. જ્યાં



મોટી સંખ્યામાં વાલીઓનો ઘસારો જોવા મળી રહ્યો છે. માર્ગદર્શન આપવા માટે DEO કચેરીની ટીમ અને શિક્ષકોને રાખવામાં આવ્યા છે. અમદાવાદ શહેરની 1,343 સ્વનિર્ભર શાળાઓમાં 25 ટકા જેટલી સીટ પર એટલે કે 14,177 બેઠક પર RTE હેઠળ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. RTE હેઠળ પ્રવેશ માટે 6 લાખની આવક મર્યાદા નક્કી કરવામાં આવી છે. જેથી 6 લાખથી ઓછી આવક ધરાવતા વાલીઓના બાળકોને RTE હેઠળ પ્રવેશ આપવામાં આવતો હોય છે. જે બાળકો સ્વનિર્ભર શાળામાં ધોરણ 1થી 8 સુધી મફત શિક્ષણ લઈ શકે છે. જેથી મોટી સંખ્યામાં વાલીઓ પોતાના બાળકોને RTE હેઠળ પ્રવેશ અપાવવા માટે મોટી સંખ્યામાં રજીસ્ટ્રેશન કરાવી રહ્યા છે. વાલીઓએ ઓનલાઈન ફોર્મ ભરવાનું હોવાથી ઘણી વખત તેમાં અનેક ખામીઓ રહી જતી હોય છે. જે હાલાકી ન પડે તે માટે હેલ્પ ડેસ્ક શરૂ કરવામાં આવ્યું છે.

## સુરતમાં મુસ્લિમ પરિવારને બંગલામાં રહેતા અટકાવ્યા: અશાંત ધારા અંતર્ગત મંજૂરી મેળવી છતાં સોસયટી NOC માંગીને રોકતી હોવાની ફરિયાદ, હાઈકોર્ટે CPને સુરક્ષા અંગે નિર્ણય લેવા જણાવ્યું

**અમદાવાદ, તા.09**

સુરતના એક મુસ્લિમ શિક્ષિકાએ તેમના પરિવારને નવા ખરીદેલા બંગલામાં રહેવા જતા સોસાયટીના સભ્યો દ્વારા રોકવામાં આવ્યા બાદ, પોલીસ સુરક્ષાની માંગ સાથે ગુજરાત હાઈકોર્ટના દ્વાર ખખડાવ્યા છે. કથિત રીતે સોસાયટીના સભ્યોએ 'નો ઓબ્જેક્શન સર્ટિફિકેટ (NOC) ન મેળવ્યું હોવાના બહાને અને તેમના ધર્મના આધારે તેમને પ્રવેશતા અટકાવ્યા હતા. પરિવારે અગાઉ પોલીસ સુરક્ષા માંગી હતી, પરંતુ સુરત પોલીસે તેને કાર્યવાહી માટે યોગ્ય કેસ ગણ્યો ન હતો. ત્યારબાદ પરિવારે હાઈકોર્ટમાં અરજી કરી હતી. જેણે હવે આ મામલે હસ્તક્ષેપ કર્યો છે અને સુરત પોલીસ કમિશનરને આદેશ આપ્યો છે કે તેઓ ચાર અઠવાડિયાની અંદર પરિવારની સુરક્ષાની વિનંતી પર વિચાર કરે, જેથી તેઓ તેમના નવા ઘરમાં રહી શકે. એક ખાનગી શાળાની શિક્ષિકા દ્વારા સપ્ટેમ્બર 2025માં સુરતના રાંદેર વિસ્તારમાં આવેલી એક કો-ઓપરેટિવ હાઉસિંગ સોસાયટીમાં બંગલા



નંબર 80 એક લઘુમતી સમુદાયના માલિક પાસેથી ખરીદ્યો હતો. આ વિસ્તારમાં સરકારે 'ડિસ્ટર્બ્ડ એરિયા એક્ટ' લાગુ કરેલો હોવાથી, એપ્રિલ 2025માં સરકારની ફરજિયાત પૂર્વ મંજૂરી મેળવ્યા બાદ જ વેચાણ દસ્તાવેજ કરવામાં આવ્યો હતો. 18 સપ્ટેમ્બર, 2025ના રોજ જ્યારે અરજદાર પરિવાર ઘરમાં રહેવા માટે ગયો, ત્યારે સોસાયટીના અન્ય રહેવાસીઓએ કથિત રીતે એકઠા થઈને તેમને પ્રવેશતા રોક્યા હતા. તેમણે વાંધો ઉઠાવ્યો હતો કે સોસાયટીની NOC વિના લઘુમતી ધર્મનો પરિવાર ત્યાં રહી શકે નહીં. આ સોસાયટીમાં કુલ 84 બંગલા છે, જેમાંથી 20માં ખ્રિસ્તી પરિવારો, 8માં મુસ્લિમ પરિવારો અને બાકીનામાં હિન્દુ પરિવારો રહે છે.

આ વિવાદ રાંદેર પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો, જ્યાં અરજદારના પતિએ પોલીસ સુરક્ષાની માંગ કરી હતી. ચાર દિવસ પછી, એક આસિસ્ટન્ટ સબ-ઈન્સ્પેક્ટરે સોસાયટીના પ્રમુખનું નિવેદન નોંધીને રિપોર્ટ સબમિટ કર્યો હતો. પ્રમુખે જણાવ્યું હતું કે સોસાયટીની NOC વિના ઘર વેચી કે ભાડે આપી શકાય નહીં. પોલીસ અધિકારીએ એવી દલીલ સાથે અરજી બંધ કરવાની ભલામણ કરી હતી કે રહેવાસીઓ અને અરજદાર પરિવાર વચ્ચે કોઈ ઝઘડો થયો નથી, તેથી પોલીસ સુરક્ષાની જરૂર નથી. 0અરજદારે હાઈકોર્ટમાં અરજી દાખલ કરીને જણાવ્યું હતું કે, સોસાયટીના સભ્યો તરફથી તેમના પરિવારની સુરક્ષાને ખતરો છે. તેમણે દલીલ કરી હતી કે અશાંત ધારા હેઠળ સરકારની મંજૂરી મેળવીને મિલકત કાયદેસર રીતે ખરીદવામાં આવી હોવાથી તેમને ત્યાં રહેવાનો સંપૂર્ણ અધિકાર છે. ગુજરાત હાઈકોરે નોંધ્યું હતું કે અરજદારે ગુજરાત અશાંત ધારા હેઠળ મંજૂરી મેળવી છે અને તેમના પક્ષમાં વેચાણ દસ્તાવેજ પણ કરવામાં આવ્યો છે.


ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599





